# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 66 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ચૈત્ર સુદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 20 March 2026, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૨૦ માર્ચ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




# સુરતના કાપોદ્રામાં એમ્બ્રોઈડરીના કારખાનામાં ગૅસ સિલિન્ડર વિસ્ફોટથી બેનાં મોત, નવ ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના કાપોદ્રા વિસ્તારમાં વહેલી સવારે દુર્ઘટના સર્જાઈ હતી. રચના સર્કલ પાસે આવેલા ભરતનગરમાં કારખાનાની અંદર રહેલા બે ગૅસ સિલિન્ડર બ્લાસ્ટ થયા હતા. જેમાં બે વ્યક્તિનાં મોત થયા હતા, જ્યારે નવ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

ફાયરની ટીમે જીવના જોખમે કુલ ૧૧ વ્યક્તિને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. રેસ્ક્યૂ કરાયેલા લોકોમાંથી બે વ્યક્તિના કરુણ મોત નિપજ્યા છે, જ્યારે બાકીના નવ લોકોને સામાન્યથી મધ્યમ પ્રકારની ઇજાઓ પહોંચતા તાત્કાલિક હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

ફાયર વિભાગને કોલ મળતાં જ ચાર ફાયર સ્ટેશનની ગાડીઓ રવાના થઈ હતી. ટીમ પહોંચે તે પહેલા ઈમારતમાં રહેતા એલપીજી સિલિન્ડરમાં વિસ્ફોટ થયો હતો જેના કારણે આગે વિકરાળ રૂપ ધારણ કર્યું હતું. તપાસ દરમિયાન ઘટનાસ્થળેથી આઠ સિલિન્ડર મળી આવ્યા હતા, જેમાંથી બે સિલિન્ડકર ફાટ્યા હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું. બાકીના છ સિલિન્ડર સહી સલામત બહાર કાઢવામાં આવ્યા હતા.

આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો અને પોલીસ વિભાગ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# આતંકવાદના કેસની ટ્રાયલ માટે કેન્દ્ર સરકારે અમદાવાદને આપી સ્પેશ્યલ એનએઆઈ કોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ મંત્રાલયએ રાષ્ટ્રીય તપાસ એજન્સી દ્વારા તપાસ કરાયેલા કેસોની વિશિષ્ટ સુનાવણી માટે અમદાવાદમાં એક ખાસ કોર્ટ નિયુક્ત કરી છે, તેવી માહિતી સત્તાવાર યાદી દ્વારા મળી હતી.

જાહેરાત મુજબ, અમદાવાદની સિટી સિવિલ કોર્ટના એડિશનલ પ્રિન્સિપલ જજની કોર્ટને રાષ્ટ્રીય તપાસ એજન્સી અધિનિયમ, ૨૦૦૮ની કલમ ૧૧ હેઠળ વિશેષ કોર્ટ તરીકે સૂચિત કરવામાં આવી છે. કેન્દ્રએ ગુજરાત હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને ગુજરાત સરકાર સાથે પરામર્શ કરીને આ જાહેરનામું બહાર પાડ્યું છે. જાહેરનામામાં વધુમાં જણાવાયું છે કે નિયુક્ત એનઆઈએ સ્પેશિયલ કોર્ટનું અધિકારક્ષેત્ર સમગ્ર ગુજરાત રાજ્યમાં વિસ્તરશે.આ નિર્ણય ભારતની સુપ્રીમ કોર્ટના તાજેતરના નિર્દેશોના પગલે લેવામાં આવ્યો છે, જેણે ફેબ્રુઆરીમાં ગુજરાત સહિત ૧૭ રાજ્યને નોટિસ ફટકારી હતી, જેમાં ઓછામાં ઓછા ૧૦ એનઆઈએ કેસ પેન્ડિંગ હોય ત્યાં વિશિષ્ટ અદાલતો સ્થાપવા જણાવ્યું હતું. સુપ્રીમ કોર્ટે આતંકવાદ સંબંધિત કેસોના નિકાલમાં વિલંબ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને વિશેષ ન્યાયિક માળખાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આ નવીનતમ પગલું કેસની પેન્ડન્સી ઘટાડવામાં અને રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલા આતંકવાદી ષડ્યંત્રના કેસો અને સંગઠિત ગુના સહિત સંવેદનશીલ બાબતોમાં ઝડપી ટ્રાયલ સુનિશ્ચિત કરવામાં મદદ કરશે તેવી અપેક્ષા છે. તાજેતરની સુનાવણી દરમિયાન, અલ-કાયદા ગુજરાત આતંકવાદી ષડ્યંત્ર કેસને એક ઉદાહરણ તરીકે ટાંકવામાં આવ્યો હતો, જ્યાં વિલંબથી ન્યાયિક બાબતોનો મુદ્દો ઉજાગર થયો હતો.

કેન્દ્રએ આવી અદાલતો માટે નાણાકીય સહાયની પણ ખાતરી આપી છે. ગૃહ મંત્રાલય માળખાગત સુવિધાઓ માટે ₹ એક કરોડ અને રિકરિંગ ખર્ચ માટે દર વર્ષે ₹ એક કરોડની એક વખતની ગ્રાન્ટ આપશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. ■

# એક વર્ષમાં ગિફ્ટ સિટીમાં ઊભી થશે ૨૦થી વધુ ઈન્ટરનેશનલ રેસ્ટોરાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગિફ્ટ સિટી ગાંધીનગર ખાતે આઈએફએસસીએ ટેલેન્ટ વિસ્ટા સમિટ-૨૦૨૬ના ઉદ્ઘાટન પ્રસંગે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ગિફ્ટ સિટીમાં કામ કરતા યુવાનોની ‘ઈવનિંગ લાઈફ’ અને સામાજિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આગામી એક વર્ષમાં ગિફ્ટ સિટીમાં ૨૦થી વધુ આંતરરાષ્ટ્રીય સ્તરની રેસ્ટોરન્ટ્સ શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત, રાજ્ય સરકાર ‘વર્કિંગ એન્ડ લિવિંગ ઇન ગિફ્ટ સિટી’ મૉડેલ પર ગંભીરતાથી કામ કરી રહી છે, જેથી કર્મચારીઓને ત્યાં જ રહેવાની શ્રેષ્ઠ સુવિધા મળી રહે.

હર્ષ સંઘવીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ગિફ્ટ સિટી હવે સિંગાપોર, દુબઈ, લંડન અને ન્યૂયોર્ક જેવા આંતરરાષ્ટ્રીય નાણાકીય કેન્દ્રો સાથે સીધી સ્પર્ધા કરી રહ્યું છે. આ સફળતાના પાયામાં આઈએફએસસીએનું યુનિફાઈડ રેગ્યુલેટરી આર્કિટેક્ચર, આકર્ષક ટેક્સ માળખું અને ભારતની ડિજિટલ નાણાકીય તાકાત રહેલી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગિફ્ટ સિટીને ન્યુ-એજ ગ્લોબલ ફાઈનાન્સિયલ સેન્ટર બનાવવા માટે હવે ‘વર્લ્ડ ક્લાસ ટેલેન્ટ’ ઊભું કરવાની દિશામાં ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. જેના માટે ગાંધીનગર અને અમદાવાદની આઈઆઈએમ-અમદાવાદ, માઈકા, નિરમા અને નેશનલ લૉ યુનિવર્સિટી જેવી પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ નવી વિઝનરી યુથ ફોર્સ તૈયાર થઈ રહી છે.

સાથે જ, ગિફ્ટ સિટીમાં જ સ્થાપિત અન્ય દેશોની યુનિવર્સિટીઓ પણ આ કામમાં જોડાઈ છે. સરકાર સ્ટ્રક્ચર્ડ ઈન્ટર્નશિપ અને પ્લેસમેન્ટ ફ્રેમવર્ક દ્વારા આ યુવાનોને મહત્તમ તકો આપવા કટિબદ્ધ છે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

સંઘવીએ રાજ્યના યુવાનોને આશ્વાસન આપ્યું હતું કે, ગિફ્ટ સિટીમાં કામ કરવાથી તેમના માતા-પિતાનું વિદેશમાં નોકરી કરવાનું સપનું પણ અહીં જ સાકાર થશે, કારણ કે અહીં ગ્લોબલ એક્સપોઝર અને વૈશ્વિક કક્ષાનું વળતર બંને ઉપલબ્ધ છે. તેમણે ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરતા કહ્યું કે, અન્ય રાજ્યો કરતા ગુજરાતમાં પ્રોત્સાહનોમાં થોડો તફાવત હોઈ શકે, પરંતુ ગુજરાત જેવી રાજકીય અને નીતિગત સ્થિરતા બીજે ક્યાંય નથી. ■

# કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી ૨૩મી માર્ચે વડોદરાની મુલાકાત લે તેવી શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી ૨૩ માર્ચે વડોદરા શહેરની મુલાકાતે આવે તેવી શક્યતા છે. જાણવા મળ્યું છે કે કોંગ્રેસ સાંસદ આજવા રોડ પર આદિવાસી સમુદાયની સભાને સંબોધશે. રાહુલ ગાંધીનો વડોદરા પ્રવાસ આસામ વિધાનસભા ચૂંટણીના પ્રચાર સમયગાળા દરમિયાન નક્કી કરવામાં આવ્યો છે. ૨૩ તારીખે તેઓ વડોદરા પહોંચશે અને સાંજે ૪ વાગ્યે આજવા રોડ પર પંડિત દીનદયાળ ઉપાધ્યાય નગર ગૃહ ખાતે આયોજિત કાર્યક્રમમાં ખાસ હાજરી આપશે. નોંધનીય છે કે, આ કાર્યક્રમ કોંગ્રેસ દ્વારા નહીં, પરંતુ આદિવાસી સમુદાયના સભ્યો દ્વારા આયોજિત કરવામાં આવ્યો છે. એવું જાણવા મળ્યું છે કે વડોદરા અને છોટાઉદેપુર સહિત આસપાસના જિલ્લાઓમાંથી આદિવાસી સમુદાયના લોકો આ કાર્યક્રમમાં હાજરી આપે તેવી અપેક્ષા છે. ■

# ગુજરાત સરકાર અશાંત વિસ્તાર કાયદામાં ફેરફાર કરવાની તૈયારીમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે ગુજરાત સ્થાવર મિલકતના ટ્રાન્સફર પર પ્રતિબંધ અને અશાંત વિસ્તારોમાં જગ્યા ખાલી કરવાથી ભાડૂતોના રક્ષણ માટેની જોગવાઈ (સુધારા) બિલ, ૨૦૨૬નો ડ્રાફ્ટ રજૂ કર્યો હતો. આ કાયદો ચાલુ વિધાનસભા સત્ર દરમિયાન મહેસૂલ રાજ્ય પ્રધાન સંજય સિંહ મહિડા દ્વારા રજૂ કરવામાં આવશે. આ બિલનો ઉદ્દેશ્ય ગેરકાયદે મિલકત ટ્રાન્સફરને રોકવા અને સાંપ્રદાયિક રીતે સંવેદનશીલ વિસ્તારોમાં રહેવાસીઓના અનૈચ્છિક સ્થળાંતરને રોકવાનો છે.

૨૦૨૬ના ડ્રાફ્ટ બિલની એક મુખ્ય વિશેષતા એ છે કે સમગ્ર કાયદામાં વિક્ષેપિત વિસ્તારો (ડિસ્ટર્બ્ડ એરિયા) નું ઔપચારિક નામ બદલીને નિર્દિષ્ટ વિસ્તારો (સ્પેસિફાઈડ એરિયા અથવા ડેઝિગ્નેટેડ એરિયા) કરવામાં આવ્યું છે. પ્રસ્તાવિત જોગવાઈઓ હેઠળ, રાજ્ય સરકાર કોઈપણ વિસ્તારને સ્પેસિફાઈડ એરિયા તરીકે જાહેર કરી શકે છે. જે પણ કોઈ વિસ્તાર લાંબા સમય સુધી રમખાણો અથવા ટોળાની હિંસાથી પ્રભાવિત થયો હોય, અથવા જો તે સાંપ્રદાયિક તણાવ માટે સંવેદનશીલ માનવામાં આવતો હોય અને જે જાહેર વ્યવસ્થામાં વિઘ્ન પહોંચાડી શકે તેમ હોય તેવા વિસ્તારોને સ્પેસિફાઈડ એરિયા તરીકે જાહેર કરી શકાય, તેવી જોગવાઈ છે.

પ્રસ્તાવિત બિલ હેઠળ, સ્પેસિફાઈડ વિસ્તારમાં મિલકત વેચવા અથવા ટ્રાન્સફર કરવા માગતા કોઈપણ વ્યક્તિએ કલેક્ટરની મંજૂરી મેળવવી આવશ્યક રહેશે. જો કલેક્ટરને જણાય કે આ લે-વેચ જાહેરજીવન અને વ્યવસ્થાને નુકસાન પહોંચાડી શકે છે, તો તે રિજેક્ટ કરી શકે. આ સાથે કલેક્ટરની મંજૂરી બાદ જો રાજ્ય સરકાર ઈચ્છે તો સુઓ મોટો પાવર દ્વારા કોઈપણ લે-વેચ પર ફેરવિચારણા કરી શકે. આ બિલમાં સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ની રચનાનો પણ પ્રસ્તાવ છે અને નિયમોના ભંગ માટે સજા અને પેનલ્ટીનો પણ પ્રસ્તાવ છે, તેમ અહેવાલ જણાવે છે. ■

# એલપીજીની અછતનો તોડઃ કામદારોને વતન જતા રોકવા માટે સુરતમાં કમ્યુનિટી કિચન શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં ખૂબ મોટી ટેક્સટાઈલ્સ ઈન્ડસ્ટ્રી છે અને લાખોની સંખ્યામાં પરપ્રાંતિયો અહીં કામ માટે આવે છે. તેઓ અહીં એકસાથે ભાડાના મકાનમાં રહેતા હોય છે, જ્યાં ગેસ કનેક્શન હોતા નથી, આથી તેઓ છૂટક ગેસ સિલિન્ડર લઈ પોતાનું રસોડું ચલાવતા હોય છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી અશાંતિના પગલે દેશભરમાં ગેસ સિલિન્ડરની અછત સર્જાતા આ કામદારો પણ મુશ્કેલીમાં મૂકાયા છે. કોરોનાકાળ જેવી સ્થિતિ ન થાય તે માટે પહેલેથી જ સામાન બાંધી તેઓ વતન ભણી જવાની તૈયારી કરી રહ્યા હતા, ત્યારે કામદારો એકસાથે વતન ન જાય અને તેમને ખાવાપીવાની તકલીફ ન પડે તે માટે સુરતમાં કોમ્યુનિટી કિચન શરૂ કરવામાં આવ્યા છે.

ટેક્સટાઈલ્સ એસોસિયેશન અને મિલમાલિકોએ સાથે મળી પાંડેસરા વિસ્તારમા કોમ્યુનિટી કિચન શરૂ કર્યા છે, જે કામદારોને શુદ્ધ અને સાત્વિક ભોજન રૂ. ૫૦માં મળી રહ્યું હોવાનુ અહેવાલોએ જણાવ્યું હતું.

લાખો સ્થળાંતરિત કામદારો પાંડેસરા, સચિન, ભેસ્તાન, કડોદરા અને પલસાણા જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં રહે છે, જ્યાં તેઓ કાપડ યુનિટ્, ડાઇંગ મિલો અને પ્રોસેસિંગ ફેક્ટરીઓમાં કામ કરે છે. છેલ્લા એક અઠવાડિયાથી, કમર્શિયલ તેમજ ઘરેલું એલપીજી સિલિન્ડરોના પુરવઠાના અભાવને કારણે ભાડાનાં મકાનોમાં રહેતા કામદારો માટે રસોઈ બનાવવી ખૂબ જ મુશ્કેલ બની ગઈ છે.

બે-ત્રણ કે તેના કરતા વધારે કામદારો એક સાંકડા રૂમમાં રહેતા હોય છે અને નાના ગેસ સિલિન્ડર અને એક સ્ટવની મદદથી રસોઈ કરતા હોય છે. આ નાના સિલિન્ડરો ઘણીવાર કોમર્શિયલ સિલિન્ડરોમાંથી રિફિલ કરવામાં આવે છે, પરંતુ કોમર્શિયલ એલપીજી પુરવઠો ખોરવાતા રિફિલિંગ ખર્ચમાં ઘણો વધારો થયો છે. કામદારોએ જણાવ્યું હતું કે એક નાના સિલિન્ડરમાં અગાઉ રિફિલ કરવા માટે કિલોદીઠ રૂ. ૮૦ આપવા પડતા હતા, તે હવે રૂ. ૫૦૦ થઈ ગયા છે. કેટલાક નાની બોટલ માટે રૂ.૬૦૦-૭૦૦ ચૂકવી રહ્યા છે.

અચાનક વધી ગયેલા ખર્ચ અને તકલીફોને કારણે આ કામદારો એકસાથે વતન જવાનું વિચારી રહ્યા હતા. આમ થતાં ટેક્સટાઈલ ઉદ્યોગને તકલીફ થઈ શકે. આથી કમ્યુનિટિ કિચન શરૂ કરવામાં આવી રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અહેવાલો અનુસાર પાંડેસરામાં એક કોમ્યુનિટી ડાઇનિંગ હોલને મેગા કિચનમાં ફેરવી દેવામાં આવ્યું છે. અહેવાલો અનુસાર, દરરોજ ૪,૦૦૦ થી ૫,૦૦૦ લોકો માટે ભોજન તૈયાર કરવામાં આવે છે. લગભગ ૧,૦૦૦ કામદારો રસોડામાં ભોજન કરે છે, જ્યારે બાકીનું ભોજન પેક કરવામાં આવે છે અને ફેક્ટરીઓમાં પહોંચાડવામાં આવે છે.

દરમિયાન, કેટલાક મિલ માલિકોએ પણ તેમના કામદારોને સીધું ભોજન પૂરું પાડવાનું શરૂ કર્યું છે, જ્યારે અમુક વિસ્તારોમાં મજૂર કોન્ટ્રાક્ટરો લાકડાની વ્યવસ્થા કરી રહ્યા છે જેથી કામદારો સિલિન્ડર વગર ખોરાક રાંધી શકે. ■

# ઉનાળુ વેકેશનને ધ્યાનમાં રાખી સૌરાષ્ટ્ર-કચ્છ તરફની સ્પેશ્યલ ટ્રેનોના ફેરા લંબાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આગામી સમયમાં વેકેશનમાં મુસાફરોની સુવિધા માટે રેલ્વે દ્વારા સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાંથી પસાર થતી વિવિધ સ્પેશ્યલ ટ્રેનોના ફેરા લંબાવવાનો મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સત્તાવાર રીતે રેલવેના જણાવ્યા અનુસાર, બાન્દ્રા ટર્મિનસ-ભાવનગર સાપ્તાહિક સ્પેશ્યલ (૦૯૨૦૭/૦૮) હવે ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધી કાર્યરત રહેશે, જ્યારે વેરાવળ-બાન્દ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશ્યલ (૦૯૦૧૮/૧૭) ની મુદત પણ જુલાઈના અંત સુધી લંબાવવામાં આવી છે.

કચ્છ વિસ્તારની ટ્રેનોની વાત કરીએ તો, ગાંધીધામ-બાન્દ્રા (૦૯૪૧૫/૧૬) ટ્રેન હવે ૨ એપ્રિલથી ૩૦ જુલાઈ સુધી દોડશે, જ્યારે ભુજ-બાન્દ્રા દ્વિ-સાપ્તાહિક (૦૯૦૩૭/૩૮) ટ્રેનને ૩૧ જુલાઈ સુધી લંબાવવામાં આવી છે. નોંધનીય છે કે આ ટ્રેન હવે ૨૪ કોચના આઈ.સી.એફ. રેક સાથે દોડાવવામાં આવશે, જે મુસાફરો માટે વધુ સુવિધાજનક રહેશે. આ ઉપરાંત, ભુજ-બાન્દ્રા સાપ્તાહિક (૦૯૦૦૯/૧૦) અને ભુજ-બાન્દ્રા સ્પેશ્યલ (૦૯૦૧૧/૧૨) ટ્રેનોના ફેરા પણ જુલાઈ ૨૦૨૬ સુધી લંબાવીને પ્રવાસીઓને સવલત આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું રેલવેએ જણાવ્યું હતું. ■

# વસંત ગજેરા અને તેમના ભાઈઓ વિરુદ્ધની ફરિયાદ રદ કરવાનો હાઈ કોર્ટનો ઇનકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે સુરતના ઉદ્યોગપતિ વસંત ગજેરા અને તેમના ત્રણ ભાઈઓ વિરુદ્ધ સુરત પોલીસની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા નોંધાયેલી આશરે રૂ. ૧,૯૨૮.૪ કરોડની છેતરપિંડીની ફરિયાદ રદ કરવાનો ઇનકાર કર્યો હતો. કોર્ટે અવલોકન કર્યું હતું કે આ કેસની તપાસ હજુ પ્રારંભિક તબક્કે છે અને શેરહોલ્ડિંગ પેટર્ન બદલવા માટે સહીઓના કથિત બનાવટી દસ્તાવેજોના મામલે પ્રથમ દૃષ્ટિએ ગુનાહિત કેસ જણાય છે. અદાલતે સ્પષ્ટ કર્યું હતું કે તેણે ફરિયાદ રદ કરવાની અરજી ફગાવતી વખતે અરજદારોના ભૂતકાળના કોઈ પણ રેકોર્ડને ધ્યાનમાં લીધા નથી. આ કેસની વિગતો મુજબ, શાંતિ રેસિડેન્સી પ્રાઈવેટ લિમિટેડના ભાગીદાર પ્રવિણ અગ્રવાલે ફરિયાદ નોંધાવી હતી કે ગજેરા ભાઈઓ અને તેમના સહયોગીઓએ કંપનીમાંથી રૂ.૧,૯૨૮.૪ કરોડની ઉચાપત કરવાનું કથિત કાવતરું ઘડ્યું હતું. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે અગ્રવાલ અને તેમના પરિવાર પાસે પેઢીમાં ૪૩ ટકા હિસ્સો હતો, પરંતુ તેમના ડિજિટલ સિગ્નેચર સહિતના બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને તેઓને ભાગીદારીમાંથી દૂર કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૦૯માં અગ્રવાલ પરિવારને કુલ પાંચ લાખ શેર પૈકી ૨.૧૫ લાખ શેર ફાળવવામાં આવ્યા હતા, જેમાં ગેરરીતિ આચરીને આ કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો આક્ષેપ છે. ■

# કરોડોની જમીન હડપવાનું કૌભાંડ

અમદાવાદઃ વડોદરાના વડસર વિસ્તારમાં જમીન હડપી લેવાનું મોટું કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું. માંજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ રમેશભાઈ મણીલાલ પટેલ અને તેમના બે ભાગીદારોના નામે આવેલી ખેતીની જમીન બારોબાર વેચી દેવામાં આવી હતી. ફરિયાદીના જણાવ્યા અનુસાર, આરોપી હસમુખભાઈ શંકરભાઈ પટેલ (અમદાવાદ) અને નરેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પરમાર (ભરૂચ) એ અન્ય સાગરીતો સાથે મળીને આશરે રૂ. ૧,૨૨,૯૧,૦૦૦ ની કિંમતનો નકલી વેચાણ દસ્તાવેજ બનાવી જમીન પચાવી પાડી હતી. ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપ અનુસાર, આરોપીઓએ અસલ માલિકોના નામે ખોટા આધારકાર્ડ બનાવ્યા હતા અને સબ-રજિસ્ટ્રાર કચેરીમાં અસલ માલિકોની જગ્યાએ અન્ય વ્યક્તિઓને ઊભા રાખી તેમની ખોટી સહીઓ કરાવી હતી. ■

# ભાવનગરમાં અશાંત ધારા કાયદાના ભંગ બદલ ફરિયાદ નોંધાઈ, સૌરાષ્ટ્રનો પહેલો કિસ્સો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગુજરાત રાજ્યમાં અશાંત ધારા હેઠળના વિસ્તારોમાં મિલકતની તબદીલી માટે વહીવટી તંત્રની પૂર્વ મંજૂરી અનિવાર્ય હોવા છતાં, કાયદાનો ભંગ કરતો કિસ્સો ભાવનગરમાં પ્રકાશમાં આવ્યો હતો. ભાવનગર જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેએ અસામાજિક પ્રવૃત્તિઓ અને કાયદા વિરુદ્ધના કૃત્યો સામે કડક વલણ અપનાવતા, સૌરાષ્ટ્રનો પહેલો અને ગુજરાતનો બીજો ગુનો નોંધ્યો હતો. ભાવનગરના સિટી મામલતદારે મિલકત વેચનાર અને ખરીદનાર બંને વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર ભાવનગર શહેરના વોર્ડ નં. ૫, શીટ નં. ૧૩૫ અને સિટી સર્વે નં. ૪૪૬૩ ધરાવતા કેસન્ટ વિસ્તારમાં આવેલ પ્લોટ નં. ૫૬૭/એ૧, એ/૨/ઈ વાળી મિલકત અશાંત ધારા હેઠળના વિસ્તારમાં આવે છે. આ મિલકતના માલિક દર્શરાજસિંહ ધર્મેન્દ્રસિંહ ગોહિલ દ્વારા ગુજરાત અશાંત ધારા વિસ્તારમાં તબદીલ અધિનિયમ ૧૯૯૧ હેઠળ કલેક્ટરની કોઈ પણ પ્રકારની પરવાનગી મેળવ્યા વગર જ આ મિલકત અલારખાભાઈ કાદરભાઈ ગાગાણીને રૂ.૯૩ લાખમાં બારોબાર વેચી નાખવામાં આવી હતી. કાયદાકીય પ્રક્રિયાનું ઉલ્લંઘન કરી કરવામાં આવેલા આ સોદા અંગે ભાવનગરના સિટી મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ કે.બી. ચાંદલીયા દ્વારા ભાવનગરના ઘોઘારોડ પોલીસ સ્ટેશનમાં વિધિવત ગુનો નોંધવામાં આવ્યો હતો.

પોલીસ દ્વારા આ મામલે સ્થાવર મિલકત તબદીલ અટકાવવા હક્ક રક્ષક અધિનિયમની કલમ-૫, ૬(એ) મુજબ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ ગંભીર ગુનાની આગળની તપાસ લોકલ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ સબ ઇન્સ્પેક્ટર વી.સી. જાડેજાને સોંપવામાં આવી છે. ભાવનગર પોલીસ વડા નિતેશ પાંડેની આ કાર્યવાહીથી સૌરાષ્ટ્ર ભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. ખાસ કરીને મિલકત બજારોમાં અને કાયદાનું ઉલ્લંઘન કરનારા તત્ત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# અમદાવાદમાં સગાઈ તોડાવી બદનામ કરનાર પ્રેમી સામે મહિલાએ નોંધાવી ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના વટવા જીઆઈડીસી વિસ્તારમાં રહેતી અને વ્યવસાયે વકીલ એવી ૨૭ વર્ષીય યુવતીએ તેના પૂર્વ પ્રેમી અને તેની માતા વિરુદ્ધ ગંભીર આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, યુવતી અને આરોપી પ્રેમી વચ્ચે અગાઉ પ્રેમ સંબંધ હતો, પરંતુ પ્રેમી કોઈ કામ-ધંધો કરતો ન હોવાથી અને વ્યસની હોવાથી યુવતીએ આ સંબંધ તોડી નાખ્યો હતો. ત્યારબાદ યુવતીના પરિવારે તેની સગાઈ અન્ય જગ્યાએ નક્કી કરતા, ઉશ્કેરાયેલા પ્રેમીએ યુવતીનાં પરિવારને બદનામ કરવાનું અને જાનથી મારી નાખવાની ધમકી આપવાનું શરૂ કર્યું હતું.

ફરિયાદમાં આરોપ કરવામાં આવ્યો હતો કે, આરોપીએ યુવતીના મમ્મી-પપ્પાને ફોન કરી ગંદી ગાળો આપી હતી અને ધમકી આપી હતી કે, જો યુવતીનાં લગ્ન મારી સાથે નહીં કરો તો હું તમારા પરિવારને જાનથી મારી નાખીશ. આટલું જ નહીં, આરોપીએ યુવતીની સગાઈ જેની સાથે થઈ હતી તે યુવકને પણ ખોટી વાતો કરી બદનામ કર્યો હતો, જેના કારણે યુવતીની સગાઈ તૂટી ગઈ હતી. આ સતત માનસિક ત્રાસ અને ધમકીઓથી કંટાળીને અંતે યુવતીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. સગાઈ તૂટી જવાની બીકે ફરિયાદીએ અગાઉ ફરિયાદ કરી ન હતી, પરંતુ આરોપીઓ દ્વારા સતત ત્રાસ અપાતો હોવાથી કાયદેસરની કાર્યવાહીની માંગ કરી હતી. ■

# અમદાવાદમાં ₹ ૨.૩૮ કરોડની નકલી નોટો ઝડપાઈઃ સુરતના યોગ શિક્ષક સહિત સાતની ધરપકડ

અમદાવાદઃ શહેર ક્રાઈમ બ્રાન્ચે એક ગુપ્ત બાતમીના આધારે કાર્યવાહી કરીને રૂ. ૨.૩૮ કરોડની કિંમતની નકલી ભારતીય ચલણી નોટો જપ્ત કરી હતી. અમરાઈવાડી વિસ્તારમાં એક કારને આંતરીને પોલીસે રૂ. ૫૦૦ના દરની ૪૨,૦૦૦ નકલી નોટો કબજે કરી હતી. આ મામલે પોલીસે મુખ્ય આરોપી મુકેશ ઠુમ્મર સહિત સાત લોકોની અટકાયત કરી હતી, જેમાં સુરતના ‘શ્રી સત્યમ યોગ ફાઉન્ડેશન’ ના આધ્યાત્મિક અને યોગ શિક્ષક પ્રદીપ જોટાંગિયા ઉર્ફે પ્રદીપ ગુરુનો પણ સમાવેશ થાય છે. ધરપકડ કરાયેલા આરોપીઓમાં અશોક માવાણી, રમેશ ભાલર, દિવ્યેશ રાણા, ભરત કાકડિયા અને એક મહિલાનો સમાવેશ થાય છે.

પોલીસ તપાસમાં ખૂલ્યું હતું કે આ રેકેટના તાર સુરત સુધી ફેલાયેલા છે, જ્યાં એક મકાનમાં છેલ્લા ચાર મહિનાથી આ નોટો છાપવામાં આવતી હતી. આ ટોળકીએ નોટોની ડિઝાઈન અને લેઆઉટને અસલી જેવી બનાવવા માટે ચેટજીપીટી જેવા એઆઈ પ્લેટફોર્મ અને ફોટો-એડિટિંગ સોફ્ટવેરનો ઉપયોગ કર્યો હતો. એટલું જ નહીં, આરબીઆઈ માર્કિંગ જેવો સિક્યુરિટી થ્રેડ ધરાવતો કાગળ અલીબાબા જેવા ચાઈનીઝ ઈ-કોમર્સ પ્લેટફોર્મ પરથી મંગાવવામાં આવ્યો હતો. ■

# પાટણમાં ફાર્મહાઉસ પર હુમલો કરનાર ૧૮ આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢી માફી મગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકામાં મંદિરના દાનના વિવાદને લઈને થયેલી હિંસાએ મોટું સ્વરૂપ ધારણ કર્યું હતું. થોડા દિવસ પહેલા ૧૫ થી ૨૦ જેટલા સશસ્ત્ર શખ્સે ફાર્મહાઉસ પર હુમલો કર્યો હતો. સીસીટીવી ફૂટેજમાં હુમલાખોરો તલવારો અને લાકડીઓ સાથે મિલકતને નુકસાન પહોંચાડતા અને જાનથી મારી નાખવાની ધમકી આપતા કેદ થયા હતા. આ ઘટનામાં જહુ શંકર ઠાકોર મુખ્ય કાવતરાખોર હોવાનું બહાર આવ્યું છે, જ્યારે જીતુભા અને દલપુજી જેવા નામો પણ પ્રકાશમાં આવ્યા હતા.

આ ઘટનામાં સૌથી વધુ ચર્ચા પોલીસની ભૂમિકાને લઈને થઈ રહી છે, કારણ કે હુમલા સમયે પોલીસની બે ગાડીઓ ત્યાં હાજર હોવા છતાં તેઓ ત્યાંથી ચાલ્યા ગયા હતા. હુમલાખોરોએ ફાર્મહાઉસમાં તોડફોડ કરવા ઉપરાંત પોલીસ વાહનને પણ નુકસાન પહોંચાડ્યું હતું. વીડિયો વાયરલ થયા બાદ વધતા દબાણને પગલે પોલીસે ત્વરિત કાર્યવાહી કરી ૧૮ આરોપીની ધરપકડ કરી હતી. આ મામલે બે અલગ-અલગ ફરિયાદ નોંધવામાં આવી હતી અને કોર્ટે આરોપીઓને ૨૩ માર્ચ સુધી પોલીસ રિમાન્ડ પર મોકલ્યા હતા. પોલીસે પકડાયેલા આરોપીઓનું ચાણસ્મા પોલીસ સ્ટેશનથી બસ સ્ટેન્ડ સુધી જાહેરમાં સરઘસ કાઢ્યું હતું, જ્યાં તેઓને ઊઠબેસ કરાવી લાકડીઓ વડે ફટકારવામાં આવ્યા હતા. આરોપીઓએ જાહેરમાં હાથ જોડીને માફી માંગી હતી અને ત્યારબાદ તેઓને ગુનાના સ્થળે રિકન્સ્ટ્રક્શન માટે ફાર્મહાઉસ લઈ જવામાં આવ્યા હતા. ■

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 66 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ચૈત્ર સુદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 20 March 2026, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૨૦ માર્ચ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# શેરબજારમાં મોટો કડાકો

SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
જૂના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

## સેન્સેક્સમાં ૨૫૦૦ પોઈન્ટનો કડાકો, ₹ ૧૩ લાખ કરોડનું ધોવાણ, સોનામાં ₹ ૭૦૦૦ અને ચાંદીમાં ₹ ૨૦,૦૦૦નો જોરદાર કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધની સતત વધી રહેલી ભીષણતા વચ્ચે હચમચી ગયેલા વિશ્વબજારમાં ગુરુવારે સેન્સેક્સમાં ૨૫૦૦ પોઇન્ટનો કડાકો, માર્કેટ કેપમાં રૂ. ૧૩ લાખ કરોડનું ધોવાણ, સોનામાં દસ ગ્રામે રૂ. ૭૦૦૦ અને ચાંદીમાં કિલોદીઠ રૂ. ૨૦,૦૦૦નો જોરદાર કડાકો નોંધાયો હતો.

બંને શત્રુપક્ષ હવે ઓઇલ મથકોને લક્ષ્યાંક બનાવી રહ્યાં હોવાથી ગેસ અને તેલની અછતના ભણકારા વચ્ચે ક્રૂડ ઓઈલ અને ગેસના ભાવ આસમાને પહોંચી રહ્યા છે, ત્યારે ફેડ દ્વારા વ્યાજદરમાં કોઈ પ્રકારનો કાપ ન મુકાતા શેરબજારની સાથે સોનાચાંદીમાં જોરદાર ધોવાણ જોવા મળ્યું હતું. ફોરેક્સ માર્કેટમાં ડોલર મજબૂત થવાને કારણે રૂપિયો પણ રોજ નવું વિક્રમી તળિયું બતાવી રહ્યો છે.

ગુરુવારના ધોવાણમાં બીએસઇનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૩૯ લાખ કરોડ સામે રૂ.૧૨.૮૭ લાખ કરોડ ઘટીને રૂ.૪૨૬.૧૩ લાખ કરોડ રહ્યું હતું. ફેબ્રુઆરીએ અખાતી કટોકટી શરૂ થવાથી અત્યાર સુધીમાં રોકાણકારોની સંપત્તિમાંથી કુલ રૂ. ૩૭ લાખ કરોડનું ધોવાણ થઇ ગયું છે.

સેન્સેક્સ દિવસ દરમિયાન (જુઓ પાનું ૨) ▸▸

# સૌરાષ્ટ્ર, કચ્છમાં વરસાદ

## ચોટીલા, રાજકોટ, ભેંસાણ, બગસરા, ધોરાજી, ઓખા, ઉપલેટામાં માવઠું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચૈત્રી નવરાત્રીના પ્રથમ નોરતે જ વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો. સૌરાષ્ટ્ર અને કચ્છ જિલ્લામાં ભારે પવન સાથે કમોસમી વરસાદ ખાબક્યો હતો. સાંજે ૮ વાગ્યા સુધીમાં રાજ્યના ૭૨ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ વરસાદ બગસરામાં ૧.૬૧ ઇંચ પડ્યો હતો. તે ઉપરાંત ચોટીલામાં ૧.૫૪ ઇંચ, રાજકોટ અને ભેંસાણમાં ૧.૩૮ ઇંચ, ધોરાજી, ઉપલેટા, ભાભર અને ઓખામંડળમાં ૦.૭૯ ઇંચ, સાવર કુંડલામાં ૦.૭૫ ઇંચ, ચુડા, લોધિકા, મુંદરા અને લાલપુરમાં ૦.૬૩ ઇંચ, વિસાવદર, ધારી અને કુંકાવાવ વડિયામાં ૦.૫૯ ઇંચ વરસાદ નોંધાયો હતો.

રાજકોટમાં દરમિયાન અમીન માર્ગ પર તોતિંગ વૃક્ષ ધરાશાયી થતાં વીજ લાઈન પર પડ્યું હતું, જેના કારણે વીજળીનો વાયર તૂટી જતાં નજીકના સબ સ્ટેશનમાં જોરદાર ધડાકો થયો હતો. આ ઉપરાંત, જિલ્લાના જસદણ, ધોરાજી, જેતપુર અને ગોંડલ પંથકમાં પણ ભારે પવનના કારણે અનેક વૃક્ષો અને વીજ પોલ ધરાશાયી થવાના અહેવાલો પ્રાપ્ત થયા હતા.

આ દરમિયાન જામનગરમાં ૬૬ કેવીનો વીજપોલ ધરાશાયી થયો હતો, જેના કારણે ભાગદોડ મચી ગઈ હતી. કમોસમી વરસાદને કારણે જસદણ-જંગવડ રોડ વચ્ચે આવેલી જેનિંગ ફેક્ટરીમાં કપાસનો જથ્થો તણાયો હતો. અમદાવાદના અનેક વિસ્તારોમાં સાંજના ટાણે વરસાદી ઝાપટાં પડયા હતા. શહેરના સરસપુરમાં રસ્તા પર ચાલી રહેલી એક ગાડી પર અચાનક મોટું વૃક્ષ ધરાશાયી થઈ પડ્યું. જેના કારણે ગાડીને ભારે નુકસાન પહોંચ્યું હોવાના અહેવાલો મળ્યા હતા. તે ઉપરાંત મહેસાણા, અરવલ્લી, સુરત જિલ્લામાં પણ વરસાદી ઝાપટાના અહેવાલો પ્રાપ્ત થયા હતા.

જૂનાગઢના ગિરનાર પર્વત પર વરસાદ પડયો હતો. ભારે પવન અને સુરક્ષાના કારણોસર ગિરનાર રોપવે સેવા (જુઓ પાનું ૨) ▸▸

## કાશ્મીર, હિમાચલમાં હિમવર્ષા

શ્રીનગરઃ પર્યટકોના માનીતા સ્થળ મનાતા ગુલમર્ગ અને સોનમર્ગ સહિત શ્રીનગરના ઊંચાણવાલા અનેક વિસ્તારોમાં ગુરુવારે નવેસરથી હિમવર્ષા થઈ હતી તો શ્રીનગરના મેદાની વિસ્તારોમાં ભારે વરસાદ પડ્યો હોવાનું અધિકારીઓએ ગુરુવારે કહ્યું હતું.

ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં આવેલા ગુલમર્ગ અને સેન્ટ્રલ કાશ્મીરના ગંડરબાલ જિલ્લામાં આવેલા સોનમર્ગમાં નવેસરથી હિમવર્ષા થઈ હતી.

એક અહેવાલ મુજબ ગુલમર્ગમાં અંદાજે પાંચથી છ ઈંચ હિમવર્ષા નોંધાઈ હતી. શોપિયાં જિલ્લામાં પીર કી ગલી, મુઘલ રોડ તેમ જ બાંદીપોરામાં ગુરેઝ અને રાઝદાન ટોપ અને કુપવાડાના સાધના ટોપમાં નવેસરથી હિમવર્ષા થઈ હોવાનું નોંધાયું હતું. ૨૦મી માર્ચે હિમવર્ષા વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરશે તેમ જ મોટાભાગના વિસ્તારોમાં વરસાદ પડશે તેવી આગાહી હવામાન ખાતાએ કરી છે.

દરમિયાન હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા થયા બાદ સિમલા અને મનાલીમાં પર્યટકોનો પ્રવાહ વધ્યો છે. નવરાત્રીના પ્રથમ દિવસે (જુઓ પાનું ૨) ▸▸

## ઑઈલ અને નેચરલ ગૅસના ભાવમાં ભડકો

નવી દિલ્હીઃ ઈરાને કતારસ્થિત ચાવીરૂપ કુદરતી ગૅસના સંસ્થાનો અને કુવૈતસ્થિત તેલની બે રિફાઈનરી પર હુમલો કર્યા બાદ ગુરુવારે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલ અને કુદરતી ગૅસના ભાવમાં ભડકો થયો હતો. ડ્રોન હુમલા બાદ આ સંસ્થાનો અને રિફાઈનરીઓ બંધ કરી દેવામાં આવ્યા હતા.

કતાર, કુદરતી ગૅસની વિશ્વની કુલ જરૂરીયાતનો ૨૦ ટકા પુરવઠો પૂરો પાડે છે. હુમલાની તેલ અને કુદરતી ગૅસના ઉત્પાદન પર લાંબાગાળાની માઠી અસર પડી છે.

આ હુમલા ઉપરાંત હોર્મુઝની સામુદ્રધુની તેલના જહાજોની અવરજવર માટે બંધ કરાઈ હોવાથી વિશ્વભરમાં ઊર્જાની કટોકટી વધુ ઘેરી બની છે. અમેરિકા-ઈઝરાયલ-ઈરાન યુદ્ધ શરૂ થયું તેની પૂર્વસંધ્યાએ ક્રૂડતેલના ભાવ પ્રતિબેરલ ૭૩ ડૉલર હતા જે હવે વધીને ૧૧૬.૩૮ ડૉલર થઈ ગયા છે. કુદરતી ગૅસ માટેનો યુરોપિયન ટીટીએફ બૅન્ચમાર્ક ગુરુવારે ૨૪ ટકા વધ્યો હતો.

ઈરાને ગુરુવારે કતારસ્થિત લિક્વિફાઈડ નેચરલ ગૅસ (એલએનજી)ના શિપિંગના રાસ લાફાન ટર્મિનલ પર હુમલો કર્યો હતો.

સામાન્ય રીતે કતાર વિશ્વની એલએનજીની કુલ જરૂરીયાતનો ૨૦ ટકા પુરવઠો પૂરો પાડે છે. આ પરિસ્થિતિ લાંબી ચાલશે તો વિશ્વભરના અર્થતંત્ર પર ફુગાવાનું મોજું ફરી વળશે. (એજન્સી)■

### વડોદરા કાર ક્રેશ

## ગુજરાત સરકારની અરજી સુપ્રીમ કોર્ટે કાઢી નાખી

નવી દિલ્હીઃ વર્ષ ૨૦૨૫ની ૧૪મી માર્ચના વડોદરા કાર ક્રેશ કેસના આરોપી ૨૩ વર્ષના યુવકના જામીન મંજૂર કરતા હાઈ કોર્ટના આદેશને પડકારતી ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલી અરજીને સુપ્રીમ કોર્ટે ગુરુવારે નકારી કાઢી હતી.

આ કાર ક્રેશમાં એક મહિલાનું મોત થયું હોવા ઉપરાંત નવ જણ ઘાયલ થયા હતા. ન્યાયાધીશ વિક્રમનાથ અને એન. વી. અંજારિયાની બનેલી ખંડપીઠે ડ્રગ્સના પ્રભાન હેઠળ ડ્રાઈવિંગ કરી રહેલા આરોપી યુવકના જામીનને મામલે દખલગીરી કરવાનું નકારી કાઢ્યું હતું.

ખંડપીઠે એ વાતની નોંધ લીધી હતી કે યુવકે નવ મહિના જેલમાં વીતાવ્યા છે અને તેનું કૃત્ય જાણીજોઈને કે સ્વેચ્છાએ કરેલું નહોતું.

રાજ્ય સરકાર વતી ઉપસ્થિત રહેલાં ઍડવોકેટ સ્વાતિ ઘિલદિયાલે યુવકના જામીનનો વિરોધ કર્યો હતો અને દલીલ કરી હતી કે આરોપીએ ડ્રગ્સ લીધું હતું ને ત્રણ વખત કાર ક્રેશ કરી હતી. ત્રીજી વાર કાર ક્રેશ કર્યા બાદ આરોપી યુવક કારની બહાર (જુઓ પાનું ૨) ▸▸

## કતારના ગૅસ પ્લાન્ટ પર હુમલો

### યુરોપમાં ગૅસના ભાવમાં 30 ટકાનો વધારો

દુબઈઃ વિશ્વના સૌથી મોટા ગૅસ ફિલ્ડ પર ઇઝરાયલી હુમલાના કલાકો પછી ઈરાને કતારના રાસ લાફાન ઇન્ડસ્ટ્રિયલ સિટી પર બેલિસ્ટિક મિસાઇલો છોડી હતી. કતાર એનર્જી કંપનીએ પુષ્ટિ કરી હતી કે હુમલાથી સુવિધાને નોંધપાત્ર નુકસાન થયું છે અને આગ લાગી છે. ઈરાને કતારના સૌથી મોટા એલએનજી પ્લાન્ટ પર મિસાઇલો છોડી હતી, જેના કારણે નોંધપાત્ર આર્થિક નુકસાન થયું છે.

પરિણામે મધ્ય પૂર્વમાં તેલ અને ગૅસ ઉત્પાદન પર સંકટ ઊભું થયું છે. સુરક્ષા કારણોસર ઘણા પ્લાન્ટ બંધ કરવામાં આવ્યા છે, જેના કારણે આગામી દિવસોમાં તેલ અને ગૅસના પુરવઠા પર ગંભીર રીતે અસર થાય તેવી સંભાવના છે.

કતારના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈરાને કુલ પાંચ બેલિસ્ટિક મિસાઇલો છોડી હતી. એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા તેમાંથી મોટાભાગની મિસાઇલોને અટકાવી દેવામાં આવી હતી, પરંતુ એક મિસાઇલ રાસ લાફાનમાં પડી હતી, જેના કારણે આગ લાગી હતી અને વ્યાપક નુકસાન થયું હતું. રાસ લાફાન વિશ્વનું સૌથી મોટું એલએનજી (લિક્વિફાઇડ નેચરલ ગૅસ) ઉત્પાદન અને નિકાસ કેન્દ્ર છે. કતાર એનર્જીએ એક નિવેદન જાહેર (જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાત-મહારાષ્ટ્રને કાપડની નિકાસમાં પછાડીને તમિળનાડુ નંબર વન

ચેન્નઈઃ તમિળનાડુ કાપડ નિકાસમાં ભારતના ટોચના રાજ્ય તરીકે ઊભરી આવ્યું છે, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ૭૯૯૭.૧૭ મિલ્યન ડૉલરનો શિપમેન્ટ રૅકોર્ડ કર્યા છે, જે છેલ્લા ચાર વર્ષમાં ૨૯.૧૨ ટકાનો વધારો દર્શાવે છે, એમ સરકારે જણાવ્યું હતું.

ગુજરાત ૫૬૪૬.૦૧ મિલ્યન ડૉલરની નિકાસ સાથે બીજા ક્રમે રહ્યું છે, ત્યારબાદ મહારાષ્ટ્ર ૩,૮૩૧.૨૯ ૩૮૩૧.૨૯ મિલ્યન ડૉલરની નિકાસ સાથે બીજા ક્રમે રહ્યું હતું. ૨૦૨૦૨૧માં, તમિળનાડુની કાપડ નિકાસ ૬૧૯૩ મિલ્યન ડૉલરની રહી હતી.

મુખ્ય પ્રધાન એમ કે સ્ટાલિને જણાવ્યું હતું કે તમિળનાડુએ ગુજરાત અને મહારાષ્ટ્ર જેવા સ્પર્ધકોને સફળતાપૂર્વક પાછળ છોડીને પ્રથમ સ્થાન મેળવ્યું છે.

“દ્રવિડિયન મોડેલ સરકારના આયોજનબદ્ધ પગલાંને કારણે એકંદરે, ભારતની નિકાસમાં, તમિળનાડુનો હિસ્સો ૨૧.૮૪ (જુઓ પાનું ૨) ▸▸

## ₹ ૨,૯૨૯ કરોડની છેતરપિંડીના કેસમાં અનિલ અંબાણીની પૂછપરછ

નવી દિલ્હીઃ સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદને પગલે અનિલ અંબાણી ને તેમની કંપની રિલાયન્સ કમ્યુનિકેશન્સ વિરુદ્ધ દાખલ કરવામાં આવેલા કેસને મામલે સીબીઆઈએ ગુરુવારે ઉદ્યોગપતિ અનિલ અંબાણીની પૂછપરછ કરી હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

અનિલ અંબાણી કેસ સંબંધિત પૂછપરછ માટે ગુરુવારે સવારે સીબીઆઈના વડા મથકે આવી પહોંચ્યા હતા.

આર્થિક વ્યવહારમાં ગેરરીતિ, ભંડોળ અન્યત્ર વાળવા સહિત બૅન્ક દ્વારા ફાઈલમાં આવેલી લોનની રકમમાં ગેરરીતિ આચરવા સહિતના આક્ષેપો સીબીઆઈ દ્વારા કરવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું.

અનિલ અંબાણીના પ્રવક્તા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં અગાઉ જણાવ્યું હતું કે કેસને મામલે પૂછપરછ માટે (જુઓ પાનું ૨) ▸▸

KokilabenHospital KDAHMumbai
www.kokilabenhospital.com
ॐ
Kokilaben Dhirubhai Ambani hospital & medical research institute
Every Life Matters
ગૌરવપૂર્ણ અનુભૂતિ
★★★★★
WORLD'S BEST HOSPITALS 2020 - 2026
Newsweek
POWERED BY statista
KOKILABEN DHIRUBHAI AMBANI HOSPITAL & MEDICAL RESEARCH INSTITUTE
7 વર્ષથી સતત
મેડિકલ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટતા માટે પ્રતિષ્ઠિત. વિશ્વભરમાં વિશ્વાસપાત્ર
આપ સર્વેનો આભાર
અમે આ એવોર્ડ અમારી ટીમના દરેક સભ્યને તેમની પ્રતિબદ્ધતા અને અમારામાં વિશ્વાસ દર્શાવવા બદલ સમાજને સમર્પિત કરીએ છીએ
Four Bungalows, Andheri (W), Mumbai 400 053
EMERGENCY +91 22 4269 9999
APPOINTMENTS +91 22 4269 6969
THE ONLY HOSPITAL IN MUMBAI HAVING FULL-TIME DOCTORS AND ACCREDITED WITH
JCI USA | CAP USA | NABL India | NABH India

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પની સનક ઘણા દેશોનાં અર્થતંત્રને બરબાદ કરી દેશે

અમેરિકા-ઇઝરાયલ વર્સીસ ઈરાન યુદ્ધ ઉગ્ર બનતું જાય છે અને બંને છાવણીઓ એકબીજાના ઓઈલ અને ગેસ ફિલ્ડ પર હુમલા શરૂ કરતાં આખી દુનિયાની પત્તર ખંડાઈ જશે એવું લાગે છે. ઈઝરાયલે ઈરાનના સૌથી મોટા મનાતા ‘પાર્સ’ ગેસ પ્લાન્ટ પર હુમલો કર્યો તેના જવાબમાં ઈરાને કતારના સૌથી મોટા ગેસ પ્લાન્ટ ‘રાસ લફાન’ પર મિસાઈલો છોડી તેમાં કતારના પ્લાન્ટમાં આગ લાગી ગઈ. કતારે મહામહેનતે આગ પર કાબૂ મેળવ્યો પણ કલાકો લગી ચાલેલી આગના કારણે કતારને ભારે નુકસાન તો થયું જ છે.

આ હુમલાથી ભડકેલા સાઉદી અરેબિયા સહિતના ૧૨ દેશોએ ઈરાન પર હુમલાની ધમકી આપતાં યુદ્ધ બીજા દેશો લગી ફેલાય એવો પણ ખતરો ઊભો થયો છે. સાઉદી અરેબિયા સહિતના દેશો ઈરાન પર હુમલો કરે તો ઈરાન ચૂપ બેસવાનું નથી. ઈરાને અત્યારે કતારના ગેસ પ્લાન્ટને ભડકે બાળ્યો છે એ રીતે સાઉદી અરેબિયા સહિતના દેશોના ક્રૂડ ઓઈલના ભંડારો પર હુમલા કરીને તેમને પણ ભડકે બાળે જ ને સામે સાઉદી સહિતના આરબ દેશોની વહારે આવીને અમેરિકા પણ હુમલા વધારે એ જોતાં પછી યુદ્ધ પોઈન્ટ ઓફ નો રિટર્ન સ્થિતિમાં પહોંચી જાય.

અત્યારે બંને છાવણી વચ્ચે જબરદસ્ત યુદ્ધ નહીં પણ છમકલાં ચાલી રહ્યાં છે છતાં ક્રૂડના ભાવ ભડકે બળી રહ્યા છે. માર્ચ ૨૦૨૬ પહેલાં સુધી ક્રૂડ ઓઈલના ભાવ બેરલના ૭૦ ડૉલરની આસપાસ હતા પણ અમેરિકા-ઇઝરાયલ વર્સીસ ઈરાન યુદ્ધ શરૂ થયું ને પશ્ચિમ એશિયામાં અશાંતિ થઈ તેમાં ક્રૂડ ભડકે બળી રહ્યું છે. ભારત પેટ્રોલ-ડીઝલ માટે બ્રેન્ટ ક્રૂડ ખરીદે છે અને બ્રેન્ટ ક્રૂડના ભાવ પ્રતિ બેરલ ૧૧૦ ડૉલરને પાર થઈ ગયા છે. ઈરાને સ્ટ્રેઈટ ઓફ હોર્મુઝ બંધ કરીને જહાજોની અવરજવર રોકી દીધી તેમાં મોટી સંખ્યામાં ટેન્કરો અટવાયાં છે અને ક્રૂડ તથા ગેસની તંગી વર્તાવા લાગી છે.

ભારત પોતાની ક્રૂડની ખરીદીમાંથી ૬૦ ટકાથી વધુ ક્રૂડ આ રસ્તે મગાવે છે. ઈરાને ભારતને મિત્ર રાષ્ટ્ર ગણાવીને તેનાં જહાજ નહીં રોકાય એવી ખાતરી આપી છે પણ બીજા દેશોનાં જહાજ રોકી દેવાયાં તેમાં રસ્તો અવરોધાયો છે જ તેથી પહેલાંની જેમ સરળતાથી જહાજો આવ-જા નથી કરી શકતાં. ઈરાને જહાજો નથી રોક્યાં એવી સ્પષ્ટતા ભારતના વિદેશ મંત્રાલયે પણ કરી છે પણ સમસ્યા એ નથી. સમસ્યા આ ખાડી પાસે અટવાયેલાં જહાજોનો થઈ રહેલો ખડકલો છે. રોડ પર ટ્રાફિક જામ થાય ને કાર ફસાઈ જાય એ રીતે ભારતનાં પણ અનેક જહાજો ફસાયેલાં છે.

આ જહાજ રોકાવાનાં નથી પણ સમયસર ભારત પહોંચી પણ શકતાં નથી તેથી ક્રૂડ અને ગેસની અછત તો થવા માંડી જ છે. સરકાર હજુ ઓલ ઈઝ વેલનો રાગ આલાપી રહી છે પણ ઠેકઠેકાણે નેચરલ ગેસ પર ચાલતા ઉદ્યોગો બંધ થઈ રહ્યા છે ને કોમર્શિયલ ગેસની અછત ઊભી થઈ છે તેના પરથી સ્પષ્ટ છે કે, સ્થિતી બેકાબૂ થઈ રહી છે. સરકારના દાવા સો ટકા સાચા નથી અને સમસ્યા છે જ. ભારત સહિતના ઘણા દેશોમાં ગેસની અછત ઊભી થતાં લોકો રાડારાડ કરી રહ્યાં છે ત્યારે યુદ્ધ વધારે ભડકે તો શું થાય તેની કલ્પના જ થઈ શકે તેમ નથી. હજુ ગેસની જ મોંકાણ મંડાઈ છે પણ યુદ્ધ વધારે ભડકે તો પેટ્રોલ-ડીઝલની મોંકાણ પણ શરૂ થઈ જાય ને લોકોની હાલત બગડી જાય.

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે પહેલાં પણ યુદ્ધ થયેલાં છે. બલ્કે છેલ્લાં કેટલાંક વરસોથી બંને લડ્યા જ કરે છે. આગલા વરસે હમાસે ઈઝરાયલમાં કાળો કેર વર્તાવ્યો ત્યારે પણ બંને વચ્ચે જંગ જામ્યો જ હતો. એ વખતે હુમલા એકબીજાના વિસ્તારો પૂરતા મર્યાદિત હતા પણ આ વખતે ક્રૂડ ઓઈલના ભંડારોને ટાર્ગેટ કરાઈ રહ્યાં છે. આ સંજોગોમાં દુનિયામાં ભવિષ્યમાં પેટ્રોલ-ડીઝલ કે ગેસની અછત સર્જાય ને તેના કારણે અંધાધૂંધી થઈ જાય એ ખતરો છે.

આ સ્થિતિ ના આવે એ માટે ઈઝરાયલ-અમેરિકા ખમૈયા કરે એ જરૂરી છે. અત્યારે ઈરાન શાંત નથી ને ઈઝરાયલ તથા આરબ દેશો પર મિસાઈલો છોડીને તબાહી વેરી જ રહ્યું છે પણ ઈરાન જે કંઈ કરી રહ્યું છે એ જવાબી કાર્યવાહી છે. હુમલાની શરૂઆત ઈઝરાયલ-અમેરિકાએ કરી ને પોતાના પર હુમલો થાય એટલે કોઈ પણ દેશ જવાબ આપે જ. ઈરાન પણ એ રીતે જ જવાબ આપી રહ્યું છે તેથી ઈરાન બહુ વાંકમાં નથી. વાંકમાં અમેરિકા છે તેથી હુમલા બંધ કરવાની શરૂઆત અમેરિકાએ કરવી પડે. ઈઝરાયલ પણ હુમલા અમેરિકાના ઈશારે જ કરી રહ્યું છે એ જોતાં અમેરિકા હુમલા બંધ કરે કે તરત ઈઝરાયલ પણ ઠંડુ થઈને બેસી જાય.

કમનસીબે અત્યારે ઈઝરાયલ-અમેરિકા શાંત થઈને બેસી જાય એવું લાગતું નથી કેમ કે ડોનલ્ડ ટ્રમ્પે ઈરાન સામેના જંગને અંગત પ્રતિષ્ઠાનો ને વધારે તો અહમનો પ્રશ્ન બનાવી દીધો છે. ટ્રમ્પે ઈરાન પર હુમલો કરવા માટે એવું કારણ આપ્યું કે, ઈરાન પરમાણુ શસ્ત્રો બનાવી રહ્યું છે તેના કારણે આખી દુનિયા પર ખતરો છે. ઈરાનને પરમાણુ સત્તા બનતું રોકવા માટે હુમલો કરવો જરૂરી છે.

ટ્રમ્પની આ વાત સાચી છે કે ખોટી એ ખબર નથી પણ ટ્રમ્પે તેના કોઈ પુરાવા દુનિયા સામે મૂક્યા નથી. બીજું એ કે, ટ્રમ્પની પોતાની જ સરકાર ટ્રમ્પથી વિરોધાભાસી દાવા કરી રહી છે. અમેરિકાની ગુપ્તચર એજન્સીના ચીફ તુલસી ગબાર્ડે કહ્યું છે કે, ગયા વર્ષે જૂનમાં થયેલા હુમલા પછી ઈરાનની પરમાણુ શક્તિ લગભગ ખતમ થઈ ગઈ હતી અને ઈરાને પોતાનો ન્યુક્લિયર પ્રોગ્રામ ફરી શરૂ કર્યો નથી. ગબાર્ડનો દાવો ટ્રમ્પના દાવાથી અલગ છે તેના પરથી સ્પષ્ટ છે કે, ટ્રમ્પે હુમલો કર્યો એ માટે કોઈ નક્કર કારણ નથી. અમેરિકાની ગુપ્તચર એજન્સીનાં ચીફ પોતે ટ્રમ્પના દાવાને ખોટો ગણાવતાં હોય પછી ટ્રમ્પ અહમ સંતોષવા માટે જ હુમલો કરી રહ્યા છે તેનો બીજો શું પુરાવો જોઈએ?

ટ્રમ્પ સનકી છે અને પોતાની પહેલી ટર્મથી જ ઈરાનને સીધું દોર કરી નાંખવાના તેમને ચળ ઉપડી હતી. આ ખંજવાળ મટાડવા તેમણે હુમલો કરી દીધો છે તેથી વાર્યા એ વળવાના નથી. નાટોના દેશો તેમની સાથે નથી ને સ્ટ્રેઈટ ઓફ હોર્મુઝ ખાલી કરાવવા ઈરાન પર હુમલો કરવાના કામમાં સાથ આપવાનો તેમણે સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છતાં ટ્રમ્પ પાછા વળવા તૈયાર નથી એ જોતાં ઈરાન ટ્રમ્પને જોરદાર ફટકો મારીને તેમની સાન ઠેકાણે લાવે એ જ રસ્તો બચે છે. બાકી ટ્રમ્પની સનકના કારણે દુનિયાના ઘણા દેશોનાં અર્થતંત્ર બરબાદ થઈ જશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, શુક્રવાર, તા. ૨૦–૩–૨૦૨૬, ચંદ્રદર્શન

- ભારતીય દિનાંક ૨૯, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ચૈત્ર સુદ–૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ચૈત્ર, તિથિ સુદ–૨
- પારસી શહેનશાહી રોજ ૮મો દએપઆદર, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૮મો દએપઆદર, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી ગાથા–૫ વહિશ્તોઈશ્ત, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૩૦મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨જો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- નક્ષત્ર રેવતી મધ્યરાત્રિ પછી ક. ૨૬–૨૭ સુધી (તા. ૨૧), પછી અશ્વિની.
- ચંદ્ર મીનમાં મધ્યરાત્રિ પછી ક. ૨૬–૨૭ સુધી (તા. ૨૧), પછી મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૫, સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૯, સ્ટા. ટા.
- –ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
- ભરતીઃ બપોરે ક. ૧૨–૫૭, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૦૦ (તા. ૨૧)
- ઓટઃ રાત્રે ક. ૧૮–૫૩
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’ નામ સંવત્સર, ચૈત્ર શુક્લ – દ્વિતીયા. ચંદ્રદર્શન, મું. ૩૦, સામ્યાર્ઘ, શૃંગોન્નતિ, વિષુવવૃત્ત દિન, ઉત્તર ગોલારંભ, પંચક સમાપ્તિ મધ્યરાત્રિ પછી ક. ૨૬–૨૭, ચૈતી ચાંદ (સિંધી).
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત–પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, બુધ–શુક્ર ગ્રહદેવતાનું પૂજન, આજનો અમૃતસિદ્ધિ યોગ મુહૂર્ત સાધવા માટે શ્રેષ્ઠ છે. પરદેશગમનનું પસ્તાનું, સર્વશાંતિ, શાંતિપૌષ્ટિક પૂજા, નવાં વસ્રો, આભૂષણ, વાસણ, વાહન, હજામત, પશુ લે–વેંચ, યંત્રારંભ, દસ્તાવેજ, દુકાન–વેપાર, માલ લેવો, નોકરી, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું. પ્રયાણ શુભ, નામકરણ–દેવદર્શન અન્નપ્રાશન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ પાઠ વાંચન, પૂષા દેવતાનું પૂજન.
- ચૈત્ર માસ સંક્ષિપ્તઃ ચૈત્ર પક્ષ શુક્લપક્ષમાં એકમનો ક્ષય દિવસ–૧૪, કૃષ્ણપક્ષમાં દિવસ–૧૫, તિથિની ક્ષય વૃદ્ધિ નથી. પૂનમ અમાસનું ગ્રહણ નથી. ચૈત્રી નવરાત્રિ પર્વ તા. ૧૯ થી ૨૭ સુધી છે. ● ચૈત્રના મુહૂર્તઃ વાસ્તુ કળશઃ તા. ૨૧, ૨૩, ૨૪, ૨૯, એપ્રિલઃ તા. ૩, ૮, ઉપનયન, તા. ૨૦, ૨૪, ૨૯, એપ્રિલઃ તાઃ ૩, ૮, પ્રતિષ્ઠાઃ માર્ચ તા. ૨૫, એપ્રિલઃ તા. ૨, ૩, ૧૦, ૧૨, ૧૩. આ માસમાં લગ્ન મુહૂર્ત ગ્રાહ્ય નથી.
- આચમનઃ ચંદ્ર–ગુરુ ચતુષ્કોણ પૈસાનો વેડફાટ, ચંદ્ર–શુક્ર યુતિ કળાપ્રેમી
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર–શુક્ર યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય–મીન, મંગળ–કુંભ, વક્રી બુધ–કુંભ (બુધ દેખાશે, બુધ માર્ગી થાય છે.), માર્ગી ગુરુ–મિથુન, શુક્ર–મીન, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ–મીન (શનિ અસ્ત) રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

# વસતિ વધારો, સંયુક્ત કુટુંબમાં રહોઃ આંધ્રના મુખ્ય પ્રધાનની સલાહ

અમરાવતીઃ આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન એન. ચંદ્રબાબુ નાયડુએ ગુરુવારે રાજ્યની વસતિ વધારવાના હેતુથી વસતિ વ્યવસ્થાપન નીતિની જાહેરાત કરી હતી. તેમજ પરિવાર વ્યવસ્થાને મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

મુખ્ય પ્રધાને જણાવ્યું કે વૃદ્ધોની સારી સંભાળ અને સામાજિક સ્થિરતા વધારવા માટે સંયુક્ત પરિવાર વ્યવસ્થાને પુનર્જીવિત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વિજયવાડામાં સરકાર દ્વારા આયોજિત ઉગાડી ઉત્સવને સંબોધતા નાયડુએ કહ્યું કે વસતિ વ્યવસ્થાપન નીતિ દ્વારા અમે વસતિ વૃદ્ધિ માટે પગલાં લઇ રહ્યા છીએ. આપણે પરિવારો અને સમાજમાં મૂલ્યોને ફરી મજબૂત કરવા જોઇએ. આ નીતિ હેઠળ સરકાર બે કે ત્રણ બાળકો ધરાવતા પરિવારોને ૨૫,૦૦૦ રૂપિયાની આર્થિક મદદ પૂરી પાડશે.

મુખ્ય પ્રધાને કહ્યું કે ઘટતો જન્મ દર અને વધતી જતી વૃદ્ધ વસતિ વૈશ્વિક સ્તરે ગંભીર ચિંતાનો વિષય બની રહી છે. આ વલણ દક્ષિણ ભારતમાં પણ જોવા મળી રહ્યું છે. તેમણે કહ્યું કે પહેલા હું કહેતો હતો કે એક બાળક આદર્શ છે, બે ઠીક છે અને ત્રણ યોગ્ય નથી. હવે હું તેને ઉલટાવી રહ્યો છું. એક બાળક પૂરતું નથી, બે સારા છે અને ત્રણ તેનાથી પણ સારું છે.

મુખ્ય પ્રધાને ચેતવણી આપી કે વસતિમાં સતત ઘટાડાથી ભવિષ્યમાં મશીનો અને ઓટોમેશનનો દબદબો વધી શકે છે. જેથી કાર્યબળમાં માનવ ભાગીદારી ઘટી જશે. તેમણે કહ્યું કે સામાજિક સ્થિરતા જાળવી રાખવા માટે આદર્શ રીતે એક દંપતીને ૨.૧ બાળકો હોવા જોઇએ, પરંતુ રાજ્યમાં આ દર ઘટીને લગભગ ૧.૫ થઇ ગયો છે. જેનાથી લાંબા ગાળાના વસતિ વિષયક અસંતુલનને લઇને ચિંતાઓ વધી રહી છે.

નાયડુએ તમામ લોકોને આર્થિક, સામાજિક અને આરોગ્ય સુરક્ષા પૂરી પાડવાની તેમની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમજ સંયુક્ત પરિવારોનાં મૂલ્યોને પ્રોત્સાહન આપવા અને આવી વ્યવસ્થાઓને પ્રોત્સાહન આપવા માટે ઉપાયોની યોજના ઘડવા પર પણ ભાર મૂક્યો હતો. ■

# વિશ્વ યુદ્ધની આગમાં સળગે છે, ભારત ‘રામ રાજ’માં જીવે છેઃ આદિત્યનાથ

અયોધ્યાઃ જ્યારે સમગ્ર વિશ્વ યુદ્ધોની આગમાં સળગી રહ્યું છે ત્યારે ભારત રામ રાજ્યનો અનુભવ કરી રહ્યું છે. આ ટિપ્પણી ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે ગુરુવારે કરી હતી.

આદિત્યનાથે અયોધ્યામાં એક સભાને સંબોધિત કરતી વખતે આ વાત કહી હતી. આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ પણ ઉપસ્થિત હતા. તેમણે રામ મંદિરમાં ૧૫૦ કિલો સોનાથી મઢેલું ‘શ્રી રામ યંત્ર’ સ્થાપિત કર્યું હતું. તેમણે કહ્યું કે વર્તમાનમાં સમગ્ર વિશ્વમાં ઘણા યુદ્ધો ચાલી રહ્યા છે. ચારેકોર અશાંતિ, આર્થિક ઉથલપાથલ, ભય અને આતંકનો માહોલ છે. પરંતુ અહીં ભારતમાં અને ખાસ કરીને અયોધ્યા ધામમાં આપણે ભયથી મુક્ત થઇને હજારોની સંખ્યામાં એકઠા થયા છીએ.

આદિત્યનાથે કહ્યું કે શ્રી રામ યંત્રની સ્થાપનાના આ સમારોહમાં ભાગ લઇને આપણે ખરેખર રામ રાજ્યના સાચા સારનો અનુભવ કરી રહ્યા છીએ. મુખ્ય પ્રધાને સંતો અને ખેડૂતોને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં કહ્યું કે ‘અતૂટ શ્રદ્ધા’એ હંમેશા ભારતને સંગઠિત અને મહાન રાષ્ટ્ર તરીકે સુરક્ષિત રાખ્યું છે.

તેમણે કહ્યું કે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભૂમિ પૂજન, રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા, રામ દરબારની મૂર્તિઓની સ્થાપના અને હવે શ્રી રામ યંત્રનો સમારોહ– આ બધા કાર્યક્રમો દેશની ઊંડી શ્રદ્ધાને પ્રતિબિંબિત કરે છે. આદિત્યનાથે કાર્યક્રમમાં રાષ્ટ્રપતિને સ્મૃતિચિહ્ન અર્પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ અને માતા અમૃતાનંદમયી પણ ઉપસ્થિત રહ્યા હતા. ■

# કૌભાંડી કલ્પેશ પટેલની અમેરિકામાં શોધખોળ

વૉશિંગ્ટનઃ વર્ષ ૨૦૧૭થી વર્ષ ૨૦૨૧ દરમિયાન અનેક લોકો સાથે કરેલી કથિત છેતરપિંડીને મામલે ભારતીય નાગરિક કલ્પેશકુમાર રસિકભાઈ પટેલની શોધખોળ કરવામાં આવી રહી હોવાનું અમેરિકાના ફેડરલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (એફબીઆઈ)એ બુધવારે કહ્યું હતું.

સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં એફબીઆઈએ જણાવ્યું હતું કે કૅની પટેલ તરીકે પણ જાણીતો ૩૫ વર્ષનો કલ્પેશ પટેલ ઈલિનૉઈસ અને પૅન્સિલ્વેનિયા વચ્ચે ક્યાંક રહેતો હોવાનું કે પછી પ્રવાસ કરતો હોવાનું માનવામાં આવે છે.

ફ્યુઅલ સ્ટેશન પર ઍટેન્ડન્ટ તરીકે કામ કરતો કલ્પેશ પટેલ રાષ્ટ્રવ્યાપી સ્કીમ મારફતે વર્ષ ૨૦૧૭થી વર્ષ ૨૦૨૧ દરમિયાન અનેક લોકો સાથે કરેલી કથિત છેતરપિંડીને મામલે વૉન્ટેડ છે.

એફબીઆઈના જણાવ્યા અનુસાર છેતરપિંડીનો ભોગ બનેલા અનેક લોકોનો ફોન મારફતે સંપર્ક કરવામાં આવ્યો હતો અને છેતરપિંડી કરવા તેમ જ ગુનાઈત પ્રવૃત્તિઓ માટે તેમની વ્યક્તિગત ઓળખ અને અંગત માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

છેતરપિંડીનો ભોગ બનેલા લોકોને રોકડમાં કે પછી પ્રિપેઈડ ડૅબિટ કાર્ડ મારફતે રકમ મોકલવા મનાવી લેવામાં આવ્યા હતા.

કલ્પેશ પટેલ પર ઈમેલ ઍન્ડ વાયર ફ્રોડ કાવતરું ઘડી કાઢવાનો આરોપ મુકવામાં આવ્યા બાદ બાવીસ જૂન ૨૦૨૩ના યુનાઈટેડ ડિસ્ટ્રિક્ટ કોર્ટ, કૅન્ટુકી ઈસ્ટર્ન ડિસ્ટ્રિક્ટ કોર્ટ, લંડન કૅન્ટુકી કોર્ટ દ્વારા ધરપકડનું વૉરન્ટ બહાર પાડવામાં આવ્યું હતું.

કલ્પેશ પટેલને ભાગેડુ જાહેર કરવામાં આવ્યો છે અને તેના અંગેની મળેલી માહિતી નજીકની અમેરિકાની એલચી કચેરીમાં આપવાનું એફબીઆઈએ જણાવ્યું છે. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### બજારમાં ભયાનક

૨,૭૫૩.૧૮ પોઈન્ટ અથવા ૩.૫૮ ટકા તૂટીને ૭૩,૯૫૦.૯૫ની સપાટીને અથડાયા બાદ અંતે ૨,૪૯૬.૮૯ પોઈન્ટ અથવા ૩.૨૬ ટકા ઘટીને ૭૪,૨૦૭.૨૪ પર સ્થિર થયો હતો, જે જૂન ૨૦૨૪ પછીનો તેનો સૌથી મોટો એક દિવસીય કડાકો દર્શાવે છે. જ્યારે નિફ્ટી ૭૭૫.૬૫ પોઈન્ટ અથવા ૩.૨૬ ટકા ઘટીને ૨૩,૦૦૨.૧૫ પર બંધ થયો હતો.

એ જ રીતે, બુલિયન બજારમાં પણ કડાકાનો દોર ચાલુ રહ્યો હતો. કોમેક્સ ગોલ્ડે લગભગ ૧૦૦ ડોલરના કડાકા સાથે ૪૭૦૦ ડોલરની સપાટી તોડી નાખી હતી. કોમેક્સ ગોલ્ડમાં બે દિવસમાં લગભગ ૩૦૦ ડોલરનું ધોવાણ થયું છે. સ્થાનિક ઝવેરી બજારમાં શુદ્ધ સોનાનો ભાવ દસ ગ્રામદીઠ રૂ. ૬૯૯૦ના કડાકા સાથે રૂ. ૧,૪૭,૮૮૯ અને ૯૯૫ ટચના સોનાના ભાવ રૂ. ૬૯૫૯ પ્રતિ દસ ગ્રામના ઘટાડા સાથે રૂ. ૧,૪૭,૨૯૭ની સપાટીએ પહોંચ્યો હતો. જ્યારે હાજર ચાંદી એક કિલોદીઠ રૂ. ૨૦,૦૦૩૪ના જોરદાર કડાકા સાથે રૂ. ૨,૪૯,૯૦૭ની સપાટીએ સ્થિર થઇ હતી.

વૈશ્વિક શેરબજારમાંથી નબળા સંકેતો અને અમેરિકા તથા ઈરાન વચ્ચે ચાલી રહેલા લશ્કરી સંઘર્ષને કારણે ઊર્જા પુરવઠામાં સંભવિત વિક્ષેપ અને ફુગાવા અંગેની ચિંતાઓએ રોકાણકારોને વધુ વેચવાલી કરવા પ્રેર્યા હતા. આ ઉપરાંત એફઆઇઆઇની સતત વેચવાલીએ પણ ઇક્વિટી માર્કેટનું સેન્ટિમેન્ટ બગાડ્યું હતું.

ક્રૂડ ઓઇલ સપ્લાયમાં સંભવિત વિક્ષેપો, વધતા ફુગાવાના દબાણ અને આર્થિક વિકાસ પર સંભવિત અસર અંગેની ચિંતા તેમ જ વિદેશી સંસ્થાકીય રોકાણકારોના સતત વેચાણ અને રૂપિયામાં નબળાઈએ રોકાણકારોનું માનસ ખોરવી નાખ્યું છે.

અગાઉ, બુધવારે અમેરિકન ડૉલર સામે ભારતનો રૂપિયો નવી વિક્રમી નીચી સપાટીએ પહોંચ્યો હતો. મજબૂત ડૉલર અને ફોરેન ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર્સ (એફઆઈઆઈ)એ ભારતની બજારમાંથી નાણાં ઉપાડવાનું ચાલુ કરતા એક ડૉલર સામે રૂપિયાનો ભાવ ૯૨.૮૯ થયો હતો.

ગ્લોબલ માર્કેટમાં ખનીજ તેલના વધતા ભાવ અને પશ્ચિમ એશિયામાં ભીષણ બનતા યુદ્ધને લીધે સેન્ટિમેન્ટ ખરડાઈ રહી છે, એવી માહિતી ફોરેક્સ ટ્રેડર્સે આપી હતી.

બુધવારે ઈન્ટરબૅન્ક ફોરેન એક્સચેન્જમાં ડૉલર સામે રૂપિયો ૯૨.૪૨ના ભાવે ખુલ્યો હતો. મોટા ભાગના સત્રમાં ૯૨.૪૧થી ૯૨.૪૮ની રેન્જમાં રહ્યો હતો. જોકે સત્રના અંતમાં તે વધુ નબળો પડ્યો હતો. તે અગાઉના બંધ કરતાં ૨૩ પૈસા નીચે એટલે કે ૯૨.૬૩ રૂપિયે બંધ રહ્યો હતો. સત્ર દરમિયાન રૂપિયાએ તેના રેકોર્ડ ઈન્ટ્રા-ડે લો (૯૨.૬૫) જોયો હતો. મંગળવારની શરૂઆતમાં રૂપિયો ડૉલરની તુલનામાં સૌથી નીચા ઈન્ટ્રા ડે લેવલ એટલે કે ૯૨.૪૭ રહ્યો હતો. જોકે તે પછી ૯૨.૪૦ની અગાઉની સર્વકાલીન નીચી સપાટીએ સ્થિર થયો હતો. મોટા ભાગની સેન્ટ્રલ બૅન્કોની મીટિંગ પહેલાં રૂપિયો નવી નીચી સપાટીએ પહોંચ્યો છે. (એજન્સી) ■

### સૌરાષ્ટ્ર, કચ્છમાં

તાત્કાલિક ધોરણે બંધ કરી દેવામાં આવી હતી. આ સિવાય અમરેલીના વડિયા અને બગસરા તેમ જ જામનગર જિલ્લાના કાલાવડના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ગાજવીજ સાથે કમોસમી વરસાદ નોંધાયો હતો.

બુધવાર મોડી રાત્રીથી જ ભુજ સહિત કચ્છના અનેક ભાગોમાં ધૂળની ડમરીઓ અને કમોસમી વરસાદી ઝાપટાં પડ્યા છે અને ગુરુવારે પણ બપોર બાદ મેઘગર્જના અને પ્રતિ કલાકે ૪૦ કિલિમોટરની ઝડપથી ફૂંકાતા ઠંડા પવનો વચ્ચે વાતાવરણ ચોમાસાં જેવું થઇ ગયું હતું.

કચ્છના નખત્રાણા, સીમાવર્તી લખપત અને અબડાસામાં ભારે ઠંડા પવનો ફૂંકાવાની સાથે કમોસમી વરસાદી ઝાપટાં પડતાં અનેક જગ્યાએ વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. અમદાવાદ, વડોદરામાં પણ ગુરવારે વહેલી સવારથી વાતાવરણ પલટાયું હતું. અમદાવાદમાં ધૂળની ડમરીઓ ઊડી હતી અને સાંજે ભારે પવન પણ ફૂંકાયો હતો.

આ કમોસમી વરસાદ અને વાવાઝોડાને કારણે જગતનો તાત ચિંતામાં મુકાયો છે. ખેતરોમાં તૈયાર ઊભેલા ઘઉં, જીરું, ધાણા અને ચણા જેવા રવી પાકોને મોટાપાયે નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. આ સાથે બાગાયતી પાકોને પણ નુકસાન થવાની શક્યતા છે.

હવામાન વિભાગ દ્વારા આજે કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, અમરેલી અને ભાવનગર જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે.

અગાઉના અહેવાલ મુજબ ગુજરાતમાં ચૈત્રી નવરાત્રીના પ્રથમ નોરતે જ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. સૌરાષ્ટ્ર અને કચ્છ જિલ્લામાં ભારે પવન સાથે કમોસમી વરસાદ ખાબક્યો હતો. સાંજે ૬ વાગ્યા સુધીમાં રાજ્યના ૩૬ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ વરસાદ રાજકોટ શહેર અને ભેંસાણમાં ૧.૩૮ ઇંચ નોંધાયો હતો. બગસરામાં ૦.૮૭ ઇંચ, ધોરાજી અને ઓખામંડળમાં ૦.૭૯ ઇંચ, ઉપલેટામાં ૦.૬૭ ઇંચ, લોધિકા, મુંદરા અને લાલપુરમાં ૦.૬૩ ઇંચ વરસાદ નોંધાયો હતો. ઘણા વિસ્તારોમાં વરસાદ સાથે કરા પણ પડ્યા હતા.

રાજકોટમાં અમીન માર્ગ પર તોતિંગ વૃક્ષ ધરાશાયી થતાં વીજ લાઈન પર પડ્યું હતું, જેના કારણે વીજળીનો વાયર તૂટી જતાં નજીકના સબ સ્ટેશનમાં જોરદાર ધડાકો થયો હતો. આ ઉપરાંત, જિલ્લાના જસદણ, ધોરાજી, જેતપુર અને ગોંડલ પંથકમાં પણ ભારે પવનના કારણે અનેક વૃક્ષો અને વીજ પોલ ધરાશાયી થવાના અહેવાલો પ્રાપ્ત થયા હતા. ભાવનગર, હળવદ સહિત અનેક સ્થળે વરસાદ પડયો હતો.

જૂનાગઢના ગિરનાર પર્વત પર વરસાદ પડ્યો હતો, ભારે પવન અને સુરક્ષાના કારણોસર ગિરનાર રોપવે સેવા તાત્કાલિક ધોરણે બંધ કરી દેવામાં આવી હતી. આ સિવાય અમરેલીના વડિયા અને બગસરા તેમજ જામનગર જિલ્લાના કાલાવડના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ગાજવીજ સાથે કમોસમી વરસાદ નોંધાયો હતો. બુધવાર મોડી રાત્રીથી જ ભુજ સહિત કચ્છના અનેક ભાગોમાં ધૂળની ડમરીઓ અને કમોસમી વરસાદી ઝાપટાં પડ્યા છે અને ગુરુવારે પણ બપોર બાદ મેઘગર્જના અને પ્રતિ કલાકે ૪૦ કિલોમીટરની ઝડપથી ફૂંકાતા ઠંડા પવનો વચ્ચે વાતાવરણ ચોમાસાં જેવું થઇ ગયું હતું.

કચ્છના નખત્રાણા, સીમાવર્તી લખપત અને અબડાસામાં ભારે ઠંડા પવનો ફૂંકાવાની સાથે કમોસમી વરસાદી ઝાપટાં પડતા અનેક જગ્યાએ વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. અમદાવાદ, વડોદરામાં પણ ગુરુવારે વહેલી સવારથી વાતાવરણ પલટાયું હતું. અમદાવાદમાં ધૂળની ડમરીઓ ઊડી હતી અને સાંજે ભારે પવન પણ ફૂંકાયો હતો.

આ કમોસમી વરસાદ અને વાવાઝોડાને કારણે જગતનો તાત ચિંતામાં મુકાયો છે. ખેતરોમાં તૈયાર ઊભેલા ઘઉં, જીરું, ધાણા અને ચણા જેવા રવિ પાકોને મોટાપાયે નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. આ સાથે બાગાયતી પાકોને પણ નુકસાન થવાની શક્યતા છે. હવામાન વિભાગ દ્વારા કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, અમરેલી અને ભાવનગર જિલ્લામાં કમોસમી વરસાદ પડયો હતો. ■

### કાશ્મીર, હિમાચલમાં

શ્રદ્ધાળુઓએ શક્તીપીઠ સામે સર્પાકાર લાઈન લગાડી હતી તો હિમવર્ષાને કારણે ઉત્સાહિત બનેલા પર્યટકોએ મનાલી અને અટલ ટનલ તરફ પ્રયાણ કર્યું હતું. જોકે ભારે બરફ જમા થઈ ગયો હોવાને કારણે વાહનોને સોલાન્ગ વૅલીથી આગળ જતા રોકવામાં આવ્યા હતા. (એજન્સી) ■

### ગુજરાત સરકારની

આવ્યો હતો અને જોરથી બરાડ્યો હતો ‘અનધર રાઉન્ડ, અનધર રાઉન્ડ’. આ કૃત્ય બદલ તેને જરા પણ પસ્તાવો નહોતો, એમ તેમણે કહ્યું હતું.

આરોપી ડ્રગ્સનો એડિક્ટ છે અને સમાજ માટે જોખમી છે તેમ જ નાર્કોટિક ડ્રગ્સ ઍન્ડ સાયકોટ્રોપિક સબ્સ્ટેન્સિસ (એનડીપીએસ) હેઠળ તેની વિરુદ્ધ વધુ એક ગુનો દાખલ કરવામાં આવેલો છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### ગુજરાત-મહારાષ્ટ્રને

ટકા છે,’’ એવું તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું હતું. વાણિજ્યિક વિશ્લેષણના ડેટા માટે રાષ્ટ્રીય-આયાત-નિકાસ રેકોર્ડ મુજબ, ભારતમાંથી મોકલવામાં આવેલા કાપડ માલનું મૂલ્ય ૩૬૬૧૦ મિલ્યન ડૉલર હતું, જેમાંથી તમિળનાડુનો હિસ્સો ૭૯૯૭.૧૭ મિલ્યન ડોલર હતો. ■

### ₹ ૨,૯૨૯ કરોડની

અનિલ અંબાણી ૧૯ અને ૨૦ માર્ચે સીબીઆઈના વડા મથકે હાજરી આપશે જે કેસને મામલે તપાસ કરી રહેલી તમામ તપાસ એજન્સીઓને સંપૂર્ણ સહકાર આપવાની અનિલ અંબાણીની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા સાથે કરેલી કથિત રૂ. ૨,૯૨૯ કરોડની છેતરપિંડીને મામલે સીબીઆઈએ ગયા વર્ષના ઑગસ્ટમાં અનિલ અંબાણીને અટકાયતમાં લીધા હતા.

દાખલ કરવામાં આવેલી ફરિયાદ મુજબ અનિલ અંબાણીની કંપનીએ એસબીઆઈ સહિત જુદા જુદા ધિરાણકર્તાઓને કુલ રૂ. ૪૦,૦૦૦ કરોડ કરતાં પણ વધુ ચુકવવાના બાકી નીકળે છે. જોકે અનિલ અંબાણીએ આ તમામ આક્ષેપોને નકારી કાઢ્યા હતા અને આ મામલે તેઓ પોતાનો બચાવ કરશે, એમ પ્રવક્તાએ કહ્યું હતું. (એજન્સી) ■

### કતારના ગૅસ

કરીને જણાવ્યું હતું કે ઈમરજન્સી ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને આગને કાબૂમાં લીધી હતી. સદ્નસીબે કોઈ જાનહાનિ થઈ નથી. નોંધનીય છે કે ઈઝરાયલે બુધવારે ઈરાનના સાઉથ પાર્સ ગૅસ ક્ષેત્ર પર હુમલો કર્યો. આ હુમલામાં ઈરાનના પેટ્રોકેમિકલ સંકુલને નિશાન બનાવવામાં આવ્યું હતું. ગુસ્સે ભરાયેલા ઈરાને બદલો લેતા સાઉદી અરેબિયા, યુએઈ અને કતારમાં એનર્જી પ્લાન્ટ પર હુમલાઓ કર્યા હતા. કતારના વિદેશ મંત્રાલયે આ હુમલાની સખત નિંદા કરી છે.

ઈરાને સાઉદી અરેબિયા પર પણ મિસાઇલો છોડી હતી. સાઉદી સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે રિયાધ તરફ જતી ચાર બેલિસ્ટિક મિસાઇલોને અટકાવવામાં આવી હતી, પરંતુ તે અનેક સ્થળોએ પડી હતી, જેમાં ચાર લોકો ઘાયલ થયા હતા.

કતારના મુખ્ય એલએનજી પ્લાન્ટ પર હુમલાથી યુરોપમાં ગૅસના ભાવમાં અચાનક ૩૦ ટકાથી વધુનો ઉછાળો આવ્યો છે. યુરોપિયન દેશો ગભરાટમાં આવીને એલએનજી ખરીદી રહ્યા છે અને માગમાં અચાનક વધારો થવાથી ભાવમાં વધારો થયો છે.

યુરોપે ૨૦૨૨થી રશિયા પર ગૅસ નિર્ભરતા ઘટાડી છે અને કતાર પાસેથી ખરીદી વધારી દીધી છે. જોકે, કતાર હવે કટોકટીમાં છે. અમેરિકન પ્રતિબંધો છતાં કેટલાક યુરોપિયન દેશો હજુ પણ રશિયા પાસેથી એલએનજી ખરીદે છે. દરમિયાન ભારત માટે પડકારો વધી રહ્યા છે, જે કતારથી ગૅસ આયાત પણ કરે છે. કતારના સૌથી મોટા એલએનજી પ્લાન્ટ બંધ થવાથી પુરવઠો રોકાશે જેના કારણે દેશમાં સીએનજી અને પીએનજીના ભાવમાં વધારો થવાની શક્યતા છે. ■

# જેલમાંથી છૂટ્યાની ખુશીમાં ફટાકડા ફોડી હંગામો કરનારો આરોપી ફરી જેલભેગો

## ફટાકડા ફોડતા રોકવાનો પ્રયાસ કરનારા કોન્સ્ટેબલની મારપીટઃ આરોપીના બે સાથી ફરાર

થાણેઃ કલ્યાણની જેલમાંથી જામીન પર છૂટ્યાની ખુશીમાં મધરાતે જેલબહાર જ ફટાકડા ફોડી હંગામો મચાવવાનું આરોપીને ભારે પડી ગયું હતું. હંગામો મચાવનારા આરોપી અને તેના બે સાથીને રોકવાનો પ્રયાસ કરનારા પોલીસ કોન્સ્ટેબલની મારપીટ પણ કરવામાં આવી હતી. આખરે જામીન પર છૂટેલા આરોપીને ફરી જેલભેગો કરી દેવામાં આવ્યો હતો અને ફરાર તેના બે સાથીની શોધ હાથ ધરાઈ હતી.

ખડકપાડા પોલીસના જણાવ્યા મુજબ ઘટના શનિવારની મધરાતે કલ્યાણની આધારવાડી જેલની બહાર બની હતી. જામીન મંજૂર થયા બાદ આરોપીને જેલમાંથી છોડવામાં આવ્યાની ખુશીમાં ફટાકડા ફોડવામાં આવ્યા હતા. ડિસ્ટ્રિક્ટ જેલના વરિષ્ઠ અધિકારી અભિજિત સુદામ કોળી (૪૦)ની ફરિયાદને આધારે આ મામલે પોલીસે ગુનો નોંધ્યો હતો.

આ કેસના મુખ્ય આરોપી રોહિત ગણેશ જગદાળેને જેલમાંથી છોડવામાં આવ્યો હતો. તે સમયે જગદાળેના બે સાથી તેને મળવા જેલબહાર આવ્યા હતા. જગદાળે જેલબહાર આવ્યો તેની ખુશીમાં ત્રણેય જણે ફટાકડા ફોડી હંગામો મચાવ્યો હતો. કહેવાય છે કે આરોપી સળગતા ફટાકડા હવામાં ઉછાળી રહ્યા હતા.

જેલના ગેટ પર સિક્યોરિટી માટે તહેનાત કોન્સ્ટેબલ અમોલ દેસલેએ આરોપીઓને આ રીતે ફટાકડા ફોડતા રોકવાનો પ્રયાસ કર્યો હતો. સુરક્ષાનાં કારણોસર જેલની દીવાલ ઉપરની કાંટાળી વાડમાંથી ૪૪૦ વૉલ્ટનો વીજપ્રવાહ પસાર થતો હોવાની જાણકારી હોવા છતાં આરોપીએ જોખમી રીતે ફટાકડા ફોડવાનું ચાલુ રાખ્યું હતું. હંગામો કરનારા આરોપીઓએ બાદમાં કોન્સ્ટેબલને ગાળાગાળી કરી મારપીટ કરવા માંડી હતી. જેલમાં હાજર અન્ય સુરક્ષાકર્મીઓ કોન્સ્ટેબલની મદદે દોડી આવ્યા હતા અને આરોપી જગદાળેને પકડી પાડ્યો હતો. તેની વિરુદ્ધ ખડકપાડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. (પીટીઆઈ) ■

# અકસ્માતમાં યુવકનું મૃત્યુઃ ૪૦.૦૮ લાખનું વળતર

થાણેઃ થાણે મોટર એક્સિડેન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) ૨૦૧૭માં ટ્રેલરને સંડોવતા માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા ૩૬ વર્ષના સુપરવાઇઝરના પરિવારજનોને ૪૦.૦૮ લાખ રૂપિયા વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

કે.પી. શ્રીખંડેએ ૧૩ માર્ચે આપેલા આદેશમાં ટ્રેલરના માલિક તથા વીમા કંપનીને મૃતક નૂર મોહંમદ ફતેહ મોહંમદ ચૌધરીના પરિવારજનોને સંયુક્ત રીતે અને અલગ અલગ રીતે વળતર ચૂકવવાના નિર્દેશ આપ્યા હતા. મુંબ્રા-પનવેલ માર્ગ પર ૨૪ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ અકસ્માત થયો હતો. નૂર મોહંમદ ચૌધરી મોટરસાઇકલની પાછળ બેઠો હતો ત્યારે પૂરપાટ વેગે આવનારા ટ્રેલરે મોટરસાઇકલને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં નૂર મોહંમદ ચૌધરીનું ઘટનાસ્થળે મૃત્યુ થયું હતું. મોટરસાઇકલસવારની બેદરકારી હોવાની વીમા કંપનીની દલીલને ટ્રિબ્યુનલે ફગાવી દીધી હતી. ■




# લોન ડિફોલ્ટર્સ દ્વારા નાદારી અને નાદારી કોડનો દુરુપયોગ અર્થતંત્ર પર ખરાબ અસર કરે છેઃ હાઇ કોર્ટ

મુંબઈ : બોમ્બે હાઈ કોર્ટે લોન ડિફોલ્ટર્સ અને ગેરેંટર્સ દ્વારા નાદારી અને નાદારી સંહિતા (આઈબીસી) ની જોગવાઈઓનો દુરુપયોગ કરીને મોરેટોરિયમ લાદવાની નિંદા કરી છે અને કહ્યું છે કે આ પ્રથા દેશના અર્થતંત્ર પર પ્રતિકૂળ અસર કરે છે.

બુધવારે પસાર કરાયેલા એક આદેશમાં ન્યાયાધીશ મનીષ પિટલે અને શ્રીરામ શિરસાટની બેન્ચે જણાવ્યું હતું કે લોન ડિફોલ્ટર્સની આવી વ્યૂહરચના આઈબીસીના ઉદ્દેશ્યને હાનિ પહોંચાડે છે અને સુરક્ષિત લેણદારો દ્વારા લેવામાં આવેલા કાયદેસર પગલાંની સમગ્ર પ્રક્રિયાને લકવાગ્રસ્ત કરે છે અને ઉમેર્યું હતું કે જ્યારે કાનૂની જોગવાઈઓનો દુરુપયોગ થાય ત્યારે કોર્ટ મૂક પ્રેક્ષક બની રહી શકે નહીં.

કોર્ટે કહ્યું કે તેણે એક ''નિરાશ કરનારું વલણ'' જોયું છે જેમાં ડિફોલ્ટર્સ સુરક્ષિત લેણદારો અને હરાજી ખરીદદારોને નાણાકીય સંપત્તિના સિક્યોરિટાઇઝેશન અને પુનર્નિર્માણ અને સુરક્ષા હિત કાયદાના અમલીકરણની જોગવાઈઓ હેઠળ કાર્યવાહી કરવાથી રોકવા માટે આઈબીસી ની જોગવાઈઓનો આશરો લે છે. તેના ચુકાદામાં હાઈ કોર્ટે નોંધ્યું હતું કે આઈબીસીનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે, નાદારી નિરાકરણ સમયમર્યાદામાં હાથ ધરવામાં આવે જેથી સંપત્તિનું સારું મૂલ્ય મળે, ધિરાણની ઉપલબ્ધતા થાય અને તમામ હિસ્સેદારોનું હિત સચવાય.

દક્ષિણ મુંબઈની એક મિલકત માટે સફળ હરાજી બોલી લગાવનારા રોઝીના ફિરોઝ હાજિયાની અને અન્ય લોકોએ દાખલ કરેલી અરજીમાં આ ટિપ્પણી કરી હતી. આ અરજીમાં ડેટ રિકવરી ટ્રિબ્યૂનલ (ડીઆરટી) દ્વારા એનસીએલટી સમક્ષ આઈબીસી હેઠળ કાર્યવાહી શરૂ કરવામાં આવી હોવાથી તેમની વેચાણ નોંધણી અટકાવી દેવાના આદેશને પડકારવામાં આવ્યો હતો.

યુનિયન બેંક ઓફ ઈન્ડિયાએ લોન લેનારાઓને ૬.૨૫ કરોડ રૂપિયાની ક્રેડિટ સુવિધા આપી હતી જેના બદલામાં દક્ષિણ મુંબઈમાં આવેલી મિલકત ગીરવે મૂકવામાં આવી હતી. દેવાદારો ચુકવણીમાં નિષ્ફળ જતાં બેંકે હરાજી કરીને મિલકત વેંચી હતી. તે પછી દેવદારો દ્વારા એનસીએલટીનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

હાઈ કોર્ટે તેના આદેશમાં નોંધ્યું હતું કે આ કેસમાં, એનસીએલટી સમક્ષ દેવાદારો દ્વારા દાખલ કરવામાં આવેલી કાર્યવાહી પહેલાં વેચાણ પ્રમાણપત્ર જારી કરવામાં આવ્યું હતું અને તેથી મોરેટોરિયમ વેચાણને અસર કરી શકતું નથી અને ડીઆરટી આને ધ્યાનમાં લીધું નથી.

કોર્ટે ડીઆરટી દ્વારા પસાર કરાયેલા આદેશને રદ કર્યો અને કહ્યું કે બેંક હરાજી વેચાણ અને અરજદારોના પક્ષમાં જારી કરાયેલ વેચાણ પ્રમાણપત્રની નોંધણીના અનુસંધાનમાં વધુ પગલાં લઈ શકે છે. (પીટીઆઈ)■

### પાલઘરમાં છ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ

# વિશેષ પોક્સો કોર્ટે આરોપીને આજીવન કારાવાસની સજા ફટકારી

થાણેઃ પાલઘર જિલ્લામાં ૨૦૧૮માં છ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચરવાના ગુનાને 'જઘન્ય' ગણાવીને વિશેષ પોક્સો કોર્ટે આરોપીને આજીવન કારાવાસની સજા ફટકારી હતી.

વિશેષ જજ એન.કે. કાંરેડેએ ૧૧ માર્ચે આપેલા ચુકાદામાં આરોપી સંદેશ ગણપત ખરપડે (૩૫)ને ભારતીય દંડસંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની સંબંધિત કલમો હેઠળ દોષી ઠેરવ્યો હતો. કોર્ટે આરોપી સંદેશ ખરપડેને સજા ઉપરાંત પાંચ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.તપાસકર્તા પક્ષના જણાવ્યા મુજબ પાલઘર જિલ્લાના વાડા તાલુકામાં પાંચમી ઑગસ્ટ, ૨૦૧૮ના રોજ આ ઘટના બની હતી.

બાળકીનાં માતા-પિતા કામે ગયા હતા ત્યારે આરોપી મીઠાઇ આપવાને બહાને બાળકીને પોતાના ઘરે લઇ ગયો હતો અને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આરોપીના કૃત્યથી બાળકીને ઇજા થઇ હતી અને બાદમાં તેનાં માતા-પિતાએ લોહી વહેતું જોયું હતું.કોર્ટે પીડિતાની 'વિશ્વસનીય' જુબાની તેમ જ હુમલાની પુષ્ટિ કરતા તબીબી પુરાવા પર આધાર રાખ્યો હતો. આરોપીએ આચરેલા ગુનાને 'જઘન્ય' ગણાવ્યો હતો.બચાવ પક્ષે દલીલ કરી હતી કે અગાઉના વિવાદને કારણે ખોટી રીતે કેસ દાખલ કરવામાં આવ્યો હતો અને પીડિતાના અંગો પર બાહ્ય ઇજાઓના અભાવ તરફ ધ્યાન દોર્યું હતું. જોકે કોટે આ દાવાઓને ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે કોઇ પણ માતા-પિતા તેમના બાળકના જીવનને 'એરણ' પર નહીં મૂકે અને તેને બરબાદ કરશે નહીં.આરોપીએ તેની નબળી નાણાકીય સ્થિતિ અને પહેલી વાર ગુનો આચર્યાનો ઉલ્લેખ કરીને દયા દાખવવાની વિનંતી કરી હતી. જોકે કોર્ટે જણાવ્યું હતું કે ગુનો જઘન્ય હોવાથી આરોપીને ગંભીર સજા થવી જોઇએ. વિશેષ સરકારી વકીલ વિજય એમ. મુંડેએ આરોપો પુરવાર કરવા માટે પીડિતા સહિત ૧૨ સાક્ષીદારને ચકાસ્યા હતા. (પીટીઆઇ) ■

# ભિવંડીમાં ફર્નિચરના ગોડાઉનમાં ભીષણ આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાં ગુરુવારે સવારના ફર્નિચરના ગોડાઉનમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું.

ભિવંડી-નિઝામપુર પાલિકાના ફાયર ઓફિસર નીતિન ચવ્હાણે જણાવ્યું હતું કે ભિવંડીમાં કશેળી બ્રિજ બાજુમાં ચામુંડા કૉમ્પ્લેક્સમાં ફર્નિચરનાં ગોડાઉન આવેલાં છે. ગુરુવારે સવારના ૧૧.૩૦ વાગે ફર્નિચરના એક ગોડાઉનમાં આગ ફાટી નીકળી હતી. ગોડાઉનમાં મોટા પ્રમાણમાં લાકાડાનું ફર્નિચર હોવાથી આગ ઝડપભેર બાજુમાં આવેલા અન્ય ગોડાઉનમાં પણ લાગી હતી. આગ ભીષણ હોવાથી ભિવંડીની સાથે જ થાણે અને કલ્યાણથી પણ ફાયરબ્રિગેડને બોલાવવામાં આવી હતી. ગોડાઉનમાં અને તેની બહારના પરિસરમાં ફર્નિચર બનાવવા માટે વાપરવામાં આવતા જ્વલનશીલ પર્દાથનો મોટા પ્રમાણમાં જથ્થો રાખવામાં આવ્યો હોવાથી આગ ઝડપભેર ફેલાઈ હતી અને તેમાંથી નીકળી રહેલા ધુમાડાને કારણે ફાયરબ્રિગેડને આગ બુઝાવવાની કામગીરી દરમ્યાન પણ અવરોધ નિર્માણ થયો હતો.આગ પર મોડેથી નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. જોકે આગમાં ત્રણથી ચાર ગોડાઉન બળીને ખાખ થઈ ગયાં હતાં. આગમાં મોટા પ્રમાણમાં માલસામાનનું નુકસાન થયું હતું. સદ્નસીબે કોઈ જખમી થયું નહોતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. તપાસ બાદ ચોક્કસ કારણ જાણી શકાશે એવું ફાયરબ્રિગેડના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું. ■

# મીરા રોડમાં લોન ન ચૂકવવા બદલ ફળ વિક્રેતાની હત્યાઃ બે આરોપીને જનમટીપ

થાણેઃ ૨૦૧૭માં મીરા રોડ વિસ્તારમાં નાણાકીય વિવાદમાં ફળવિક્રેતાની હત્યા કરવા બદલ થાણે જિલ્લાની કોર્ટે બે આરોપીને જનમટીપની સજા ફટકારી હતી.

એડિશનલ સેશન્સ જજ ડી. એસ. દેશમુખે મીરા રોડના સુનીલકુમાર બિતુલી રજક (૪૫) અને જારખંડના સુદીપકુમાર રાજુ રવિદાસ (૩૩)ને ગુનાહિત કાવતરું અને હત્યા બદલ દોષી ઠેરવ્યા હતા અને પ્રત્યેકને એક લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. જોકે કોર્ટે પુરાવાના અભાવે બે આરોપી ઉમેશ રાજુ રવિદાસ અને આશિષકુમાર તિલક ભુતિયાને નિર્દોષ જાહેર કર્યા હતા.

આરોપી સુનીલકુમાર રજકને આર્મ્સ એક્ટ હેઠળના આરોપમાં પણ દોષી ઠેરવાયો હતો અને તેને વધુ ત્રણ વર્ષની કેદ અને ૧૦ હજાર રૂપિયાનો દંડ ફટકારાયો હતો.ફરિયાદ પક્ષ અનુસાર પાંચમી એપ્રિલ, ૨૦૧૭ની રાતે આ ઘટના બની હતી. શામુ લોહારી ગૌડ તેના ઘરમાં હતો અને એક વ્યક્તિ માટે તેણે દરવાજો ખોલ્યો હતો, જેણે પોતે પડોશી હોવાનો અને તેની ચાવી ખોલાઇ ગઇ હોવાનો દાવો કર્યો હતો. શામુ ગૌડે દરવાજો ખોલતાં તેના છાતીમાં ગોળી મારવામાં આવી હતી.

એડિશનલ પબ્લિક પ્રોસીક્યુટર રેખા હિવરાલેએ આરોપીઓ સામે આરોપ પુરવાર કરવા ફરિયાદ પક્ષના પચીસ સાક્ષીદારને ચકાસ્યા હતા. આ કેસ સાંયોગિત પુરાવાર પર આધારિત હતો, કારણ કે કોઇ પણ સાક્ષીદારે ગોળીબાર કરનારાનો ચહેરો સીધો જોયો નહોતો, પરંતુ કોર્ટે નોંધ્યું હતું કે ફરિયાદ પક્ષે સફળતાપૂર્વક હેતુ સ્થાપિત કર્યો હતો. શામુ લોહારીએ ૧.૫ લાખ રૂપિયા રજક પાસેથી ઉછીના લીધા હતા, જ્યારે તે અગાઉના હત્યા કેસમાં ઝારખંડ જેલમાં હતો. (પીટીઆઇ) ■


In Loving Memory of Our Dear Father



Bhupendra Meghji Bheda
Birth Date: 4th July 1936
Punya Tithi: 20th March 2025
Native Place: Varapadhar, Kutch
Residence: Matunga, Mumbai
On his first Punya Tithi, we remember our beloved father with deep love and gratitude. Though a year has passed, his wisdom continues to guide us and his love remains our greatest strength. He will forever live in our hearts and memories.
Fondly remembered by:
WIFE: Hansa Bhupendra Bheda
DAUGHTERS: Leena Bhadrichand Lodaya & Bhadra Bhupendra Bheda
GRANDCHILDREN: Manali, Stanley, Raj & Aarti


# ખાડા પૂરવાના ખર્ચમાં ઘટાડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દર વર્ષે ચોમાસા પહેલા રસ્તા પર પડનારા ખાડાઓને પૂરવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવતા હોય છે. મુંબઈમાં જોકે રસ્તાઓનું સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશનનું કામ મોટા પ્રમાણમાં ચાલી રહ્યું હોવાથી છેલ્લા ત્રણેક વર્ષમાં રસ્તા પર ખાડા પડવાનું પ્રમાણ ઘટી ગયું હોવાનો દાવો પાલિકા પ્રશાસને કર્યો છે. તેથી જ ખાડા પૂરવા માટે ફાળવવામાં આવતા ભંડોળમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ખાડા પૂરવા માટે બહુ જલદી ટેન્ડર બહાર પાડવામાં આવવાના છે.

મુંબઈમાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને મુંબઈના રસ્તાઓના કૉંક્રીટાઈઝેશન કરવાની જાહેરાત કરી હતી, તે મુજબ મુંબઈમાં રસ્તાઓનું કૉંક્રીટાઈઝેશન કરવાનું કામ ચાલી રહ્યું છે. મુંબઈમાં ૨,૦૫૦ કિલોમીટરના રસ્તા હોઈ તેમાંથી ૬૪ ટકા રસ્તાનું કૉંક્રીટાઈઝેશનનું કામ પૂર્ણ થયું છે. છતાં રસ્તા પર ખાડા પડવાના પ્રમાણમાં કઈ ઘટાડો નોંધાયો નથી. ■


પાંચમી પુણ્યતિથી



શ્રી રમેશચંદ્ર લધુરામ મણિઆર
જન્મઃ તા. ૦૮.૦૩.૧૯૨૭
સ્વર્ગવાસઃ તા. ૨૦.૦૩.૨૦૨૧
અમારા જીવનના ઘડવૈયા તમે,
તમારા જીવનથી ઉજ્વળ અમે,
તમારા સંસ્કારોથી શોભતા અમે,
તમારા પુરૂષાર્થથી સફળ અમે,
દેવ તુલ્ય પિતાશ્રીના
જન્મોજન્મના ઋણી પ્રભુ અમે....
નરેશ-પલ્લવી, અશોક-રક્ષા,
વિજય-બિના, સુનિલ-વિભા
તથા સમગ્ર મણિઆર પરિવાર
Bijal Ads


# ઘાટકોપર, વિદ્યાવિહારમાં નાળાસફાઈના કામ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાળાસફાઈ માટે કૉન્ટ્રેક્ટર આગળ આવતા ન હોવાને કારણે ચોમાસામાં મુંબઈમાં પાણી ભરાવવાની શક્યતાને પગલે સ્થાયી સમિતિની સભામાં નગરસેવકોએ પ્રશાસનને આડે હાથ લીધા હતા, એના બે દિવસની અંદર જ પાલિકા પ્રશાસને મેયર રિતુ તાવડેનો વિસ્તાર ગણાતા ઘાટકોપરમાં નાળાસફાઈના કામની શરૂઆત કરી હતી.

મુંબઈમાં નાળાસફાઈના કામનો ભાગ તરીકે દર વર્ષે માર્ચ મહિનાથી નાળાસફાઈના કામનો આરંભ કરવામાં આવતો હોય છે પણ માર્ચનું પહેલું પખવાડિયું પૂરું થઈ ગયું છે, છતાં મુંબઈમાં હજી સુધી નાળાસફાઈનું કામ શરૂ થયું ન હોવા બાબતે સ્થાયી સમિતિના સભ્યોએ પ્રશાસનની આકરી ટીકા કરી હતી. આ દરન્યાન મેયર રિતુ તાવડેએ નાળાસફાઈને લઈને પાલિકા પ્રશાસન સાથે બેઠક કરી હતી. એ બાદ તરત પ્રશાસન કામે લાગી ગઈ હતી, જે અંતર્ગત બુધવારે 'એન'વોર્ડના ઘાટકોપરમાં કામ શરૂ કર્યું હતું.

'એન'વોર્ડમાં કુલ ૧૪ નાળાઓની સફાઈ કરવામાં આવવાની છે, જેની કુલ લંબાઈ ૧૫,૮૫ મીટર જેટલી છે, જેમાં સોમૈયા નાળા અને લક્ષ્મીબાગ નાળા જેવા મહત્ત્વના નાળાનો સમાવેશ થાય છે. કુલ ૨૨,૫૧૧ મેટ્રિક ટન ગાળ કાઢવાનો વાર્ષિક ઉદ્દેશ્ય છે.

બુધવારથી નાળાસફાઈનું કામ શરૂ થયું એ બાબતે મેયરે જણાવ્યું હતું કે ચોમાસામાં પાણીનો ઝડપથી નિકાલ થવા માટે નાળાસફાઈનું કામ ૩૦ મે પહેલા પૂરું કરવાનું આવશ્યક છે. ■



## સંસ્થા સમાચાર

### ગૂડીપડવાની નવી શરૂઆત : થાણે સ્ટેશન પર મફત પાણી સેવા




આજના પવિત્ર ગૂડીપડવાના શુભ દિવસે, થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જેવીએમ ચેરિટેબલ ટ્રસ્ટ અને યશ ટ્રસ્ટના સહયોગથી થાણે રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧ના ખૂણે મફત બિસ્લેરી પીવાના પાણીની સુવિધા શરૂ કરવામાં આવી છે. વધતા તાપમાનને ધ્યાનમાં રાખીને, થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન આગામી દિવસોમાં શહેરના ૨૫થી વધુ સ્થળોએ આવી સુવિધા શરૂ કરવાની યોજના ધરાવે છે. આ મફત પાણી સ્ટોલનું ઉદઘાટન ઠાણેના ઉપ મહાપૌર શ્રી કૃષ્ણ પાટીલના હસ્તે, વરિષ્ઠ કોર્પોરેટર સંજય વાગુલેની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

આ સતત બીજું વર્ષ છે કે જિતેન્દ્ર મહેતા દ્વારા સંચાલિત જેવીએમ ટ્રસ્ટ આ સેવા આપી રહ્યું છે. આ મફત પાણી સેવા જૂન ૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે.

# મુંબઈ ઍરપોર્ટ પર ૭૦ કરોડથી વધુનો ગાંજો જપ્તઃ પાંચ પ્રવાસીની ધરપકડ

મુંબઈ: કસ્ટમ્સ વિભાગે મુંબઈ એરપોર્ટ પર ૭૦ કરોડ રૂપિયાથી વધુનો હાઇડ્રો ગાંજો જપ્ત કરીને પાંચ પ્રવાસીની ધરપકડ કરી હતી, જેમાં એક વિદેશી નાગરિકનો સમાવેશ હતો. પાંચેય પ્રવાસીઓ બેંગકોકથી ગાંજો સામાનમાં છુપાવીને લાવ્યા હતા.કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ ૧૭ અને ૧૮ માર્ચ દરમિયાન આ કાર્યવાહી કરી હતી. મંગળવારે બેંગકોકથી ફ્લાઇટમાં આવેલા ચાર પ્રવાસીને શંકાને આધારે આંતરવામાં આવ્યા હતા અને તેમના સામાનની તલાશી લેવાતાં ૬૪ કરોડ રૂપિયાથી વધુનો ગાંજો મળી આવ્યો હતો. આથી તેમની સામે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો.

દરમિયાન બુધવારે બેંગકોકથી આવેલા હરેશ તાહિલરામ રૂપાની નામના પ્રવાસીની ટ્રોલી બેગની તલાશી લેવાતાં કપડાં અને સાત ફૂડ પેકેટ્સ મળ્યાં હતાં. આ ફૂડ પેકેટ્સમાં છુપાવાયેલો છ કરોડ રૂપિયાનો ગાંજો મળી આવ્યો હતો. ઉલ્હાસનગરમાં રહેતા રૂપાનીની ધરપકડ કર્યા બાદ તેને ગુરુવારે કોર્ટમાં હાજર કરાયો હતો. રૂપાનીના વકીલ તરીકે બિરેન્દ્ર યાદવ કોર્ટમાં હાજર રહી દલીલ કરી હતી. કોર્ટે રૂપાનીને અદાલતી કસ્ટડી ફટકારી હતી.


## ક્લાસિફાઈડ

**૯. લગ્ન સંબંધી**

■ ઘાટકોપરમાં ડિવોર્સી બિઝનેશમેન યુવક 1989 રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં) (બી-૧૭૨૮૮)

■ ઘાટકોપરમાં ડિવોર્સી પ્રોફેશનલી કન્યા 1992 રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં) (બી-૧૭૨૮૯)

**૧૭. જગ્યા આપવી છે**

**અંધેરી ઈસ્ટ ભાડેથી**
ડબલ રૂમ 24000 ફર્નિશ્ડ/AC કોર્નરની લેવા ગંગર - 8080524858. (બી-૧૭૨૪૬)

**અંધેરી ઈસ્ટ ભાડેથી**
3 બેડ (બે બેડના ભાવમાં) સ્ટેશન/ દેરાસર નજીક લિફ્ટ/ પાર્કિંગ છે લેવા ગંગર 8080524858. (બી-૧૭૨૪૭)

**૧૯. ફેક્ટરી વર્કશોપ**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**૨૭. ઔષધ ઉપચાર**

■ લીવરને લગતા તમામ રોગો માટે. 9867573096. (બી-૧૭૨૮૦)

**૩૩. ધંધાદારી**

**''પ્રતાપ પેકર્સ - મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ ઘરસામાન, ફેરવવા - ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

**૩૫. જ્યોતિષ ભવિષ્ય**

**શાસ્ત્રીજી**
જુના જાણકાર ઘેર બેઠા ફોન પર ઉપાય, પર્સનલ પ્રોબ્લેમ, પ્રેમમાં ધોકા શત્રુપીડા તુરંત નિકાલ. (Home Visit) 9765396401 (મુંબઈ). (બી-૧૭૨૪૪)

**૪૪. પેસ્ટ કન્ટ્રોલ**

■ ''એસ પેસ્ટ કન્ટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675/ 9326448699. (કાંદિવલી). (૮૭૨/સી)


# ગરીબી અને સામાજિક કલંકને કારણે ધારાવીમાં કેન્સર સારવારમાં વિલંબ

મુંબઈ: કેન્સરની વહેલી તકે ઓળખ સમગ્ર વિશ્વમાં પડકારરૂપ છે. પરંતુ ધારાવીમાં ડૉક્ટરો વારંવાર મોડા તબક્કે નિદાન થવાનું એક પેટર્ન જોઈ રહ્યા છે, જ્યાં ઘણા દર્દીઓ અદ્યતન તબક્કે જ હૉસ્પિટલ પહોંચે છે. મર્યાદિત જાગૃતિ, સામાજિક કલંક અને આર્થિક મુશ્કેલીઓ સમયસર સારવારને દૂર ધકેલી રહી છે. પ્રકાશિત આંકડાઓ મુજબ, મુંબઈ દેશના મહત્ત્વના કેન્સર કેન્દ્રોમાંનું એક છે. રજિસ્ટ્રી ડેટા અને તાજેતરના અંદાજ દર્શાવે છે કે મહારાષ્ટ્રમાં કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં કેન્સરના કેસોમાં લગભગ ૧૧%નો વધારો થયો છે, જે મુંબઈ જેવા શહેરી વિસ્તારોમાં વધતા બોજને દર્શાવે છે. ડૉક્ટરો કહે છે કે આ મોટો ટ્રેન્ડ મુંબઈ જેવા ઘનવસ્તીવાળા શહેરો અને ધારાવી જેવી ભીડભાડવાળી અનૌપચારિક વસાહતોમાં વધુ તીવ્ર રીતે દેખાય છે.

ડૉ. સંદીપ બિપ્ટે, એક બ્રેસ્ટ કેન્સર સર્જન, જેમણે આ વિસ્તારના ઘણા દર્દીઓનો ઈલાજ કર્યો છે, કહે છે કે મોડું નિદાન એક સામાન્ય બાબત બની ગઈ છે. ઘણા દર્દીઓ શરૂઆતના લક્ષણોને અવગણે છે અથવા શક્ય તેટલો સમય સુધી ડૉક્ટર પાસે જવાનું ટાળી દે છે.

# બદલાપુરમાં પતિએ ગળું દબાવી પત્નીની હત્યા કરી

થાણે: વારંવારના ઝઘડાથી કંટાળી પતિએ પટ્ટાથી ગળું દબાવી પત્નીની હત્યા કરી હોવાની ઘટના બદલાપુરમાં બની હતી. પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપી પતિ ચંદ્રશેખર થોરાત (૪૦)ની ધરપકડ કરી હતી. બદલાપુર પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર નીતિન પાટીલે જણાવ્યું હતું કે ઘટના મંગળવારની મધરાતે બની હતી. બદલાપુર પૂર્વના યાદવ નગરમાં રહેતા થોરાતનો પત્ની અશ્વિની (૩૮) સાથે નજીવા મુદ્દે વારંવાર ઝઘડો થતો હતો. ગુસ્સામાં આરોપીએ બેલ્ટની મદદથી ગળું દબાવી પત્નીની કથિત હત્યા કરી હતી. અશ્વિનીના પરિવારના સભ્યોએ કરેલી ફરિયાદને આધારે પોલીસે ગુનો નોંધ્યો હતો. (પીટીઆઈ)

# સરકાર ગેરકાયદે ટ્રાફિકિંગ નિયમો સાથે સ્પા ઉદ્યોગનું પુનર્ગઠન કરશે

મુંબઈ: સ્પા અને મસાજ સેન્ટરોમાં થતી અનિયમિતતાઓને રોકવા, રાજ્ય ચાર મહિનાની અંદર સંચાલન માર્ગદર્શિકા જારી કરશે. ગૃહ રાજ્ય પ્રધાન યોગેશ કદમે જણાવ્યું હતું કે આવા સેન્ટરો માટેના લાઇસન્સ નિયમો દ્વારા સંચાલિત થશે, હાલમાં ઘણા સેન્ટરો દુકાનો અને સ્થાપના કાયદા હેઠળ ફક્ત એક જ લાઇસન્સ સાથે કાર્યરત છે. માનવ તસ્કરીના ઉલ્લંઘનને ધ્યાનમાં લેતા તેમણે કડક ધોરણો પર ભાર મૂક્યો.

આ માર્ગદર્શિકાનો હેતુ આ ક્ષેત્રને નિયંત્રિત કરવાનો અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓને રોકવાનો છે. ગયા વર્ષે દરોડા દરમિયાન રોજગારના બહાને ૨૧ મહિલાને આ ધંધામાં લલચાવીને લાવવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું, એમ કદમે જણાવ્યું હતું. ગયા વર્ષથી આ વર્ષે ફેબ્રુઆરી સુધીમાં ૧૨૯ તસ્કરીના કેસ નોંધાયા હતા, જેમાં થાણેમાં ૫૨ અને નવી મુંબઈમાં નવ કેસનો સમાવેશ થાય છે.

છેલ્લા પાનાનું ચાલુ

## ફડણવીસે

ફડણવીસે જણાવ્યું હતું કે તેમનું લક્ષ્ય મહારાષ્ટ્રને આગળ લઈ જવાનું અને રાજ્યના દરેક વ્યક્તિના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાનું છે. વધુમાં તેમણે કહ્યું કે તેઓ નાગપુરમાં ગૂડી પડવાની 'શોભાયાત્રા'માં ભાગ લઈને ખૂબ જ ખુશ છે અને તેમણે સમગ્ર રાષ્ટ્રને શુભેચ્છાઓ પાઠવી હતી.

## એકનાથ શિંદે

ભાગ લીધો હતો. નાયબ મુખ્ય પ્રધાન શિંદે અને સ્થાનિક ધારાસભ્ય સંજય કેલકરે કૌપિનેશ્વર મંદિરના આરાધ્ય દેવની પાલખીને થોડા અંતર સુધી પોતાના ખભા પર ઊંચકી હતી. માતા દુર્ગાની મૂર્તિ સાથેની બીજી પાલખી પરંપરાગત પોશાક પહેરેલી મહિલાઓ દ્વારા ઊંચકવામાં આવી હતી. અભિનેત્રી અમૃતા રાવે પણ પરંપરાગત મરાઠી પહેરવેશ પહેરી આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

## અશોક ખરાત

કલમો લગાવવામાં આવી હોવાથી તપાસ એસઆઈટીને સોંપાઈનો નિર્ણય લેવાયો છે. કેસને સંબંધી દસ્તાવેજો, કેસ ડાયરી, ઉપલબ્ધ પુરાવા તાત્કાલિક એસઆઈટીને સોંપવાનો આદેશ અપાયો છે. એસઆઈટીના પ્રમુખ તરીકે આઈપીએસ અધિકારી તેજસ્વિની સાતપુતેની નિયુક્તિ કરાઈ છે.

સિન્નર તાલુકાના મિરગાંવ ખાતે આવેલા એક ટ્રસ્ટના અધ્યક્ષ અશોક ખરાત મર્ચન્ટ નેવીના નિવૃત્ત અધિકારી છે. ન્યૂમરોલૉજિસ્ટ અને કોસ્મોલૉજી એક્સપર્ટ તરીકેની તેમની ઓળખ છે. હાલમાં તે ૨૪ માર્ચ સુધીની પોલીસ કસ્ટડીમાં છે.

## ૧૯ સાઈનાઈડ

તાત્કાલિક સુરક્ષા યંત્રણા અને પોલીસને આ અંગે જાણ કરાઈ હતી. બીકેસી પોલીસ, બૉમ્બ ડિટેક્શન ઍન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (બીડીડીએસ) સાથે ક્રાઈમ બ્રાન્ચની ટીમ પાસપોર્ટ ઑફિસ પહોંચી હતી. ઑફિસને ખાલી કરાવી લૉબી, મેઈન ગેટ તેમ જ પાસપોર્ટ ઑફિસના આસપાસના પરિસર અને ઝાડીઝાંખરાંમાં પણ બીડીડીએસ દ્વારા તપાસ કરવામાં આવી હતી. સદ્નસીબે કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નહોતી. બૉમ્બ કે શંકાસ્પદ વસ્તુ ન મળતાં બ્લાસ્ટની માહિતી અફવા હોવાનું સાબિત થયું હતું. જોકે મેઈલ જે ઈ-મેઈલ આઈડી પર આવ્યા છે તેની તપાસ પોલીસ કરી રહી છે.

## ગેટવે ઑફ ઈન્ડિયા

સરદેસાઈ અને પ્રકાશ સુર્વેએ ચર્ચામાં ભાગ લીધો હતો. રાણેએ જણાવ્યું હતું કે સરકાર જેટી મેનેજમેન્ટને મજબૂત બનાવીને, આધુનિક બોટ, બંદર અને મુસાફરોની સુવિધાઓનું નિર્માણ કરીને મુંબઈને આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રવાસન અને દરિયાઈ કેન્દ્ર તરીકે વિકસાવવા માગે છે.

તેમણે કહ્યું કે,ગેટવે ઓફ ઈન્ડિયા વિસ્તારમાં મુસાફરોની અવરજવર વધુ હોવાથી ભારે ભીડ જોવા મળે છે. ભીડ ઓછી કરવા અને સલામતી વધારવા માટે નવી જેટીની યોજના બનાવવામાં આવી રહી છે.

## મહારાષ્ટ્રમાં

ઉનાળો આકરો જવાની શક્યતા વચ્ચે અચાનક સર્જાયેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે મહારાષ્ટ્રના વાતાવરણમાં મોટા પ્રમાણમાં ફેરફાર થયો છે. જોકે અચાનક આવી પડેલા કમોસમી વરસાદને પગલે ખેતીના પાકને ભારે નુકસાન થયું છે. રાજ્ય સરકારના કહેવા મુજબ કમોસમી વરસાદ અને કરાને પગલે ફળોના બગીચા અને રવી પાકને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. મુખ્યત્વે દ્રાક્ષના બગીચા અને કાચી કેરીના પાકને વરસાદનો ફટકો પડ્યો છે.

ગુરુવારે દિવસ દરમ્યાન મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા અને વિદર્ભના છત્રપતિસંભાજી નગર, જાલના, નાંદેડ, હિંગોલી, પરભણી, બીડ, નંદુરબાર, અહિલ્યાનગર, પુણે, લાતુર, કોલ્હાપુર, સાંગલી, સોલાપુર, ધારાશીવ, સતારા , નાશિક, જળગાંવ, ધુળે, અકોલા, વાશિમ, યવતમાળ, બુલઢાણા, વર્ધા, નાગપુર, હિંગોલી જેવા વિસ્તારમાં ભારે પવન ફૂંકાવાની સાથે જ વીજળીના ગડગડાડ વચ્ચે વરસાદ તૂટી પડ્યો હતો.

હવામાન નિષ્ણાતના કહેવા મુજબ કોંકણ વિસ્તારને બાદ કરતા રાજ્યના તમામ રિજન કમોસમી વરસાદની ચપેટમાં આવી ગયું છે. શુક્રવાર, ૨૦ માર્ચના પણ વિદર્ભ, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડના અમુક જિલ્લામાં વરસાદની શક્યતા છે. તેમ જ શનિવાર, ૨૧ માર્ચના પણ વરસાદની શક્યતા છે.

## બુલેટ ટ્રેન

નિર્માણ નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા કરવામાં આવી રહ્યું છે, અને આ સ્ટેશન પ્લાઝા રેલવે પ્રોજેક્ટની સાથે વિકસાવવામાં આવી રહ્યા છે. આનાથી મુસાફરોને સ્ટેશનો સુધી પહોંચવામાં સરળતા રહેશે. આ પ્લાઝા દ્વારા બુલેટ ટ્રેનના મુસાફરો બસ, ટેક્સી અથવા પરિવહનના અન્ય માધ્યમો સરળતાથી ઍક્સેસ કરી શકશે. બુલેટ ટ્રેનમાંથી ઊતર્યા પછી, તેઓ સીધા સ્ટેશન પ્લાઝા પર જઈ શકશે અને આગળની મુસાફરી માટે તેમના પરિવહનનો પ્રકાર પસંદ કરી શકશે. આ પહેલના ભાગ રૂપે, બુલેટ ટ્રેન સ્ટેશનોની આસપાસના વિસ્તારોનો વ્યાપક વિકાસ કરવામાં આવશે.

હાલમાં આ સ્ટેશન પ્લાઝા વિકસાવવાનો કોન્ટ્રાક્ટ ગુજરાતના સુરત, બીલીમોરા, વાપી, ભરૂચ, આણંદ અને વડોદરામાં સામેલ છે. ત્યારબાદ, આ સેવાઓ મહારાષ્ટ્રના થાણે, બોઇસર અને વિરાર સ્ટેશનો પર શરૂ કરવામાં આવશે.

## પશ્ચિમ રેલવે

ટ્રેનો પર નિર્ભર લાખો લોકો માટે મુસાફરીને વધુ વ્યવસ્થિત બનાવવાના વ્યાપક પ્રયાસનો એક ભાગ છે.

સત્તાવાર સમયપત્રક મુજબ, અપગ્રેડ કરેલી સેવાઓ ચર્ચગેટથી વિરાર, બોરીવલી અને ભાયંદર સહિત અનેક રૂટ પર કાર્યરત થશે, તેમજ આ સ્ટેશનોથી ચર્ચગેટ સુધીની પરત સેવાઓ પણ ઉપલબ્ધ થશે.

## ગોરેગામ-મુલુંડ

કામગીરીના પ્રારંભિક લોન્ચિંગના તબક્કા ગપમ્યાન ચોક્કસ ગોઠવણી સુનિશ્ચિત કરવા માટે મહત્વનો છે.

મુંબઈના પૂર્વ અને પશ્ચિમ ઉપનગરને જોડનારો ૧૨.૨૦ કિલોમીટર લાંબો ગોરેગામ-મુલુંડ લિંક રોડ મહત્ત્વનો સાબિત થશે. આ પ્રોજેક્ટ અંતર્ગત ગોરેગામમાં દાદાસાહેબ ફાળકે ચિત્રનગરીથી મુલુંડમાં ખિંડીપાડા સુધી ટ્વિન ટનલ બનાવવામાં આવવાની છે. દરેક ટનલ ૪.૭૦ કિલોમીટર લાંબી હશે, જેનો વ્યાસ ૧૪.૨૦ મીટર હશે. જે સંજય ગાંધી નેશનલ પાર્કની નીચે ૧૩ મીટર સુધી સાંકડી હશે. ટનલ સંપૂર્ણપણે અંડરગ્રાઉન્ડ હશે. દરેક ટનલ ત્રણ-ત્રણ લેનની હશે અને અત્યાધુનિક વેન્ટિલેશન સિસ્ટમ અને અત્યાધુનિક ફાયર સેફ્ટી સુવિધા, સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઈનથી સજ્જ હશે. બે ટીબીએમ મશીનથી આ ટનલનું ખોદકામ કરવામાં આવવાનું છે. દરેક ટીબીએમનું વજન આશરે ૨,૧૭૫ મેટ્રિક ટન છે.

## આરએસએસએ

ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે તેનો ઉપયોગ કોઈ સારા હેતુ માટે થવો જોઈએ. અત્યારે મીમ્સ અને રીલ્સ પહેલેથી જ ચલણમાં છે. આરએસએસના પ્રચાર વિભાગ દ્વારા કેટલુંક કન્ટેન્ટ પ્રસારિત કરવામાં આવી રહ્યું છે, અને આપણા સ્વયંસેવકો પણ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી રહ્યા છે. આને સ્વીકૃતિ મળશે. હું તેને અપેક્ષા નહીં કહું, પરંતુ આપણે ત્યાં આપણી સક્રિયતા વધારવી પડશે,' ભાગવતે કહ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, લોકોને એકઠા કરવા અને સમાજમાં પરિવર્તન લાવવું એ બંને જરૂરી છે અને એકબીજાના પૂરક છે. આરએસએસનું કાર્ય વિસ્તરી રહ્યું છે અને તેના માટે વિકેન્દ્રીકરણની જરૂર છે. 'સંગઠનના વિસ્તરણ કાર્ય માટે સરકાર અને વહીવટીતંત્ર સાથે સમયાંતરે ક્રિયાપ્રતિક્રિયાની પણ જરૂર છે, જેના માટે એક અલગ સંકલન પદ્ધતિ બનાવવામાં આવી રહી છે.' ભાગવતે ઉમેર્યું હતું.

## ગ્રાહક કેસોમાં

૫૯,૦૬૭ કેસનો નિકાલ કરવામાં આવ્યો હતો. ૨૦૨૦ થી ૨૦૨૪ ની વચ્ચે, ૧૯ મોટા અને મધ્યમ કદના રાજ્યોમાં મહારાષ્ટ્રમાં કેસ ક્લિયરન્સનો દર સૌથી ઓછો રહ્યો. નિકાલ કાર્યક્ષમતામાં તમિળનાડુ ટોચ પર રહ્યું, ત્યારબાદ કર્ણાટક અને ઉત્તર પ્રદેશનો ક્રમ આવે છે.

ગુરુવારે જાહેર કરાયેલા અહેવાલમાં જણાવાયું છે કે મુંબઈના મેટ્રોપોલિટન વિસ્તારમાં ચાર જિલ્લા કમિશન છે, જેમાં સેન્ટ્રલ મુંબઈ, મુંબઈ સબર્બન એડિશનલ, મુંબઈ સબર્બન અને દક્ષિણ મુંબઈનો સમાવેશ થાય છે, અને તેમણે ૨૦૨૨ અને ૨૦૨૫ વચ્ચે દાખલ થયેલા ૪,૩૮૮ કેસમાંથી માત્ર ૩૬ ટકા કેસનો જ નિકાલ કર્યો છે.

મુંબઈ સબર્બનમાં કેસ ક્લિયરન્સનો દર સૌથી ઓછો ૧૯.૫ ટકા હતો. ગ્રાહક ન્યાય અહેવાલમાં જણાવાયું છે કે ૨૦૨૪માં, તેણે તેના ૫૭૫ કેસમાંથી માત્ર ૫ ટકા જ ક્લિયર કર્યા હતા. ૨૦૧૦ અને ૨૦૨૪ ની વચ્ચે, મહારાષ્ટ્રના ડીસીડીઆરસીમાં મોટાભાગના કેસ વીમા ક્ષેત્ર સાથે સંબંધિત હતા, ત્યારબાદ બેંકિંગ અને હાઉસિંગમાં વિવાદો થયા. (પીટીઆઈ)

## મુંબઈ-પુણે

બોરસે (૨૩), જયપુરના શ્રેયાંશ શર્મા (૨૨) અને નાગપુરના લૉય (૨૦) તરીકે થઈ હતી. પ્રાથમિક માહિતી અનુસાર ત્રણેય વિદ્યાર્થીએ તેમના મિત્રો સાથે પિકનિક પર ખંડાલા જવાનું નક્કી કર્યું હતું. ખાસ તો સૂર્યોદય નિહાળવાનો લહાવો લેવા વિદ્યાર્થીઓ ખંડાલા જવાના હતા. બુધવારે પણ મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર થયેલા અકસ્માતમાં ત્રણનાં મોત નીપજ્યાં હતાં. પુણેથી મુંબઈ તરફ આવતું ટ્રેલર બેકાબૂ થઈ ગયું હતું. ચાર વાહનને ટ્રેલરે ટક્કર માર્યા પછી તેના પરનું કન્ટેનર ઈન્નોવા કાર પર ઊંધું વળી ગયું હતું. કન્ટેનરના વજનથી કાર દબાઈ ગઈ હતી અને તેની અંદર બેસેલા ત્રણેયનાં મૃત્યુ થયાં હતાં.

## મુંબઈ, થાણે

મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા અને ગીચ ગલીઓમાં સરઘસો નીકળ્યાં હતાં. પરંપરાગત પોશાક પહેરેલા પુરુષો અને સ્ત્રીઓ બાઇક ચલાવતાં હતાં, જ્યારે બાળકોએ સાઇકલ ચલાવીને ઉત્સવની ભાવનામાં વધારો કર્યો હતો. 'chalmumbai' નામના ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પરથી બીજા એક વીડિયોમાં બેન્ડ્સ ઉત્સાહી ધૂન વગાડતા જોવા મળ્યા હતા, જેમાં લોકો નૃત્ય કરી રહ્યા હતા, જે દક્ષિણ મુંબઈમાં ગૂડીપડવાની ઉજવણી સાથે સંકળાયેલી જીવંતતા દર્શાવે છે.ડોમ્બિવલીમાં પણ એટલો જ ઉત્સાહ જોવા મળ્યો. મહિલાઓએ ભગવા ધ્વજ લીધા હતા, સાથે ઢોલના તાલ પર નૃત્ય કરનારાઓનું સરઘસ નીકળ્યું હતું. મુંબઈનું પ્રતીક દર્શાવતો સુશોભિત ફ્લોટ દર્શકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. દરમિયાન, થાણેના નૌપાડા વિસ્તારમાં એક ભવ્ય શોભાયાત્રા નીકળી, જેમાં સેંકડો લોકો સાથે ચાલીને, ગીતો ગાતા અને આ પ્રસંગની ઉજવણી કરતા જોવા મળ્યા.

## હિન્દુ મરણ

**ગુર્જર સુતાર**

મુળગામ કોટેડા સાંગાણી હાલ મલાડ સ્વ. જગદીશભાઇ વેલજીભાઇ સુરેલીયા (ઉં. વ. ૮૪) તા. ૧૬-૩-૨૬ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ઉષાબેનના પતિ તથા મનીષ, કલ્પનાબેન, સ્વ. સોનલબેન, બીનાબેન, અલ્પાબેનના પિતાશ્રી. બિંદુ તથા સ્વ. સુરેશકુમાર, રાજેશકુમાર, અજયકુમાર, વિપુલકુમારના સસરા તથા ધ્રુમીલ, નિખિલના દાદા. તથા નિધિ, જેનિલ, દેવલ, સમીર, કેવીન, અદિતી અને હર્ષિલના નાના. તથા અંકિત અને અક્ષતાના નાનાજી સસરા. પ્રાર્થનાસભા તા. ૨૦-૩-૨૬ના શુક્રવારના સાંજે ૫થી ૬. ઠે. શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગ, ગ્રાઉન્ડ ફ્લોર, ૩૬-૩૭ બજાજ રોડ, વિલેપાર્લે (પશ્ચિમ).

**પુષ્કર્ણા બ્રાહ્મણ**

મૂળ વતન જામ ખંભાળિયા હાલ મુંબઇ કાંદિવલી ગં. સ્વ. દક્ષાબેન જિતેન્દ્રભાઇ જોષી (ઉં. વ. ૬૯) બુધવાર, તા. ૧૮-૩-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. જીતેન્દ્ર જયંતિલાલ જોષીના ધર્મપત્ની. સ્વ. મૃદુલા માવજી જોશીના પુત્રી. ઝરણાના સાસુ. મનિષના મમ્મી. ફેયાના દાદી. તે સ્વ. વિનોદભાઇ, ભરતભાઇ તથા ઘનશ્યામભાઇ, દેવયાનીબેન અને હંસાબેનના ભાભી. બન્ને પક્ષ તરફથી પ્રાર્થનાસભા તા. ૨૦-૩-૨૬ શુક્રવારના સાંજે ૫થી ૭. ઠે. લોટસ હોલ, રઘુલીલા મોલ, ૪થે માળે, પોઇસર, કાંદિવલી (વેસ્ટ).

**ઔદીચ્ય બ્રાહ્મણ**

મૂળ ગોધરા હાલ થાણા નિવાસી સ્વ. પ્રેમિલાબેન સુભાષચંદ્ર પંડયાના પુત્ર સ્વ. ધર્મેશ (ઉં. વ. ૪૬) તે આરાધનાના પતિ. વૈશ્વી, ક્રિશાંગના પિતા. મૂળ વાળાપધરના ભગવતીબેન મહેશકુમાર વ્યાસના જમાઇ. દર્શનાબેન જતીનકુમાર, રક્ષાબેન કિર્તીકુમાર, રાખીબેન પ્રયાગકુમારના ભાઇ. તરુલતાબેન અજિતભાઇ, સરોજબેન હરીશભાઇ, મીનાબેન વિનોદભાઇ, જ્યોતિબેન ઉષાકાંત, વંદનાબેન કમલેશભાઇ, રેખાબેન નરેન્દ્રભાઇના ભત્રીજા રામશરણ પામેલ છે, તેમનું બેસણું તા. ૨૦-૩-૨૬ના ઠે. વેદાંત સોસાયટી કલબ હાઉસ, વર્તક નગર, થાણે (વેસ્ટ), સાંજે ૪ થી ૬.

**મોઢ વૈષ્ણવ**

વિજય કાંતિલાલ થાણાવાલા (ઉં. વ. ૭૮) થાણા નિવાસી તા. ૧૬-૩-૨૬ સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. તે જ્યોત્સ્નાબેનના પતિ. સૌ. અનિતા ઓસ્ટિન ફર્નાન્ડિઝ, ચિ. નિમિષાના પિતાશ્રી. સ્વ. કનુભાઇ, સ્વ. અનિલભાઇ તથા સતીશભાઇના ભાઇ. ચિ. નતાલીયાના નાનીજી. પ્રાર્થનાસભા તા. ૨૧-૩-૨૬ શનિવારના ટીપટોપ પ્લાઝા, થાણા (વેસ્ટ), સાંજે ૫.૩૦ થી ૭.

**બાલાસિનોર દશાનિમા વણિક**

રોહિત રમણલાલ કડકીઆ (મલમ) તે સ્વ. મણીબેન, સ્વ. રમણલાલ કડકીઆના પુત્ર. સ્વ. સુશીલાબેન, સ્વ. બાબુલાલ ભીખાલાલ મહેતા (કે. બી. મહેતા) ના જમાઇ. છાયાના પતિ. વિશાલ અને શલોમીના પિતા. હરજીંદર-સચીનના સસરા. વિહાન-નીલના દાદા તા. ૧૭-૩-૨૬ના દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૧-૩-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. વનિતા વિશ્રામ સ્કૂલ, પ્રાર્થનાસમાજ, મુંબઇ-૪૦૦૦૦૪. બારમા, તેરમાની તથા બેસણાની પ્રથા સદંતર બંધ છે, ચક્ષુદાન કરેલ છે.

**બાલાસિનોર દશાનીમા વણિક**

હાલ મુંબઇ ગં. સ્વ. અરુણાબેન નવીનચંદ્ર કડકીયા (ધંગેલા) (ઉં. વ. ૮૧) તે સ્વ. નવીનચંદ્ર કાંતિલાલ કડકીયાના પત્ની. સ્વ. શાંતાબેન કાંતિલાલ કડકીયા (ધંગેલા)ના પુત્રવધૂ. જીવકોરબેન ચીમનલાલ પરીખ (રાઠોડીયા)ના પુત્રી. મનીષ, ડિમ્પલના માતા. શેફાલી મેથલના સાસુ. અવિષના દાદી. તા. ૧૮-૩-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**દશા નીમા વણિક**

બાલાસિનોર નિવાસી હાલ મુંબઈ, ગં.સ્વ. નયનાબેન ભરતભાઈ શાહ (ઉં. વ. ૭૫) ૧૭/૩/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. ભરતભાઈના ધર્મપત્ની. જયદીપ, દિપાલી, હિમાંશુના માતુશ્રી. કામિની, હિરલ, મનીષકુમારના સાસુ. સ્વ. મધુબેન નટવરલાલ કડકીઆના દીકરી. હર્ષિત, હર્ષલ, તનુશ્રી તથા ધૈર્યના દાદી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ ભાટિયા**

ગં. સ્વ. રમાબેન (મધુબેન) ભાટિયા/ઉદેશી (ઉં. વ. ૮૭) ૧૮-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ત્રિભુવન હંસરાજ ઉદેશી (ભાટિયા)ના પત્ની, સ્વ. જમનાબેન કરસનદાસ કાપડિયાના પૂત્રી. શ્રીદેવી રાજેન, રૂપા સુધીર, અંજલિ હેમલના માતુશ્રી. હરિશ્રી, ગૌરવ, દેવાંશી, કાર્તિક અને હર્ષના નાની. લૌકિક વ્યવહાર બંધ છે.

**સત્તાવીસ દશા પોરવાડ**

ગામ હરસોલ હાલ મુંબઈ, ભારતીબેન સુધીરભાઈ દાણી (ઉં. વ. ૭૯) તા. ૧૮.૦૩.૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સુધીરભાઈ ડાહ્યાલાલ દાણીના પત્ની. અમીષ, તેજશના માતુશ્રી. શિવાની, નેહાલીના સાસુ. આદિત, યુવાન, અયાન, આરિકાના દાદી. પિયરપક્ષ સ્વ. કાંતિલાલ સાંકળચંદ શાહના પુત્રી. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશા સોરઠીયા વણિક**

રાણાવાવ નિવાસી હાલ બોરીવલી, સ્વ. મુક્તાબેન નરભેરામ કાટકોરીયાનાં સુપુત્ર પ્રફુલભાઇ (પંકજભાઈ)નાં ધર્મપત્ની ભારતીબેન (ઉં. વ. ૬૬) બુધવાર તા.૧૮-૦૩-૨૬નાં શ્રીજીચરણ પામેલ છે. તે પાયલ મનવિત વેકરીયાનાં માતુશ્રી. મિશાલી, રિષભનાં નાની. સ્વ. કુસુમબેન અનીલકુમાર ગગલાની, નીતાબેન અજીતભાઈ, આશા પ્રશાંત સાવંત, સીમાબેનનાં ભાભી. બીના નરેશ રાજકોટીયા, સંજયભાઈનાં બેન. પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૨૦-૦૩-૨૬ સાંજે ૫.૦૦ થી ૭.૦૦. સ્થળ દેવનગર 'ડી' વીંગ, પવાર સ્કૂલની બાજુમાં, દેવનગર દેરાસર રોડ, કાંદિવલી પશ્ચિમ.

**કપોળ**

રાજુલાવાળા હાલ કાંદિવલી, સ્વ. જયાલક્ષ્મી રતિલાલ શામજી મેહતાના પુત્રવધૂ સ્વ. નયનાબેન (ઉં. વ. ૬૩) તે પ્રવિણભાઈ મેહતાના ધર્મપત્ની, દર્શિત-નિશાના માતુશ્રી. રાહુલ, દિપાલીના સાસુ. મૈત્રીના દાદી. સ્વ. વસુમતી અનંતરાય મેહતા તથા જયશ્રી અશોકકુમાર ગાંધીના ભાભી. બારપટોડીવાળા, સ્વ. પ્રાણકુંવરબેન અમૃતલાલ અમીદાસ મોદીના દીકરી. પ્રાર્થનાસભા તા. ૨૦-૦૩-૨૬ના શુક્રવારે સાંજે ૫ થી ૭. હાલાઈ લોહાણા બાળાશ્રમ, મથુરાદાસ રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

મૂળ ડુમરાના હાલ ભુજ નિવાસી સ્વ. જયશ્રી પ્રકાશ છાટબાર (ઉં. વ. ૪૩) તે સ્વ. ડુંગરસી કાનજી છાટબારના પુત્રવધૂ. પ્રકાશ, ડુંગરશી છાંટબારના પત્ની. નિલેશ, સ્વ. પ્રજ્ઞા, (પિન્ટુ), સ્વ. પીયૂષ, દીપકના ભાભી. મીના નિલેશના દેરાની. અવની, નિહારીકાના કાકી. સ્વ. રસિકલાલ માવજી સોનેજીની પુત્રી. સ્વ.લીલાધર માવજી સોનેજીના ભત્રીજી. તા. ૧૬ માર્ચ, ૨૬ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૦-૩-૨૬ના શુક્રવારના સાંજે ૪થી ૫. ઠે. પાંજી વાડી, કાંજુરમાર્ગ (પૂર્વ) સ્ટેશનની બાજુમાં રાખેલ છે. લૌકિક વ્યવહાર તથા દશાવ પ્રથા બંધ રાખેલ છે.

## પારસી મરણ

કેટી સરોશ મેવાવાળા તે મરહુમ સરોશ મેવાવાળાના વિધવા. તે મરહુમો રૂદા તથા જીવનજી તારાપોરવાલાના દીકરી. તે મેહેર ફરોખ દારૂવાલાના મમ્મી. તે ફરોખ રૂસી દારૂવાલાના સાસુ. તે મરહુમો વિરાફ, ફરોખ તારાપોરવાલાના બહેન. તે જેનીફર આફતાબ રોશન, બીનાઝ મીકી દારૂવાલાના ગ્રેન્ડ મધર. (ઉં. વ. ૮૫) રે. ઠે. ૨૨ માળે, ૧ પ્લોટ, ૩૧ કોન્ટ્રાક્ટર ચાલ, દાદોજી કોનદેવ એક્ષ રોડ, ઘોલપદેવ, ભાયખલા (પૂર્વ), મુંબઇ-૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૧-૩-૨૬ના બપોરે ૩.૪૦ કલાકે તારદેવ મધે બાટલીવાળા અગિયારીમાં.

ગાય કેકોબાદ બાટલીવાળા તે મરહુમ કેકોબાદ શાવકશા બાટલીવાળાના વિધવા. તે મરહુમો ગુલા તથા કાવસજી દારૂવાલાના દીકરી. તે મેહેર રયોમંદ પલસેટીયાના મમ્મી. તે રયોમંદ હોમી પલસેટીયાના સાસુ. તે મરહુમ દીન્યાર સી. દારૂવાલાના બહેન. તે સરોશ ને સાયરસના ફૂઇજી. (ઉં. વ. ૮૯) રે. ઠે. રૂમ. નં. યુ-૪/૨, ખુશરૂબાગ, એસ.બી.એસ.રોડ. કોલાબા, મુંબઇઃ ૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૧-૩-૨૬ને બપોરે ૩.૪૫ કલાકે હોડીવાળા બંગલીમાં.

## જૈન મરણ

મહુવા નિવાસી હાલ મુંબઇ જુહુ જયશ્રીબેન ભરતભાઇ મહેતા (ઉં. વ. ૭૧) તા. ૧૬-૩-૨૬ સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ભરતભાઇ વેણીલાલ દ્વારકાદાસ મહેતાના પત્ની. સ્વ. ચંદ્રાબેન દામોદરદાસ મગીયાના સુપુત્રી. તે નીરજ, માનસી, ધ્વનિ, અશાંકના માતુશ્રી. આરવ માયરાના દાદીજી. વંશ કિશ્વીના નાનીજી. પ્રાર્થનાસભા તા. ૨૦-૩-૨૬ના શુક્રવારે ૪.૩૦થી ૬. ઠે. ઇન્ડિયન મેડિકલ એસોસિએશન હોલ, જે. આર. માત્રે માર્ગ, પી. વી. આર. જુહુની બાજુમાં રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી હાલ ઘાટકોપર પિન્કીબેન કુંભાણી (ઉં. વ. ૫૦) તે હેમેન પંકજભાઇ કુંભાણીના પત્ની. તે ચંદ્રીકાબેન તથા પંકજભાઇ કુંભાણીના પુત્રવધૂ. તે અમીબેન સમીરભાઇ કુંભાણીના ભાભી. તે સ્વ. ઇન્દિરાબેન તથા વસંતભાઇ તારાચંદ શેઠના પુત્રી. તે અ. સૌ. ચારુબેન મુકેશભાઇ ગાંધી તથા અ. સૌ. સ્વાતી કુણાલભાઇ દેસાઇના બેન. તે વૃદ્ધીના ભાભુ તા. ૧૮-૩-૨૬ બુધવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

શિહોર નિવાસી હાલ બોરીવલી, કિશોર મણિલાલ શાહ (ઉં. વ. ૮૨) તા. ૧૭/૩/૨૬ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે કુમુદબેનના પતિ. જિગ્નેશ તથા વૈશાલી નિરંજન પારેખના પિતાશ્રી. સ્વ. સ્વાતિબેનના સસરા. સ્વ. રુક્ષ્મણીબેન, શશિકાંતભાઈ, પ્રવિણભાઇના ભાઈ. શ્વસુરપક્ષે સ્વ. મનસુખલાલ કુવરજી શિહોરવાલાના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી દશા ઓસવાલ જૈન**

કચ્છ ગામ નલિયા, હાલે બુરહાનપુર/ ડોમ્બિવલી, ગં.સ્વ. હંસાબેન મણિલાલ ખીમજી નાગડા (ઉં. વ. ૮૩) તા. ૧૮.૦૩.૨૬ના અરિહંતશરણ પામેલ છે. વાલબાઈ ખીમજી પુનશી નાગડાના પુત્રવધૂ. માતુશ્રી માનબાઈ રામજી વિશનજી પોલડિયાના પુત્રી. સ્વ. મણિલાલ ખીમજી નાગડાના ધર્મપત્ની. ગં.સ્વ. પ્રવિણા મુકેશ મોમાયા, અજય, નિર્મલ, હેમલના માતુશ્રી. સ્વ. મુકેશભાઈ, સૌ. નૂતનબેન, સ્વ. પલ્લવીબેનના સાસુમા. પ્રિયલ, યુક્તિ, રાજના દાદીમાં, બંન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૦.૦૩.૨૬ના સાંજે ૪.૦૦ થી ૫.૩૦ સ્થળઃ રોટરી સેવા કેન્દ્ર, સુવિધિનાથ જૈન દેરાસર પાસે, રઘુવીરનગર, દત્તાનગર, ડોમ્બિવલી ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

તલવાણાના હરીલાલ જેઠાલાલ (કાકુભાઈ) પોલડીયા (ઉં. વ. ૭૮) તા. ૧૭-૦૩-૨૬ ના દેહપરિવર્તન કરેલ છે. પાનબાઈ જેઠાલાલ ટોકરશીના સુપુત્ર.સુશીલાબેનના પતિ. નયન, ફાલ્ગુની, વૈશાખીના પિતા. સ્વ. પ્રવિણ, ચંદ્રકાંત, બિદડાના લક્ષ્મીબેન નાનજી ભીમશી, ભાનુમતી મહેન્દ્ર વીરજી, બિદડાના જવેરબેન (જ્યોતી) કાંતિલાલ પ્રેમજીના ભાઈ. બિદડાના રૂક્ષ્મણીબેન (રાણબાઈ) જીવરાજ મુરજી ગોગરીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. હરીલાલ પોલડીયા : ૪૦૧, સમીર ટાવર, બેડેકર હોસ્પીટલની પાસે, થાણા (વે.).

ડોણ હાલે કલ્યાણના નેહા યશ નો બાબો (ઉં. દિ. ૧૩) તા. ૧૭-૩-૨૬નાં બેંગ્લોર મધ્યે અવસાન પામેલ છે. ક્રિના કિરીટ ના પૌત્ર. પ્રિતી લક્ષ્મીચંદ ના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ક્રિના કિરીટ ગાલા, એ/૬૦૧, મહાવીર કોમ્પલેક્ષ - ૨, સંતોષી માતા રોડ. કલ્યાણ (વે).


વડાલાના બા.બ્ર. ભારતી કુંવરજી સોની (ઉં. વ. ૬૪) તા. ૧૮-૦૩-૨૬નાં અવસાન પામેલ છે. રાણબાઇ મેઘજી વજપારના પૌત્રી. મણીબેન/ભાણબાઇ કુંવરજી મેઘજી સોનીના પુત્રી. સ્વ. વસંત, ગણેશવાલાના વિમળા જાદવજી છેડા, રૂક્ષ્મણી કીશોર સાલીયા, વસુમતી રમણીક છેડા, મંજુલા વસંત સાલીયા, જવેર લક્ષ્મીચંદ સંગોઇ, વનિતા કાંતીલાલ સાવલા, ઉષા પંકજ ગાલાના બેન. વાસંતીના નણંદ. કુંદરોડીના ગંગાબેન હંસરાજ મુરજી વિસરીયાના દોહીત્રી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મંજુલા વસંત સાલીયા, બી વિંગ, ૯૦૧, શેલશીયા, ૯૦ ફીટ રોડ, મરાઠા મંદિરની બાજુમાં, મુલુંડ (ઇસ્ટ).


પત્રીના મનીષા પ્રવિણ ધરોડ (ઉં. વ. ૬૩) તા. ૧૭-૦૩નાં દેશમાં અવસાન પામેલ છે. નેણબાઇ નાનજી ડુંગરશી ધરોડના પુત્રવધૂ. સ્વ. પ્રવિણના ધર્મપત્ની. ઉર્વી, કેવલના માતુશ્રી. પુષ્પાબેન કાંતીલાલ સાવલાના સુપુત્રી. વિજય, બીનાના બહેન. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. કેવલ પ્રવિણ ધરોડ, અરિહંત દર્શન, જી-૪, રામદેવનગર, મુંદ્રા-બારોઇ રોડ, મુંદ્રા-કચ્છ. ૩૭૦૪૨૧.

**પાટણ જૈન**

મણિયાતી પાડાના પાટણ નિવાસી હાલ બેંગલોર ગં. સ્વ. લતાબેન પ્રમોદભાઇ શાહ (ઉં. વ. ૭૭) તે તા. ૧૭-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પ્રમોદભાઇ મણિલાલ શાહના ધર્મપત્ની. મૌલિક અને માનશીના માતુશ્રી. પૂર્વી અને નિકેશનાં સાસુ. સોહમ, નાયરાના દાદી. રોનવનાં નાની. મણિલાલ ગભરૂચંદ શાહનાં પુત્રવધૂ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|


ARKTRAVELGROUP
Since 1981.
DREAM CRUISES
Ready For The First-Ever
Bhajan Jamming At Sea ?
Exclusively on Genting Dream
The Divine Voyage
Foam Party & DJ Night Included
Departure Ex Singapore
3N
INR 38,999 /-
Departure Dates:
26th May & 9th June 2026
*Port Charges & Gratuity Apply
*T&C Apply
Limited Edition Sailing



**સૌરાષ્ટ્રમાં મિનિ વાવાઝોડું:** સૌરાષ્ટ્રના મોટા ભાગના જિલ્લામાં કમોસમી વરસાદ અને ભારે પવને મિનિ વાવાઝોડા જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. ઠેર ઠેર વરસાદને લીધે પાણી ભારાયાં હતાં, વૃક્ષો ધરાશાયી થયાં હતાં, વીજળીની સમસ્યા સર્જાઈ હતી તેમ જ જનજીવનને ભારે અસર થઈ હતી, જેની સાક્ષી આ તસવીરો છે. (પ્રવિણ સેદાની, હરેશ સોની, ઉત્સવ વૈદ્ય, વિપુલ હિરાણી)

# ભુજ અને મુંદરામાં ૧૭ હજારથી વધુ એલપીજી કનેક્શન બંધ, નાગરિકોને પીએનજી તરફ વળવા આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અમેરિકા, ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે ગેસ અને ઓઈલની અછતની સર્જાયેલી ગંભીર પરિસ્થિતિને પગલે એલર્ટ મોડ પર આવેલી કેન્દ્ર સરકાર દ્વારા રાંધણગેસની અછત સર્જાવાની પ્રબળ સંભાવનાને ધ્યાને રાખીને લેવાયેલા નિર્ણય બાદ, કચ્છ જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગત બુધવારે મળેલી સૂચના બાદ ભુજ અને બંદરીય મુંદરામાં ૧૭ હજારથી વધુ ગ્રાહકોના એલપીજી ગેસ કનેક્શન તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યા છે. સરકારી તંત્ર દ્વારા લેવાયેલા આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને પાઈપલાઈન વાટે મળતા ગેસ તરફ વાળવાનો છે. સરકારના આદેશ મુજબ, જે ગ્રાહકોએ પોતાના ઘરે પીએનજી કનેક્શન મેળવી લીધા છે છતાં હજુ સુધી જૂના એલપીજી સિલિન્ડર જમા નથી કરાવ્યા, તેવા ગ્રાહકોના એલપીજી કનેક્શન તાત્કાલિક ધોરણે 'બ્લોક' કરી દેવામાં આવ્યા છે. આગામી સમયમાં જો આવા ગ્રાહકો સિલિન્ડર જમા નહીં કરાવે, તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવું પણ જાણવા મળી રહ્યું છે.

ઈરાન અને ઈઝરાયલ-અમેરિકા વચ્ચેનું યુદ્ધ લાંબું ખેંચાય તો ગેસની ભારે અછત સર્જાશે તેવી આશંકાએ છેલ્લા કેટલાક દિવસોથી નાગરિકોમાં ગભરાટ જોવા મળ્યો હતો. સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓને કારણે નાગરિકોએ મોટા પાયે ઓનલાઈન ગેસ બુકિંગ કરાવવાનું શરૂ કર્યું હતું, જેના પરિણામે કેટલીક ગેસ કંપનીઓના સર્વર પણ ઠપ થઈ ગયા હતા. જોકે, સ્થાનિક એજન્સીઓના જણાવ્યા અનુસાર,છેલ્લા બે દિવસથી પરિસ્થિતિ ધીમે ધીમે સામાન્ય થઈ રહી છે. ગેસનો પુરવઠો હાલમાં પૂરતો હોવાથી ગભરાવાની જરૂર નથી અને પીએનજી સુવિધા ધરાવતા વિસ્તારોમાં ફરજિયાતપણે પાઈપલાઈન ગેસનો જ ઉપયોગ કરવા લોકોને અપીલ કરવામાં આવી છે.

કેન્દ્ર સરકારના આ કડક પગલાનો હેતુ ઊર્જા સંકટ સમયે ગેસના જથ્થાનું યોગ્ય વ્યવસ્થાપન કરવાનો છે. હવેથી જે લોકો પાસે પીએનજી કનેક્શન છે, તેમના એલપીજી કનેક્શન માન્ય રહેશે નહીં. આ ઝુંબેશને કારણે ભવિષ્યમાં જરૂરિયાતમંદ પરિવારોને ગેસનો પુરવઠો સરળતાથી મળી રહે તેવું આયોજન કરવામાં આવી રહ્યું છે.

# ભાવનગર એસ.ટી.ને મળશે ૨૭ નવી બસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા રાજ્યભરના મુસાફરોને વધુ સારી અને ઝડપી પરિવહન સેવા ઉપલબ્ધ કરાવવા માટે વિવિધ વિસ્તારોમાં નવી બસોની ફાળવણી કરવામાં આવી રહી છે. રાજ્યના તમામ ૧૮૨ વિધાનસભા વિસ્તારો માટે ફાળવાયેલી કુલ ૧૮૨ નવી એસ.ટી. બસમાંથી ભાવનગર ડિવિઝનને પણ ૨૭ નવી બસ ફાળવવામાં આવી છે.

આ નવી બસની ફાળવણીથી મુસાફરોને વધુ સુવિધાજનક અને સુવ્યવસ્થિત સેવા મળશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.

હાલ ભાવનગર ડિવિઝનમાં કુલ ૩૩૩ જેટલી બસોનું સંચાલન કરવામાં આવે છે. જેમાં ૫૬ મીની બસ, ૧૯ સ્લીપર કોચ બસ, ૨૦ લક્ઝરી ૨ x ૨ બસ, ૭૨ સુપર એક્સપ્રેસ બસ, ૪૭ ગુર્જર નગરી બસ અને ૧૫૧ લોકલ બસનો સમાવેશ થાય છે. હવે નવી ૨૭ બસો ઉમેરાતા સેવા વધુ મજબૂત બનશે.

ડિવિઝનલ કંટ્રોલર ભાવનગર એસ.ટી. ડિવિઝનના આર. ડી. પીલવાઈકરના જણાવ્યા મુજબ નવી બસોને ટેકનિકલ મંજૂરી મળ્યા બાદ વિવિધ નવા રૂટ પર દોડાવવામાં આવશે. વડી કચેરીની સૂચના મુજબ બસનું સંચાલન કરવામાં આવશે, જેથી મુસાફરોને વધુ સગવડ મળી રહે.

# ગાંધીધામના કિડાણા તળાવમાં ડૂબી જવાથી ૨૩ વર્ષીય યુવાનનું કરુણ મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ગાંધીધામ સંકુલમાં આવેલા કિડાણા ગામના પિંક સિટી વિસ્તારમાં રહેતો ૨૩ વર્ષીય ચંદુ રુદ્રામૂર્તિ બુદ્ધા તળાવના પાણીમાં ડૂબી જતાં તેનું મૃત્યુ નીપજ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત બપોરના અરસામાં ચંદુ બુદ્ધા કિડાણા તળાવ પાસે હતો, તે દરમિયાન અચાનક તે પાણીમાં પડ્યો હતો. યુવાન ડૂબતો હોવાની જાણ થતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તાત્કાલિક સ્થાનિક તંત્રને જાણ કરવામાં આવી હતી. બનાવની જાણ થતા જ ફાયર વિભાગની ટીમ અને સ્થાનિક તરવૈયાઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફાયર ફાઈટરો અને તરવૈયાઓ દ્વારા તળાવના ઊંડા પાણીમાં યુવાનની શોધખોળ માટે સઘન રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. કલાકોની ભારે જહેમત અને વ્યાયામ બાદ અંતે યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. આશાસ્પદ યુવાનનાં મોતના સમાચાર મળતા જ તેના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

સ્થાનિક પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધીને યુવાન તળાવમાં કેવી રીતે પડ્યો તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીધામ: ૧૦ કરોડની લોન અપાવવાના બહાને વેપારી સાથે ૨૫ લાખની છેતરપિંડી, ત્રણ સામે ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના આર્થિક પાટનગર ગણાતા ગાંધીધામમાં લોન અપાવવાના નામે છેતરપિંડીનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. શહેરની ભાગોળે આવેલી એક શિપિંગ-ટ્રેડિંગ પેઢીના સંચાલકને રૂ. ૧૦ કરોડની લોન પાસ કરાવી આપવાની લાલચ આપી, કમિશન પેટે રૂ. ૨૫ લાખ પડાવી લઈ છેતરપિંડી આચરવામાં આવી છે. આ મામલે ગાંધીધામ પોલીસે એક મહિલા સહિત ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ઘટનાની વિગત મુજબ, ગાંધીધામના હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં રહેતા અને 'કચ્છ આર્કેડ પ્લેટેનિયમ' બિલ્ડિંગમાં એસ.એસ. એન્ટરપ્રાઇઝ નામની શિપિંગ-ટ્રેડિંગ પેઢી ચલાવતા અશ્વિનસિંહ સુરસિંહ સોઢાને બે વર્ષ પૂર્વે વોટ્સએપ પર એક મેસેજ આવ્યો હતો. મેસેજ કરનાર શખ્સે પોતાની ઓળખ અમદાવાદના દિલીપ મકવાણા તરીકે આપી હતી. વાતોના વળગણમાં દિલીપે અશ્વિનસિંહને તેમની પેઢી માટે મોટી લોન જોઇતી હોય તો તે કરાવી આપવાની ઓફર કરી હતી.

ફરિયાદીએ લોનમાં રસ દાખવતા દિલીપે અમદાવાદના કલ્પેશસિંહ ઘનશ્યામસિંહ ઝાલા સાથે સંપર્ક કરાવ્યો હતો. કલ્પેશે વિશ્વાસ જીતવા માટે જણાવ્યું હતું કે તેની પત્ની અંકિતા ઝાલા બેંકમાં નોકરી કરે છે અને તેની મોટી ઓળખાણ છે. ત્યારબાદ આ દંપતીએ 'સ્ટાર્ટઅપ ઇન્ડિયા' યોજના હેઠળ સરકાર ૧૦ કરોડની લોન આપે છે તેમ કહી, તેમાં સેટિંગ કરી આપવાનો વાયદો કર્યો હતો.

આરોપીઓએ લોન અપાવવા પેટે કુલ રકમના ૫% કમિશન નક્કી કર્યું હતું, જેમાં અઢી ટકા એડવાન્સમાં માંગ્યા હતા. ફરિયાદીએ તેમની વાતોમાં આવી જઈને જુદી-જુદી તારીખે કલ્પેશના ખાતામાં મોટી રકમ જમા કરાવી હતી. આ ઉપરાંત આરોપીઓએ અન્ય ખર્ચના નામે પણ રૂ. ૧,૨૫,૦૦૦ પડાવ્યા હતા. કુલ મળીને ફરિયાદી પાસેથી લાખોની રકમ મેળવી લીધા બાદ આરોપીઓએ સાત દિવસમાં લોન ખાતામાં આવી જશે તેવો ભરોસો આપ્યો હતો. સમય મર્યાદા વીતી જવા છતાં લોન ન આવતા અને આરોપીઓ વારંવાર વાયદા કરવા લાગતા ફરિયાદીને છેતરપિંડીનો અહેસાસ થયો હતો. અશ્વિનસિંહે પોતાના નાણાં પરત માંગતા આરોપીઓએ માત્ર બે લાખ રૂપિયા પરત કર્યા હતા, જ્યારે બાકીના રૂ.૨૫ લાખ ઓળવી ગયા હતા. આખરે ભોગ બનનાર વેપારીએ કલ્પેશસિંહ ઝાલા, અંકિતા ઝાલા અને દિલીપ મકવાણા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ગાંધીધામ ભાજપના યુવા નેતાના આત્મહત્યા કેસમાં વધુ બે શખસ ઝડપાયા

## કુલ ધરપકડનો આંક છ પર પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: આદિપુર ખાતે રહેતા ગાંધીધામ શહેર ભાજપના યુવા મંત્રી દીપેશ ત્રિપાઠીએ વ્યાજખોરોના ત્રાસથી કરેલી આત્મહત્યાના રાજ્યભરમાં ચકચારી બનેલા પ્રકરણમાં સંડોવાયેલા વધુ બે આરોપીઓને ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી હતી. આ સાથે જ આ કેસમાં અત્યાર સુધી ધરપકડ કરાયેલા કુલ આરોપીઓની સંખ્યા હવે છ પર પહોંચી છે. પ્રાપ્ત વિગતો મુજબ, આત્મહત્યા માટે મજબૂર કરવાના આ કેસમાં કુલ ૧૮ શખ્સો સામે ગુનો નોંધાયેલો છે. અગાઉ પોલીસે અલગ-અલગ સ્થળેથી ચાર આરોપીઓની અટકાયત કરી હતી. તપાસ દરમિયાન પોલીસને મળેલી બાતમી અને પુરાવાઓના આધારે રૂપેશ કેશવ વઢિયારી (રહે. રાજકોટ) અને કલ્પેશ મુળજી ઠક્કર (રહે. આદિપુર)ને પકડી પાડવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, દીપેશ ત્રિવેદી આત્મહત્યા પ્રકરણમાં સંડોવાયેલા ૧૮ પૈકી અત્યાર સુધીમાં છ આરોપીઓ પોલીસના સકંજામાં આવી ચૂક્યા છે. જોકે, હજુ પણ ૧૨ જેટલા આરોપીઓ પોલીસ પકડથી દૂર છે. આ ફરાર શખ્સોને શોધી કાઢવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે અને વિવિધ ટુકડીઓ બનાવી આગળની કવાયત હાથ ધરી છે.

## મુંદરા બંદર પર મિસાઈલ હુમલાની ધમકી

# 'ખાલિસ્તાની' ઉગ્રવાદી સંગઠનના નામે આવેલા ઈ-મેઈલથી સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગુજરાત વિધાનસભા અને અમદાવાદની શાળાઓ, વિવિધ સરકારી કચેરીઓ બાદ હવે પાકિસ્તાનને અડકીને આવેલા કચ્છના વ્યૂહાત્મક રીતે મહત્ત્વના ગણાતા મુંદરા બંદરને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. ખાલિસ્તાની ઉગ્રવાદી જૂથના નામે મળેલા આ ધમકીભર્યા ઇ-મેઇલને પગલે પોલીસ અને સુરક્ષા એજન્સીઓ હરકતમાં આવી હતી, જોકે સઘન તપાસના અંતે કોઈ શંકાસ્પદ વસ્તુ ન મળતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, ખાલિસ્તાની ઉગ્રવાદી ગ્રૂપના નામે એક ઇ-મેઇલ વાયરલ થયો હતો, જેમાં મુંદરા બંદર અને ત્યાં લાંગરેલા એલપીજી ટેન્કર પર મિસાઈલ તેમજ બોમ્બ ધડાકાથી હુમલો કરવાની ચીમકી આપવામાં આવી હતી.

આ ધમકીભર્યા પત્રમાં ચોક્કસ સમયનો ઉલ્લેખ કરતા જણાવાયું હતું કે, બપોરે ૩:૧૧ વાગ્યે અને રાત્રે ૯:૧૧ વાગ્યે એલપીજી ટેન્કરને નિશાન બનાવીને નષ્ટ કરવામાં આવશે. આ ઇ-મેઇલના સ્ક્રીનશોટ સોશ્યલ મીડિયા પર વાઇરલ થતા જ નાગરિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને પશ્ચિમ કચ્છ પોલીસ તુરંત સક્રિય બની હતી. પીઆઇ રાણા અને પીએસઆઇ સહિતના ઉચ્ચ અધિકારીઓનો કાફલો મુંદરા પોર્ટ પર દોડી ગયો હતો. પોર્ટના સંવેદનશીલ વિસ્તારો અને ટેન્કરોની તકેદારીના ભાગરૂપે ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી હતી.

મોડી રાત્રી સુધી ચાલેલી સઘન તપાસ બાદ પુષ્ટિ થઇ હતી કે કોઈ પણ પ્રકારની વિસ્ફોટક કે સંદિગ્ધ સામગ્રી મળી આવી નથી. પ્રાથમિક છાનબીનના અંતે આ ધમકી પણ અગાઉની ધમકીઓની જેમ 'પોકળ' સાબિત થઈ હતી. હાલમાં મુંદરા બંદરની તમામ ગતિવિધિઓ કોઈપણ અવરોધ વિના રાબેતા મુજબ કાર્યરત હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# કચ્છ જિલ્લાના મુખ્ય શહેરોની કાયાપલટ માટે કરોડોનું બજેટ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રણપ્રદેશ કચ્છ જિલ્લામાં પ્રથમ વખત બજેટ આધારિત સુયોજિત આયોજન સાથે વિકાસકાર્યોને વેગ આપવાની દિશામાં ઐતિહાસિક નિર્ણય લેવાયો છે. જિલ્લા કલેક્ટર અને વિવિધ વિકાસ સત્તામંડળના ચેરમેન આનંદ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં ભુજ, ભચાઉ, રાપર, અંજાર અને ગાંધીધામ માટે વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રોને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી છે. આ માઈક્રો-પ્લાનિંગનો મુખ્ય હેતુ નાગરિકોને ઝડપી અને આધુનિક માળખાકીય સુવિધાઓ પૂરી પાડવાનો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ભુજ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (ભાડા) માટે રૂ. ૨૫૧૦.૦૦ લાખના આવક-ખર્ચના લક્ષ્યાંક સાથેનું બજેટ ફાળવવામાં આવ્યું છે જેમાં વોર્ડ નં. ૧, ૭, ૮, ૯, ૧૧ અને જીઆઇડીસી વિસ્તારમાં નર્મદા વોટર સંપ તથા ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે રૂ. ૬૦૭.૦૦ લાખ ખર્ચાશે. ભુજ અને માધાપરના ડ્રેનેજ પ્રકલ્પ માટે અનુક્રમે રૂ.૫૧૫.૦૦ લાખ અને રૂ. ૨૫૦.૦૦ લાખની જોગવાઈ કરાઈ છે.આ ઉપરાંત કિલ્લેબંધ શહેરને સુંદર બનાવવા 'ભાડા આઈકોનિક રોડ' (રૂ. ૧૦૦.૦૦ લાખ) અને 'ભાડા સર્કલ' (રૂ. ૨૫.૦૦ લાખ) વિકસાવાશે. ધરતીકંપ બાદ વિસ્થાપિતો માટે બનાવાયેલી વિવિધ રિલોકેશન સાઈટ પર પાંચ નવા ગાર્ડન માટે રૂ.૫૦.૦૦ લાખ અને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માટે રૂ.૩૮૦.૦૦ લાખની ફાળવણી કરવામાં આવી છે.

બીજી તરફ, ઔદ્યોગિક પાટનગર ગાંધીધામ સંકુલના સર્વાંગી વિકાસ માટે રૂ.૭૨ કરોડનું બજેટ મંજૂર કરાયું છે જે અંતર્ગત ગાંધીધામ મહાનગરપાલિકાને આધુનિકીકરણ માટે રૂ.૩૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવશે, શહેરના માર્ગોને 'ડસ્ટ ફ્રી' બનાવી ફૂટપાથ, પાર્કિંગ અને ગ્રીન સ્પેસ સાથે પહોળા કરવામાં આવશે તેમજ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને સ્ટોર્મ વોટર ડ્રેનેજ જેવી સુવિધાઓ પર વિશેષ ધ્યાન અપાશે, જ્યારે સત્તામંડળના નવા બિલ્ડિંગ માટે રૂ.૧.૧૭ કરોડની જોગવાઈ કરાઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગાંધીધામ ઉપરાંત અંજાર વિસ્તાર વિકાસ સત્તામંડળની ૪૪મી બોર્ડ બેઠકમાં રૂ.૨૩૯૨ લાખનું બજેટ મંજૂર કરાયું છે જેમાં રમતવીરો માટે રૂ. ૨૦૭ લાખના ખર્ચે સ્ટેડિયમ અને રૂ. ૫૦ લાખના ખર્ચે મેમોરિયલ પાર્કનું નિર્માણ થશે અને ડિજિટલ ક્રાંતિના ભાગરૂપે નવી વેબસાઈટ અને કમ્પ્યુટર સેટ માટે પણ ભંડોળ ફાળવાયું છે.

કચ્છના ઐતિહાસિક અંજાર શહેરમાં અબેટરમેન્ટ ચાર્જ અને ડેવલપમેન્ટ ફી દ્વારા આવક ઊભી કરવાનું પણ આયોજન છે.

દરમ્યાન, ભચાઉમાં રૂ. ૧૬૨.૩૦ લાખના બજેટમાં ચિલ્ડ્રન પાર્કના પુનઃઉદ્ધાર માટે રૂ. ૫૦.૦૦ લાખ ફાળવાયા છે જ્યારે સીમાવર્તી રાપરના વિકાસ અર્થે રૂ. ૧૪૧.૬૪ લાખનું બજેટ મંજૂર થયું છે, જેમાં ડાભુંડા સર્કલથી મામલતદાર કચેરી સુધીના માર્ગને રૂ. ૫૦.૦૦ લાખના ખર્ચે 'આઈકોનિક રોડ' તરીકે વિકસાવવામાં આવશે.

આ પ્રકારના ચોક્કસ બજેટ અને લક્ષ્યાંક આધારિત આયોજનથી કચ્છના શહેરી વિસ્તારોનો વિકાસ વેગવંતો થશે અને નાગરિકોને પાયાની સુવિધાઓ વધુ સુદ્રઢ રીતે પ્રાપ્ત થશે તેવો વિશ્વાસ જિલ્લા કલેક્ટર આનંદ પટેલે વ્યક્ત કર્યો હતો.

## કચ્છના બન્ની પ્રદેશના વડ ગામે જંગલી ભૂંડનો આતંક

# વયોવૃદ્ધ માલધારી પર જીવલેણ હુમલો, પશુપાલકોમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રણપ્રદેશ કચ્છના ભાતીગળ બન્ની પ્રદેશમાં છેલ્લાં કેટલાક સમયથી વન્ય પ્રાણીઓના હુમલાની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થયો છે. પશુધનને નિશાન બનાવ્યા બાદ હવે જંગલી ભૂંડોએ માનવ વસ્તી પર પણ હુમલા શરૂ કરતા સમગ્ર પંથકમાં ભયનો માહોલ છવાયો છે. તાજેતરમાં બન્નીના વડ ગામે એક વયોવૃદ્ધ માલધારી પર જંગલી ભૂંડે જીવલેણ હુમલો કરતા તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ મળી રહ્યા છે. મળતી માહિતી મુજબ, બન્ની પ્રદેશના વડ ગામના રહેવાસી હાલે પોત્રા જુસબ જામીન નામના વૃદ્ધ આજે સવારના સમયે પોતાના નિત્યક્રમ મુજબ સીમમાં હતા, ત્યારે અચાનક એક ખૂનખાર જંગલી ભૂંડે તેમના પર હુમલો કરી દીધો હતો. આ હુમલો એટલો ભયાનક હતો કે ભૂંડે વૃદ્ધના પગના ભાગે ગંભીર રીતે બચકું ભરી લીધું હતું અને શરીરના અન્ય ભાગોમાં પણ ઈજાઓ પહોંચાડી હતી. લોહીલુહાણ હાલતમાં વૃદ્ધને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર, છેલ્લાં ૧૦ વર્ષમાં આ વિસ્તારમાં જંગલી ભૂંડ દ્વારા મનુષ્ય પર આ પ્રકારનો જીવલેણ હુમલો થયો હોય તેવી આ પ્રથમ ઘટના છે. સામાન્ય રીતે વન્ય પ્રાણીઓ નાના-મોટા પશુઓનો શિકાર કરતા હોય છે, પરંતુ હવે તે માનવો માટે પણ જોખમી બની રહ્યા છે.

વન વિભાગ આ મામલે યોગ્ય પગલાં ભરે અને જંગલી પ્રાણીઓના ત્રાસમાંથી મુક્તિ અપાવે તેવી માંગ ઊઠી છે.

# સુરતમાં ભારે પવનના લીધે મનપાનું બોર્ડ ધરાશાયી થતા યુવકે જીવ ગુમાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સહિત ડાયમંડ સિટી સુરતમાં પણ બદલાયેલા વાતાવરણ અને ફૂંકાયેલા મિની વાવાઝોડાએ ભારે તારાજી સર્જી હતી. ભારે પવન અને વાવાઝોડાને કારણે શહેરના અનેક વિસ્તારોમાં હોર્ડિંગ્સ, મકાનોના પતરા અને વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ બની હતી. કુદરતી આફતના આ પ્રકોપ વચ્ચે સુરતમાં એક યુવાને જીવ ગુમાવ્યો હોવાના અહેવાલ પ્રાપ્ત થયા હતા. મળતી વિગતો અનુસાર, શહેરના પર્વત પાટિયા વિસ્તારમાં ભારે પવનના કારણે મહાનગરપાલિકાનું લોખંડનું મસમોટું બોર્ડ અચાનક ધરાશાયી થયું હતું, જેની અડફેટે ત્યાંથી પસાર થઈ રહેલો એક યુવક આવી ગયો હતો. બોર્ડ અત્યંત વજનદાર હોવાથી યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા જ પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સ્મીમેર હૉસ્પિટલ ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



**ગૂડીપડવ્યાચી શુભેચ્છા:** મહારાષ્ટ્રીયન નવ વર્ષ ગૂડીપડવાની ઉજવણી ગુરુવારે સમસ્ત દેશના મહારાષ્ટ્રીયન પરિવારોએ કરી હતી. જૂનાગઢમાં વસેલા મરાઠી પરિવારે પણ નવ વર્ષને આવકાર્યું હતું. (હરેશ સોની)

# ભૂકંપમાં ક્ષતિગ્રસ્ત થયેલો જામનગરનો ઐતિહાસિક ભુજિયો કોઠો ફરી ધબક્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્રના પેરિસ ગણાતા જામનગરના ઐતિહાસિક ભુજિયા કોઠાને પ્રવાસીઓ માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ ઐતિહાસિક ઇમારત એક સમયે સૌરાષ્ટ્રની સૌથી ઊંચી ઇમારત ગણાતી હતી જે આ પ્રદેશના ઇતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. જામનગરના આ ઐતિહાસિક વારસાને પણ ૨૦૦૧ના ભૂકંપમાં નુકસાન થયા બાદ જામનગર મહાનગરપાલિકા દ્વારા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ૨૫ કરોડના ખર્ચે ભુજિયા કોઠાના રિસ્ટોરેશન, કન્ઝર્વેશન, કન્સોલિડેશન અને રિ-પ્રોડક્શનની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

ભુજિયા કોઠાના વારસાને તેના ઐતિહાસિક ગૌરવ સાથે પ્રસ્થાપિત કરવા માટે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ સાથે સંકલનમાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી અને તેના ફેઝ-૧નું લોકાર્પણ ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું.ભુજિયા કોઠાનું નિર્માણકાર્ય ૧૮૩૯થી ૧૮૫૨ દરમિયાન કરવામાં આવ્યુ હતું. તે સમયે આ ઇમારતનો ઉપયોગ સુરક્ષા અને સંદેશાવ્યવહાર માટે થતો હતો.

# પોરબંદરના ₹ ૪૧૩.૮૧ કરોડના વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

અમદાવાદ: પોરબંદર શહેરના તાજાવાલા હોલ ખાતે ૧૯ માર્ચના રોજ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના વરચ્યુલી અધ્યક્ષ સ્થાને જિલ્લાના વિકાસના વિવિધ કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે પોરબંદર જિલ્લાના નાગરિકોને કુલ રૂ. ૪૧૩.૮૧ કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલા અને થનારા ૪૬ જેટલા વિકાસલક્ષી કાર્યોની ભેટ અર્પણ મળી હતી. આ પ્રોજેક્ટ્સ અંતર્ગત અંદાજે રૂ. ૩૨૦.૫૯ કરોડના ખર્ચે નિર્માણ પામનારા ૧૭ કામોનું ઇ-ખાતમુહૂર્ત અને રૂ. ૯૩.૨૨ કરોડના ખર્ચે પૂર્ણ થયેલા ૨૯ કામોનું ઇ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું.


# મુંબઈ સમાચાર આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહ

**૨ એપ્રિલથી ૮ એપ્રિલ**



અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય દ્વારકાશારદાપીઠાધીશ્વર જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ | વૈષ્ણવ હૃદયસમ્રાટ વૈષ્ણવાચાર્યશ્રી ૧૦૮ યદુનાથજી મહોદયશ્રી (કડી–અમદાવાદ) | રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજસાહેબનું

**માર્ગદર્શન**



## પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી

Supported by:
adani

## સનાતન નગરી:

સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ, (ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ) બોરીવલી (પશ્ચિમ)

**ભાગવત કથા:** બપોરે ૩.૩૦થી ૬.૩૦
**પ્રસાદ:** સાંજે ૬.૩૦ વાગ્યાથી ૭.૩૦ વાગ્યા સુધી
**માતૃભાષા મહોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમો:** રાત્રે ૭.૩૦થી ૧૦.૦૦



SKYLINE INFRA FORGE
શ્રી સૌરભ મહેતા
(મુખ્ય મનોરથી)

મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય



gandhar Group of Companies
શ્રી રમેશભાઈ પારેખ
(સહ મનોરથી)

★ તમામ દર્શનાર્થીઓ માટે પ્રસાદની વ્યવસ્થા

★ ૨ લાખ સ્કે. ફૂટના એરકન્ડિશન્ડ ડોમમાં ભાગવત કથા

★ પોથીના મનોરથીઓને વિશેષ પ્રસાદ અને ભાગવત શ્રવણની વ્યવસ્થા

૨૦૪ વર્ષની યુવાવયના એશિયાના સૌથી જૂના અખબાર 'મુંબઈ સમાચાર'ની અલૌકિક-અદ્‌ભુત પહેલ

## મુંબઈ શહેરમાં જીવતી- જાગતી માતૃભાષાઓનું રક્ષણ અને સંવર્ધન

માતૃભાષાનો આ મહાયજ્ઞ માતૃભાષાના એ સૈનિકો માટે છે જેમણે સમગ્ર જીવન દરમિયાન ભારતની વિવિધ માતૃભાષાની સેવા કરી છે અને હવે આપણી જવાબદારી છે કે એ સૈનિકોની પાછલી જિંદગીની તકેદારી આપણે રાખીએ - સથવારો પૂરો પાડીએ. આ સમગ્ર મહાકુંભનું જે ઉપાર્જન થશે એ ભારતની માતૃભાષાઓના વીર સાહિત્યકારો માનભેર જીવન જીવી શકે એ માટે વપરાશે.

માતૃભાષાના સેનાનીઓના ઋણ-સ્વીકારનો આ અવસર છે, પછી એ ગુજરાતી હોય, મરાઠી હોય, બંગાળી હોય કે પછી હોય અન્ય કોઈ માતૃભાષાનો સૈનિક. ભાષાકર્મી છે આપણી ભાષાને સમૃદ્ધ કરવાનો પાયો. ભાષા અને સંસ્કૃતિના એ પાયા સાથે આપણે ઊભા છીએ એ દાખવવાનો આ પ્રયત્ન છે. સૌના સહકારની અપેક્ષા સાથે.

DANUBE PROPERTIES DUBAI
Real Estate Partners:

### દરરોજના કાર્યક્રમ



**તા. ૨** માતૃભાષા માનવંદના: મરાઠી સંગીત સંધ્યા



**તા. ૩** પદ્મશ્રી કૈલાસ ખેરનો 'કૈલાસા' કોન્સર્ટ અને કૈલાસા લાઈવ



**તા. ૪** ગીતા રબારીનો સંગીત જલસો



**તા. ૭** કીર્તિદાન ગઢવીનો ડાયરો

★ શ્રી પોથીજી ★ ઝાંખી
★ ઉત્સવ ★ સેવા ★ મનોરથ

દૈનિક બ્રહ્મ ભોજન
દૈનિક ફળ સેવા
દૈનિક ફૂલહાર સેવા
દૈનિક સ્ટેજ ડેકોરેશન

**ઉત્સવ, મનોરથ, ઝાંખી અને અન્ય સેવાઓ માટે**

સંપર્ક:
વિપુલ પારેખ ૯૩૨૨૫૦૫૦૩૦
યોગેશ પંડ્યા ૭૭૧૦૮૧૬૩૪૦
કિશોર જાની ૯૮૧૯૯૧૦૦૩૯

**આયોજક**

## મુંબઈ સમાચાર પ્રેરિત માતૃભાષા પ્રતિષ્ઠાન

★ શ્રી નીલેશ દવે

| | | | | |
|---|---|---|---|---|
| ★ શ્રી પરાગ શાહ | ★ શ્રી સંતોષ સિંહ | ★ શ્રી મુકેશ પટેલ | ★ શ્રી રાજુ સાવલા | ★ શ્રી અરવિંદ શાહ |
| ★ શ્રી જિજ્ઞેશ ભુતા | ★ શ્રી જસ્મીન શાહ | ★ શ્રી જિતેન્દ્ર મહેતા | ★ શ્રી જગદીશ ઓઝા | ★ શ્રી ભાર્ગવ પટેલ |
| ★ શ્રી નિરવ મહેતા | ★ શ્રી જિજ્ઞેશ હિરાણી | ★ શ્રી શોભિત દેસાઈ | ★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ) | ★ શ્રી દુષ્યંત સોની (દુબઈ) |

વિશેષ આભાર: ★ શ્રી સંજય ઉપાધ્યાય ★ શ્રી અસીત કુમાર મોદી ★ શ્રી જે. ડી. મજેઠિયા ★ શ્રી સંજય છેલ ★ શ્રી મુકેશ મહેતા ★ શ્રી ભૂપેન્દ્ર મહેતા ★ શ્રી વિપુલ પારેખ ★ શ્રી વિરલ ચિતલિયા ★ શ્રીમતી માધવી ભુતા

AJMERA BUILT ON TRUST
MICL LIVE BETTER
Showglitz Events & Entertainment Private Limited
HEM AGARBATTI
MUNJAL
hitech events & exhibition
मा तृभाषा वंदना
dks ARVINDBHAI KHATRI SONS
BRIGHT OUTDOOR MEDIA LIMITED
Neela Film Productions
NATUREPURE Wellness Pvt. Ltd.
WellPure | Keshasvi
APAR ADVERTISERS PRIVATE LIMITED
NEELKANTH Building Trust Since 1938 Formerly known as: Velji Harkha Patel & Sons.
SURBHI GROUP Redefining Urban Lifestyle Contact - +91 98218 85998/
SILVER BUILDING LANDMARKS SINCE 1986

# કુવૈતની બે સહિત અખાતની અનેક રિફાઈનરીઓ પર હુમલો

દુબઈ: પશ્ચિમ એશિયામાં તણાવ વચ્ચે કુવૈત પેટ્રોલિયમ કોર્પોરેશને જણાવ્યું કે દેશની બે મુખ્ય તેલ રિફાઇનરીઓ પર ડ્રોન હુમલા બાદ આગ લાગી છે. જોકે, આ ઘટનાઓમાં કોઈ ઈજાગ્રસ્ત થયા નથી. કંપનીના જણાવ્યા અનુસાર, કુવૈત શહેરથી લગભગ ૫૦ કિલોમીટર દક્ષિણમાં આવેલી મીના અલ-અહમદી રિફાઇનરીમાં એક ઓપરેશનલ યુનિટ પર ડ્રોનથી હુમલો થયા બાદ આગ લાગી હતી. એક ન્યૂઝ એજન્સી અનુસાર, આગને તાત્કાલિક કાબૂમાં લેવામાં આવી હતી અને કોઈ જાનહાનિ થઈ ન હતી.

થોડા સમય પછી મીના અબ્દુલ્લા રિફાઇનરીમાં પણ ડ્રોન હુમલો થયો હતો જેના કારણે અન્ય એક ઓપરેશનલ યુનિટમાં આગ લાગી હતી. કંપનીએ જણાવ્યું હતું કે તમામ જરૂરી સાવચેતી રાખવામાં આવી હતી અને કર્મચારીઓની સલામતી સુનિશ્ચિત કરવામાં આવી હતી. વધુમાં સમગ્ર ફેસિલિટી સુરક્ષિત કરવામાં આવી છે.

બંને ઘટનાઓ બાદ તેલ ઉત્પાદન અને પુરવઠા પર કોઈ મોટી તાત્કાલિક અસર થઈ નથી. અધિકારીઓએ જણાવ્યું કે પરિસ્થિતિ નિયંત્રણમાં છે અને સલામતી ધોરણોનું કડક પાલન કરવામાં આવ્યું હતું. નિષ્ણાતોના મતે તેલ રિફાઇનરીઓ પર આવા હુમલા વૈશ્વિક ઊર્જા બજાર માટે ચિંતાનું કારણ બની શકે છે.

ઈરાને ગુરુવારે તેના આરબ ગલ્ફ પડોશીઓનાં ઊર્જા ઠેકાણાઓ પર હુમલાઓ કર્યા હતા. ઈરાને આ હુમલાઓ ઈઝરાયલ તરફથી તેના ગેસ ક્ષેત્ર પર કરવામાં આવેલા હુમલાના જવાબમાં કરવામાં આવ્યા હતા. ઈરાને લાલ સમુદ્રમાં સાઉદી અરેબિયાની રિફાઈનરી પર હુમલો કર્યો હતો. કતારની એલએનજી ક્ષેત્રો અને કુવેતની બે તેલ રિફાઈનરીઓને નિશાન બનાવી હતી. આનાથી વિશ્વભરમાં ઈંધણના ભાવમાં તીવ્ર વધારો થયો છે.

આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક ગણાતા બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવ પ્રતિ બેરલ ૧૧૪ ડોલર પર પહોંચી ગયા. ૨૮ ફેબ્રુઆરીએ ઈઝરાયલ અને અમેરિકાએ ઈરાન પર હુમલા શરૂ કર્યા પછી તેમાં ૫૭ ટકાથી વધુનો વધારો થયો છે. ઊર્જા કટોકટીની આશંકાના કારણે બજારની ચિંતા વધી ગઈ છે. સંયુક્ત આરબ અમીરાતના દરિયાકાંઠે એક જહાજમાં આગ લાગી હતી અને કતારની નજીક બીજા જહાજને નુકસાન થયું હતું. આનાથી હોર્મુઝ સ્ટ્રેટ પર ખતરો વધ્યો છે. જેમાંથી વિશ્વના લગભગ પાંચમા ભાગનું તેલ પસાર થાય છે અને જેના પર ઈરાનનો પ્રભાવ છે. સાઉદી અરેબિયા અગાઉ આ જળમાર્ગથી બચવા માટે લાલ સમુદ્ર મારફતે ઓઈલ પશ્ચિમ તરફ મોકલતું હતું પરંતુ યનબુ શહેરમાં તેની સેમરેફ રિફાઇનરીમાં ઈરાની ડ્રોન હુમલાએ આ માર્ગની સલામતી અંગે પ્રશ્નો ઊભા કર્યા છે. કતારે જણાવ્યું કે એક એલએનજી ફેસિલિટીમાં લાગેલી આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. અગાઉના હુમલાઓને કારણે ઉત્પાદન પહેલાથી જ બંધ કરી દેવામાં આવ્યું હતું. જો કે, નવા હુમલાઓને કારણે વધુ નુકસાન થયું છે. યુદ્ધ સમાપ્ત થયા પછી પણ આ કતારના પુરવઠાને અસર કરી શકે છે. કતાર વિશ્વ માટે કુદરતી ગૅસનો મુખ્ય સ્રોત છે. ■



**ગંગા આરતી:** હિન્દુ નવા વરસ અને નવરાત્રિના પ્રથમ દિવસે એટલે કે ગુરુવારે વારાણસીસ્થિત અસ્સી ઘાટ પર ગંગા આરતી કરી રહેલા સાધુસંતો. (એજન્સી)



**ગૅસની અછતઃ** પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને પગલે વૈશ્વિક સ્તરે ઊર્જાની ઊભી થયેલી કટોકટીને કારણે સર્જાયેલી અછત વચ્ચે રાંધણગૅસના સિલિન્ડર મેળવવા પ્રયાગરાજમાં ગુરુવારે કતારમાં ઊભેલા લોકો. (એજન્સી)

# ઈઝરાયલમાં હુમલામાં વધુ ૧૭૦ લોકો ઘાયલ

## લેબેનોનમાં બે દિવસમાં ૪૫નાં મોતઃ ઘાયલોની કુલ સંખ્યા ૩,૯૨૪

દુબઈઃ ઈઝરાયલમાં ઈરાન સાથે યુદ્ધમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭૦થી વધુ લોકો ઘાયલ થયા છે. જ્યારે લેબેનોનમાં ઈઝરાયલના હુમલામાં છેલ્લા બે દિવસમાં ૪૫ લોકોનાં મોત થયા હતા. લેબેનોનના જાહેર આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, છેલ્લા બે દિવસમાં લેબેનોનમાં ઇઝરાયલી હુમલાઓમાં ૪૫ લોકો માર્યા ગયાં છે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ફક્ત બૈરૂતમાં જ ૧૪ બાળકો સહિત ૧૧ લોકો માર્યા ગયાં છે અને ૪૫ લોકો ઘાયલ થયા છે. ઈઝરાયલના આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે એક જ દિવસમાં મિસાઇલ હુમલાઓમાં ઘાયલ ૧૭૭ લોકોને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તાજેતરના આંકડાઓ સાથે ઇઝરાયલમાં યુદ્ધમાં ઘાયલોની કુલ સંખ્યા આશરે ૩,૯૨૪ સુધી પહોંચી ગઈ છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ઘાયલોમાં સામાન્ય નાગરિકો અને લશ્કરી કર્મચારીઓ બંનેનો સમાવેશ થાય છે, જેમાં મોટાભાગની હાલત સ્થિર છે. જોકે કેટલાકની હાલત ગંભીર છે. ઈમરજન્સી સેવાઓ અને હૉસ્પિટલો સતત હાઈ એલર્ટ પર કામ કરી રહી છે. શારીરિક ઇજાઓની સાથે સાથે ટ્રોમાની પણ સારવાર કરવામાં આવી રહી છે. ઘાયલોની વધતી સંખ્યા ઉપરાંત, ઇઝરાયલમાં મૃત્યુઆંકમાં પણ વધારો થયો છે. ઈરાન સાથે યુદ્ધ શરૂ થયા પછી ઓછામાં ઓછા ૧૫ લોકો માર્યા ગયાં છે. વધુમાં દક્ષિણ લેબેનોનમાં બે ઇઝરાયલી સૈનિકો માર્યા ગયા હોવાના અહેવાલ છે. અધિકારીઓએ નાગરિકોને સતર્ક રહેવા અને સલામતી પ્રોટોકોલનું પાલન કરવા વિનંતી કરી છે, કારણ કે તણાવ ઓછો થવાના કોઈ તાત્કાલિક સંકેતો દેખાતા નથી. ■

# યુદ્ધમાં ઈરાન જીતશેઃ 'રો'ના ભૂતપૂર્વ વડા

નવી દિલ્હીઃ મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધને કારણે વૈશ્વિક ઊર્જા સંકટ વધુ ઘેરાઇ રહ્યું છે. ઈરાન, ઇઝરાયલ અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર ભારતમાં પણ સ્પષ્ટપણે જોવા મળી રહી છે. તેલ અને ગેસ સપ્લાઇને લઇને ચિંતાઓ વધી રહી છે. આ દરમિયાન ભારતીય ગુપ્તચર એજન્સી રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ(રો)ના ભૂતપૂર્વ વડા અમરજીત સિંહ દુલતે એક ચોંકાવનારું નિવેદન આપ્યું છે.

સમાચાર એજન્સીના અહેવાલ અનુસાર અમરજીત સિંહ દુલતે જણાવ્યું કે ભારતનો ઈરાન સાથે જૂનો અને મજબૂત સંબંધ છે. આપણે હંમેશાં ઈરાન સાથે રહ્યા છીએ અને આપણા સંબંધો ઘણા જૂના છે. તેમણે કહ્યું કે વર્તમાન પરિસ્થિતિઓમાં અમેરિકા અને ઇઝરાયલ સાથે ચાલી રહેલા સંઘર્ષમાં ઈરાનનો વિજય થઇ શકે છે.

જો કે તેમણે સમગ્ર ઘટનાક્રમને દુર્ભાગ્યપૂર્ણ ગણાવતાં કહ્યું કે હાલમાં જે કંઇ પણ થઇ રહ્યું છે તે ચિંતાજનક છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે મધ્ય પૂર્વમાં વધતા હુમલાઓને કારણે વૈશ્વિક સ્તરે તેલ અને ગેસના ભાવમાં વધારાનો ખતરો તોળાઇ રહ્યો છે. જેની અસર ભારત સહિત ઘણા દેશો પર પડી શકે છે.

ભારતની આઝાદી પછી ભારત અને ઈરાન વચ્ચે સંબંધો ધીમે ધીમે મજબૂત થયા છે. બંને દેશોએ ઔપચારિક રાજદ્વારી સંબંધો સ્થાપિત કર્યા અને સમય સાથે સહયોગ વધાર્યો છે. ૧૯૫૦ થી ૧૯૭૦ના દાયકામાં ઈરાનનો ઝુકાવ અમેરિકા તરફ હતો. તેમ છતાં ઈરાને ભારત સાથે તેના સંબંધો જાળવી રાખ્યા હતા.

વર્ષ ૧૯૭૯માં ઈરાનમાં ઈસ્લામિક ક્રાંતિ આવી. ત્યારબાદ તેની વિદેશ નીતિમાં મોટો ફેરફાર આવ્યો હતો. આ પછી પણ ભારતે સંતુલિત નીતિ અપનાવી હતી. ભારતે એક તરફ ઈરાન સાથે પણ તેના સંબંધો જાળવી રાખ્યા અને બીજી તરફ પશ્ચિમી દેશો સાથે પણ સંબંધો જાળવી રાખ્યા હતા. આધુનિક સમયમાં ભારત અને ઈરાન વચ્ચેના સંબંધો ઘણા મુખ્ય ક્ષેત્રોમાં મજબૂત થયા છે. ઊર્જા ક્ષેત્રમાં ઈરાન ભારતનું મોટું તેલ સપ્લાઇર રહ્યું છે. ભારત તેની ઊર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે લાંબા સમયથી ઈરાનથી તેલ આયાત કરે છે. ■

# નેપાળમાં હેલિકૉપ્ટર દુર્ઘટના

કાઠમંડુઃ નેપાળના ખોટાંગ જિલ્લામાં એક હેલિકૉપ્ટર લેન્ડિંગ દરમિયાન અચાનક પલટી જતાં દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ હેલિકૉપ્ટરમાં એક જ પરિવારના પાંચ સભ્યો સવાર હતા. તેઓ કાઠમંડુથી પરિવારના એક સભ્યના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા ખોટાંગ જઇ રહ્યા હતા. જો કે કોઇ જાનહાનિ થઇ ન હતી. પ્રાપ્ત વિગતો અનુસાર નાગમણિ રાઇના પત્ની મનમછી રાઇનું યુકેમાં નિધન થયું હતું અને તેમના મૃતદેહને અંતિમ સંસ્કાર માટે નેપાળ લાવવામાં આવી રહ્યો હતો. હેલિકૉપ્ટરમાં જગ્યા ઓછી હોવાથી મૃતદેહને વાહન દ્વારા લઇ જવામાં આવ્યો હતો. જ્યારે પરિવારના સભ્યો હવાઇ માર્ગે ખોટાંગ જઇ રહ્યા હતા. આ દરમિયાન લેન્ડિંગ દરમિયાન આ અકસ્માત સર્જાયો હતો.

નેપાળ નાગરિક ઉડ્ડયન સત્તામંડળના જણાવ્યા અનુસાર હેલિકૉપ્ટરે સવારે ૧૧ વાગ્યે કાઠમંડુથી ઉડાન ભરી હતી. લગભગ ૫૦ મિનિટ પછી ખોટાંગના કેપિલાસગઢીમાં ઉતરાણ કરતી વખતે સંતુલન ગુમાવી દેતા જમીન પર ક્રેશ થયું હતું. જો કે સદનસીબે આ ભયાનક અકસ્માતમાં કોઇ જાનહાનિ થઇ ન હતી. હેલિકૉપ્ટરમાંથી પાઈલટ સહિત તમામ મુસાફરો સુરક્ષિત રીતે બહાર નીકળી ગયા હતા. જ્યારે એક વ્યક્તિને પગમાં સામાન્ય ઇજા થઇ હતી. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| मधुपर्क | રસિક |
| मनचला | ઈરાદો |
| मनमुटाव | લહેરી |
| मनमौजी | પંચામૃત |
| मनसूबा | અણબનાવ |

### જાણવા જેવું

૧૯૩૮થી ૧૯૬૭ દરમિયાન વીસેક હિન્દી ફિલ્મ અને બે ગુજરાતી ફિલ્મનું દિગ્દર્શન કરનાર રામચંદ્ર ઠાકુરએ ચાલીસેક ફિલ્મોમાં કથા - પટકથા અને સંવાદ લેખક તરીકે જવાબદારી નિભાવી હતી. વિજય ભટ્ટની 'બૈજુ બાવરા' અને નંદલાલ જશવંતલાલની 'આમ્રપાલી' એના આગવા ઉદાહરણ છે.

### ગુજરાત મોરી મોરી રે

ગાંધીવાદ પર આધારિત હોવાથી બ્રિટિશ સરકારે પ્રતિબંધ મૂક્યો હતો એ 'ભક્ત વિદુર' ફિલ્મના ગુજરાતી દિગ્દર્શક કોણ ?

અ) મણિલાલ જોશી
બ) કાનજી રાઠોડ
ક) ચીમનલાલ ત્રિવેદી
ડ) ચંદુલાલ શાહ

### નોંધી રાખો

વિક્રમ ભટ્ટેએ તેમની કારકિર્દીમાં એક્શન, થ્રિલર, રોમેન્ટિક, કૉમેડી, હોરર એમ વિવિધ પ્રકારની સફળ ફિલ્મો બનાવી છે.

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ■ | ૩ | | ૪ | | ■ | ૫ | ૬ |
| ૭ | | | | ■ | | ■ | ૮ | | |
| ■ | | ■ | | ■ | ૯ | | ■ | ૧૦ | |
| ૧૧ | | ■ | ■ | ૧૨ | ■ | ■ | ૧૩ | | ■ |
| ૧૪ | | ૧૫ | ■ | | ■ | ૧૬ | | ■ | ૧૭ |
| | ■ | ૧૮ | | ■ | ૧૯ | ■ | ૨૦ | ૨૧ | |
| ■ | ૨૨ | | ■ | ■ | | ■ | ■ | ૨૩ | |
| ૨૪ | | ■ | ૨૫ | ૨૬ | ■ | ૨૭ | ■ | | ■ |
| ૨૮ | | | ■ | | ■ | ૨૯ | | | ૩૦ |
| ૩૧ | | ■ | ૩૨ | | | | ■ | ૩૩ | |

**આડી ચાવી**

૧ છેતરપિંડી, ધાપ (૨)
૩ મા-બાપ (૪)
૫ ---- કરવું = ચૂકતે કરવું (૨)
૭ સુકાની, નેતા (૪)
૮ ધીર, સહનશીલ (સ્વભાવ) (૩)
૯ દુરાગ્રહ, જીદ (૨)
૧૦ શંકા, વહેમ (૨)
૧૧ દીકરી (૨)
૧૩ ફેલાયેલું (૨)
૧૪ તારનાર, ઉદ્ધારક (૩)
૧૬ સંપ ત્યાં ---- (૨)
૧૮ રૂઆબ (૨)
૨૦ જોડી ન જામે તેવું, અણસરખું (૩)
૨૨ વાઘ-સિંહનું ઘર (૨)
૨૩ લીંપવા માટે બનાવેલ છાણા-માટીનો ગારો (૨)
૨૪ હુન્નર, કસબ (૨)
૨૫ ---- તેવો વેશ (૨)
૨૮ ---- કરવો = મનથી ચિંતવવું તે (૩)
૨૯ ---- ઔર ગુસ્સા બહોત (૪)
૩૧ જે બે હાથ વગર ન પડે તે (૨)
૩૨ પતિ (૪)
૩૩ ત્વરા, ઝડપ (૨)

**ઊભી ચાવી**

૧ શ્રમ (૨)
૨ ઝૂંપડી (૫)
૩ જે પોષતું તે ---- (૩)
૪ રીત, પ્રકાર (૩)
૫ શાપ પામેલું (૪)
૬ બાળક, વત્સ (૩)
૧૧ વ્યાકુળ, બેચેન (૩)
૧૨ દીવાસળી (૨)
૧૩ સર્વ ઠેકાણે ફેલાઇ રહેનારું (૩)
૧૫ કોટિ, સો લાખ (૩)
૧૭ ઘેટું (૩)
૧૯ વાવટો, ધ્વજ (૨)
૨૧ સંજોગવશાત્ (૫)
૨૨ તકરાર (૪)
૨૪ કવિની રચના (૩)
૨૬ નગર (૩)
૨૭ કાંકરો (૩)
૩૦ કામદેવની પત્ની (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ભિ | ને | ૨ તા | ■ | ૩ વાં | ૪ ધા | વ | ૫ ચ | કા |
| તૂ | ■ | ■ | શ્ર | ■ | ૬ સો | ડ | ■ | ર | ■ |
| ૭ ટ | ૮ કો | ■ | ■ | ૯ ક્ષિ | ■ | ૧૦ સી | ૧૧ ત | મ | ■ |
| ■ | હિ | ■ | ૧૨ ભીં | તિ | ૧૩ યો | ■ | ન | ■ | ૧૪ સ |
| ૧૫ અ | નૂ | ૧૬ દિ | ત | ■ | ઢો | ■ | ૧૭ મ | ૧૮ મ | ત્વ |
| ૧૯ પ | ર | વા | ■ | ૨૦ દે | ■ | ૨૧ હો | ન | હા | ર |
| ક્વ | ■ | ક | ■ | ૨૨ હ | ૨૩ વ | ડ | ■ | ન | ■ |
| ■ | ૨૪ ત | ર | ૨૫ ફ | ■ | ક | ■ | ■ | ૨૬ તા | ૨૭ બે |
| ■ | બા | ■ | ૨૮ ર | ૨૯ ખ્યા | ■ | ૩૦ કો | ■ | ■ | સૂ |
| ૩૧ સ | હ | ન | શી | લ | ■ | ૩૨ પ | ર | બા | રું |

### ઓળખાણ પડી?

સૌંદર્ય સ્પર્ધામાં 'મિસ ઈન્ડિયા' ખિતાબ જીત્યા પછી મનોજ કુમાર નિર્મિત ફિલ્મથી હિન્દી ફિલ્મોમાં પ્રવેશનારી અભિનેત્રીની ઓળખાણ પડી?

અ) નીલમ કોઠારી
બ) મંદાકિની
ક) પદ્મિની કોલ્હાપુરે
ડ) મીનાક્ષી શેષાદ્રી



### સુડોકુ-૯૨૪૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | | | | | | ૯ |
| | ૩ | | | | | | ૮ | |
| ૨ | ૯ | ૮ | ૩ | | ૫ | ૪ | ૭ | ૧ |
| | ૮ | ૬ | | ૯ | | ૩ | ૧ | |
| | | | ૧ | | ૬ | | | |
| | ૧ | ૨ | | ૮ | | ૯ | ૪ | |
| ૧ | ૨ | ૩ | ૯ | | ૪ | ૮ | ૬ | ૭ |
| | ૬ | | | | | | ૫ | |
| ૮ | | | | | | | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૪૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૨ | ૫ | ૪ | ૧ | ૭ | ૩ | ૯ | ૮ |
| ૪ | ૩ | ૮ | ૨ | ૯ | ૬ | ૭ | ૫ | ૧ |
| ૧ | ૭ | ૯ | ૮ | ૫ | ૩ | ૪ | ૬ | ૨ |
| ૯ | ૬ | ૩ | ૫ | ૨ | ૮ | ૧ | ૭ | ૪ |
| ૮ | ૧ | ૪ | ૩ | ૭ | ૯ | ૬ | ૨ | ૫ |
| ૭ | ૫ | ૨ | ૬ | ૪ | ૧ | ૯ | ૮ | ૩ |
| ૫ | ૮ | ૭ | ૧ | ૬ | ૪ | ૨ | ૩ | ૯ |
| ૨ | ૪ | ૬ | ૯ | ૩ | ૫ | ૮ | ૧ | ૭ |
| ૩ | ૯ | ૧ | ૭ | ૮ | ૨ | ૫ | ૪ | ૬ |

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| मत्सर | ઈર્ષા |
| मदार | આધાર |
| मधुकर | ભમરો |
| मधुरिमा | મીઠાશ |
| मधुसूदन | કૃષ્ણ |

**ગુજરાત મોરી મોરી રે:** મોતી વેરાણા ચોકમાં

**ઓળખાણ પડી?** શશીકલા

**માઈન્ડ ગેમ :** સુરેન્દ્ર

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** મંઝિલે ઔર ભી હૈં

### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

અમિતાભ સાથેની ફિલ્મો પહેલા મનમોહન દેસાઈએ રાજ કપૂર - નૂતનને લઈ બનાવેલી ફિલ્મનું નામ વિકલ્પોમાંથી શોધી જણાવો.

અ) અનાડી બ) કન્હૈયા ક) શારદા ડ) છલિયા

### માઈન્ડ ગેમ

હિન્દી ફિલ્મોમાં દેશભક્તિના તેમ જ અન્ય અવિસ્મરણીય ગીતોના રચયિતા અને પ્રસંગોપાત ગાયક રહેલા વિશિષ્ટ સર્જકનું નામ કહી શકશો?

અ) અસદ ભોપાલી બ) એસ એચ બિહારી ક) પ્રદીપ ડ) નીરજ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) નીતા દેસાઈ (૫) વિપીન શાહ (૬) ભારતી બુચ (૭) નૂતન વિપીન શાહ (૮) તાહેર ઔરંગાબાદવાલા (૯) શીરીન ઔરંગાબાદવાલા (૧૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પુષ્પા પટેલ (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) મીનલ કાપડિયા (૧૫) લજિતા ખોના (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) હર્ષા મહેતા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) મહેશ સંઘવી (૨૧) ભરત કજરિયા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) કમલ માતલિયા (૨૬) ભાવના કર્વે (૨૭) જયવંત પદમશી ચિખલ (૨૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨૯) વિણા સંપટ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૨) કિરીટ છેડા (૩૩) અંજુ ટોલિયા (૩૪) અરવિંદ કામદાર (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૭) અલકા વાણી (૩૯) નિતીન જયંતિલાલ બજરિયા (૪૦) પ્રવીણ વોરા (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) ધીરેન્દ્ર મુલરાજ (૪૫) પ્રતિમા પમાણી (૪૬) મહેશ દોશી (૪૭) ઈનાક્ષીબેન દલાલ (૪૮) રમેશભાઈ દલાલ (૪૯) હિનાબેન દલાલ (૫૦) કમલ માતલિયા


### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ ૧૫૭ જવાબ** ૧) હિમ્મતવાલા - શ્રી દેવી ૨) ચલતી કા નામ ગાડી - મધુબાલા ૩) કુછ કુછ હોતા હૈં - કાજોલ ૪) અંધાધુદ - રાધિકા આપ્ટે ૫) ૧૯૪૨ એ લવ સ્ટોરી-મનીષા કોઈરાલા ૬) હમ તુમ - રાની મુખર્જી ૭) હેરા ફેરી -તબ્બુ

**ક્વિઝ ૧૫૮ જવાબ:** ૧) જુદાઈ ૨) ડોન ૩) સૌદાગર ૪) રાઝ ૫) દુશ્મન ૬) બાગી ૭) શાનદાર

# મૅટિની

**કવર સ્ટોરી**
હેમા શાસ્ત્રી



**ઉંમરને ઉત્સાહ અને ઉમંગ સાથે કોઈ નિસ્બત નથી એનું વધુ એક ચમકદાર ઉદાહરણ એટલે અનિલ ‘ઝકાસ’ કપૂર !**

## સિત્તેર વર્ષે સત્તરનો ઉત્સાહ...

હોલિવૂડના ક્લિન્ટ ઈસ્ટવૂડ હોય કે પછી માઈકલ કેઈન કે મેલ બ્રુક્સ હોય અને ભારતીય ચિત્રપટ ઉદ્યોગના મહામાનવ અમિતાભ બચ્ચન હોય કે રજની સર (રજનીકાંત) હોય (કે પછી વીતેલી પેઢીના એવરગ્રીન સદાબહર દેવ આનંદ હોય!) એ ઉંમરને ઉમંગ કે ઉત્સાહ સાથે કંઈ લાગેવળગે નહીં એ એકથી વધુ વાર સિદ્ધ થયું છે.

એકવીસમી સદીમાં મનોરંજનની દુનિયાની વ્યાખ્યા જ્યારે સમૂળગી બદલાઈ રહી છે ત્યારે પ્રતિભાશાળી એક્ટરો માટે અનેક વિકલ્પો રાહ જોઈ રહ્યા છે. આ યાદીમાં અનિલ કપૂરનું નામ ઉમેરાઈ ગયું છે. આયુષ્યના સાત દાયકા પૂર્ણ કરનારા આ એક્ટરને ૭૦ વર્ષની ઉંમરે રોલ ઓફર કરવામાં આવી રહ્યા છે. રસપ્રદ વાત તો એ છે કે અનિલ કપૂર જો કોઈ રોલ કે ફિલ્મ ગળે ન ઉતરે કે અનુકૂળ ન લાગે તો એના માટે ના પાડવાની હિંમત પણ રાખી શકે છે.

આ હિંમતનું મુખ્ય કારણ એ છે કે ’જે મળે એ લઈ લેવું, કાલ કોણે દીઠી છે’ એ ભાવનામાંથી આજના અનેક કલાકારો મુક્ત થઈ શક્યા છે. બદલાયેલા સમયની આ તાસીર છે. એટલું જ નહીં, આ ઉંમરે કશુંક નવું કરવાનો ઉત્સાહ પણ એનામાં જોવા મળી રહ્યો છે.

નાના પડદા પર અનિલ કપૂરની ૨૦૧૩માં હિન્દીમાં રિલીઝ થયેલી ટીવી સિરીઝ ‘૨૪’ ખાસ્સી લોકપ્રિય થઈ હતી. પોલિટિકલ થ્રિલર અને સસ્પેન્સના રસાયણ ધરાવતી આ સિરીઝ અનિલ કપૂરની હિંમત અને સાહસનું સમીકરણ હતું. આ જ નામની અમેરિકન સિરીઝ પર આધારિત ભારતીય શો માટે અનિલ કપૂરે ગંજાવર રોકાણની ડીલ કરી હતી. ટેલિકાસ્ટ થઈ ત્યારે આ પ્રયોગને વિવેચકોએ તો વખાણી જ, સાથે સાથે દર્શકોએ વધાવી લીધી. આ સિરીઝને ૨૧ એવૉર્ડ મળ્યા અને ૧૨ મિલિયન દર્શકોએ આ શો જોયો જે સફળતાનું ઉચ્ચ બિંદુ હતું.

ભારતીય ટીવી સિરીઝ જોનારા દર્શકોને એક અલગ અને ઉચ્ચ દરજ્જાની ટીવી સિરીઝ જોવાનો લ્હાવો મળ્યો. ત્રણ વર્ષ પછી ૨૦૧૬માં ૨૪’ની બીજી સીઝન પણ આવી. પહેલી સીઝન જેટલી તો નહીં, પણ ખાસ્સો આવકાર એને મળ્યો. ત્યારબાદ આ વિચારને સ્થગિત કરી દીધો અને હવે ૧૦ વર્ષના અંતરાલ પછી અનિલ કપૂર ૨૪’ની ત્રીજી સીઝન સાથે આવવા કમર કસી રહ્યો છે.

તાજેતરમાં ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થયેલી ‘સુબેદાર’ ફિલ્મમાં નિવૃત્ત લશ્કરી અધિકારીના રોલમાં અનિલ કપૂરની પ્રશંસા થઈ છે. એ રોલમાં અભિનેતાનો દમદાર પરફોર્મન્સ જોઈ એક ચાહકે અનિલ કપૂરને ૨૪’ની ત્રીજી સીઝન લાવવા આગ્રહ કર્યો. ચાહકની દરખાસ્તનો મિસ્ટર કપૂરે તાબડતોબ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર જવાબ આપ્યો અને કહ્યું કે બહુ જલદી એના પર કામ શરૂ થઈ જશે. અગાઉ ૨૦૧૮માં ત્રીજી સીરીઝનો વિચાર કરવામાં આવ્યો હતો, પણ વાત માત્ર કાગળ પર જ રહી ગઈ હતી. ૭૦ વર્ષની ઉંમરે કશુંક કરવાની ઈચ્છા દાદને પાત્ર છે.

આદિત્ય ધર દિગ્દર્શિત અને રણવીર સિંહના હમઝા અલી મજારીની ‘ધુરંધર-૨’ એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રી પર છવાઈ જવા રજૂ થઈ ગઈ છે અને બોક્સ ઓફિસના અનેક નવા રેકોર્ડ બનાવશે એવી અટકળો વહેતી થઈ છે ત્યારે અનિલ કપૂરનું નામ એની સાથે અલગ રીતે જોડાયું છે.

‘મુંબઈ સમાચાર’ના ફિલ્મપ્રેમી વાચકો એ વાતથી સારી પેઠે વાકેફ છે કે ગયા વર્ષે રિલીઝ થયેલી ‘ધુરંધર’ ફિલ્મને અભૂતપૂર્વ સફળતા મળી હતી. પ્રેક્ષકોનો અપાર પ્રેમ મેળવનારું આ ચિત્રપટ બોક્સઓફિસ પર ૧૦૦૦ કરોડથી વધુ વકરો કરવામાં સફળ રહ્યું હતું. આદિત્ય ધરે એની સિક્વલ ‘ધુરંધર-૨’ માટે અનિલ કપૂરનો સંપર્ક કર્યો હતો.

જોકે, ‘ઝકાસ’ જેવા હુલામણા નામથી ઓળખાતા મિસ્ટર કપૂરે નમ્રપણે આ રોલનો અસ્વીકાર કર્યો હતો. અનિલ કપૂરના નકારની વાત પ્રથમ વાર જ્યારે મીડિયામાં ચમકી ત્યારે શું- કેમ ? જેવા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. ખુદ અનિલ કપૂરએ આ તર્ક વિતર્કો પર પૂર્ણવિરામ મૂકી દીધું છે. ૨૦૨૩ની સંદીપ રેડ્ડી વંગાની ‘એનિમલ’માં અનિલ કપૂરની ભૂમિકાની ખાસ્સી પ્રશંસા થઈ હતી. એ જોઈને જ આદિત્ય ધરએ પણ અનિલ કપૂરને ઓફર કરી હોવી જોઈએ.

આ સંદર્ભે અનિલ કપૂરએ જણાવ્યું હતું કે ‘હા, એ વાત સાચી છે કે આદિત્ય ‘ધુરંધર ૨’ માટે મારો સંપર્ક કર્યો હતો. એની ઈચ્છા હતી કે ફિલ્મમાં હું કેમિયો - એક નાનકડો પણ મહત્ત્વનો રોલ કરું, પણ એણે મારો સંપર્ક કર્યો ત્યારે હું અન્ય પ્રોજેક્ટ માટે તારીખો ફાળવી ચુક્યો હતો. પ્રોફેશનલિઝમને મેં કાયમ અગ્રસર રાખ્યું છે અને એટલે આપેલા શબ્દનું પાલન અક્ષરશઃ કરવું જરૂરી છે.

કરિયરમાં આ બહુ જરૂરી છે. કેવળ પ્રતિભા - આવડતના જોરે કલાકારને નામના નથી મળતી. સારો અભિનેતા એક વચનબદ્ધ કલાકાર હોય એ પણ એટલું જ જરૂરી છે. આદિત્યએ મારી સાથે વાતચીત કરી ત્યારે એને જે સમય માટે મારી જરૂર હતી એ સમય હું અન્ય ફિલ્મમેકરને આપી ચૂક્યો હતો. એની સાથે બંધાઈ ચૂક્યો હતો એટલે મેં આદિત્યને અ બહુ જ આનંદ આવ્યો હોત, પણ હું લાચાર છું, કારણ કે મેં અન્ય કોઈને એ સમયનું વચન આપી દીધું છે....’ વચનભંગ કરવાની મારી તૈયારી નથી.

આદિત્યે ખરેખર અદભુત ફિલ્મ બનાવી છે. એ ફિલ્મની ભૂમિકા ગુમાવવાથી નુકસાન મને થયું છે. ઠીક છે, એવું તો ચાલ્યા કરે. આવું તો એની સાથે પણ બની શકે છે. કોઈ એક ફિલ્મમેકરે બ્લોકબસ્ટર ફિલ્મ આપી હોય અને એ જો મને એની નવી ફિલ્મમાં રોલ ઓફર કરે અને ત્યારે એને જોઈતી તારીખો મેં આદિત્યને આપી દીધી હોય તો? એ સમયે હું આદિત્યને તારીખો કેન્સલ કરી બીજા ડિરેક્ટરની ફિલ્મ કરું તો એ વ્યવસાયીક પ્રતિબદ્ધતાનો ભંગ જ કહેવાય. ‘ધુરંધર ૨’માં સાથે કામ ન કરી શક્યા તો કંઈ નહીં, ભવિષ્યમાં બીજી કોઈ ફિલ્મમાં સાથે કામ કરીશું.’

આટલા લાંબા સમય સુધી અને આ ઉંમરે પણ અનિલ કપૂર આજે પણ એના ફિલ્ડમાં સક્રિય છે એનાં અનેક કારણોમાં એક મહત્ત્વનું કારણ છે એની દ્રઢ પ્રતિબદ્ધતા...! ■

**સ્ટાર-યાર-કલાકાર**
સંજય છેલ

## યુદ્ધની હિંસામાં હિંમતવાન હીરોઈન...



કેરોલ લેન્ડિસ

*યુદ્ધમાં ગોળીઓ ફક્ત શરીરને નથી વીંધતી, ઘણીવાર એ આત્માને પણ ઘાયલ કરે છે.*

*પ્રકાશમાં ઊભેલા ચહેરા પર સૌની નજર હોય છે, પણ એ પ્રકાશની પાછળ સંતાયેલા અંધકારને કોઈ નથી જોતું.*

* * *

*કલાકારનું કામ ફક્ત મનોરંજન કરવાનું નથી, ક્યારેક માણસને તૂટવાથી બચાવવાનું પણ હોય છે.*

* * *

કોઇ ટેલેંટેડ સુંદર સેક્સી અભિનેત્રી કરિયરની ટોચ પર પરણી જાય કે ફિલ્મ લાઇન છોડીને બિઝનેસ વૂમન બની જાય કે પછી ગુમનામીના અંધકારમાં ખોવાઈ જાય એવું બધું તો સાંભળ્યું છે- જોયું પણ છે પણ કોઇ હીરોઇન બધું જ છોડીને મોતના મુખમાં સામે ચાલીને જાય ખરી?

હા, જઈ શકે. જો એ હીરોઈન પાસે માત્ર સુંદર શરીર ન હોય પણ એની અંદર આત્મા પણ જાગતો હોય.

વાત જરા જૂની છે , પણ આજના માહોલમાં એની વેદના આજેય તાજી લાગશે.

જેમ આજકાલ ઇરાન-ઇઝરાયલ-અમેરિકાના વૈરભર્યા વોરનું વાતાવરણ છે એ જ રીતે ત્યારે દ્વિતીય વિશ્વયુદ્ધનો સમય હતો. દુનિયા ભય, અનિશ્ચિતતા ને વિનાશ વચ્ચે સતત ઝઝૂમતી હતી. શહેરો બોમ્બથી નષ્ટ થઇ રહ્યા હતા, પરિવારો વિખૂટા પડી રહ્યા હતા ને લાખો સૈનિકો અજાણ્યા દેશોમાં જીવન-મૃત્યુ વચ્ચે લડી રહ્યા હતા. આવા સમયમાં એક બીજો મોરચો પણ હતો, જે દેશ-દુનિયાના નકશામાં દેખાતો નહોતો. એ મોરચે ગીત હતું- હાસ્ય હતું ને થાકેલા મરણ પથારીએ પડેલા માણસને પણ થોડી ક્ષણો માટે જીવંત બનાવી દે તેવી માનવતાભરી હૂંફ હતી અને આ મોરચે એક નામ વારંવાર ગાજતુંઃ કેરોલ લેન્ડિસ.



આ કેરોલ, ફક્ત હોલિવૂડની એક સામાન્ય અભિનેત્રી નહોતી. એ તો યુદ્ધના માહોલમાં માનવીય સંવેદનાનો ચહેરો હતી. જ્યારે થાકેલા સૈનિકો કેમ્પમાં ભેગા થતા ત્યારે એમની સામે ઊભી રહીને ગીતો ગાતી, નૃત્ય કરતી અને હસતી-હસાવતી. અનેકવાર આસપાસ બોમ્બિંગનો ખતરો હોવા છતાં કેરોલના કાર્યક્રમો અટકતા નહોતા. યુદ્ધનાં ધૂમિલ માહોલમાં પણ આ નાની નાની પળો ઘવાયેલા સૈનિકો માટે જીવવાની આશા બની રહેતી.

કેરોલે પોતાના જીવનના અને કેરિયરના ટોપના બેસ્ટ એવા સોનેરી વર્ષો આવી સેવા માટે અર્પી દીધેલા. કેરોલે હજારો માઇલ્સની મુસાફરી કરી, અનેક સૈનિક કેમ્પોની મુલાકાત લીધી ને પોતાના જીવ કે તબિયતની પરવા કર્યા વિના સતત કામ કર્યે રાખ્યું. મલેરિયા, ડિસેન્ટ્રી અને ન્યૂમોનિયા જેવી બીમારીઓનો સામનો કર્યો. બહારથી તો તે હસતી રહી, પણ અંદરથી એના તન ને મન બંને થાકી રહ્યાં હતાં, પણ એ સૈનિકો ભેગી ખુદનાં દર્દ સાથે પણ લડતી રહી, સેવા કરતી રહી.

કેરોલની જિંદગી પણ એક મજેદાર કથા છે. અતિ ગરીબ કુટુંબમાં જન્મેલી એક યુવતી, જે જીવનમાં કંઈક બનવાની ખ્વાહિશ રાખતી હતી. માત્ર ૧૫ વર્ષની ઉંમરે કેરોલે ખુદને એક શિલ્પીની જેમ ભદ્દી છોકરીમાંથી નવેસરથી ઘડી ને સુંદર સ્ત્રી બની. પોતાનું નામ બદલ્યું-ઓળખ બદલી ને સપનાનો પીછો કરતાં કરતાં હોલિવૂડ તરફ નીકળી પડી. શરૂઆતમાં ખૂબ ઓછું કામ-નામ-દામ મળ્યા. નાના-નાના રોલ્સ, નાની ઓળખ ને ખૂબ બધાં અપમાન અને અવગણનાઓ.... પણ કેરોલ હારી નહીં, થંભી નહીં. પેલા યુદ્ધના સૈનિકોની જેમ જ કેરોલ પણ એક યોદ્ધા હતી, હોલિવૂડનાં પુરુષપ્રધાન જગતમાં અવિરત લડનારી.

ધીમે ધીમે હોલિવૂડમાં કેરોલને સફળતા મળી, પણ એ સફળતા અધૂરી હતી. કેરોલને ફિલ્મોમાં નામ મળ્યું, પણ પ્રતિભા કરતાં એના રૂપના વધુ વખાણ થયા. કેરોલને અભિનય માટે નહીં પણ ચહેરા ને સેક્સી ફિગરથી ઓળખવામાં આવી. કેરોલ ખુદને વધુ ને વધુ એક્ટ્રેસ તરીકે સાબિત કરવા માગતી હતી, કશુંક અલગ બનવા માગતી હતી, પણ એવી તક એને ઓછી મળી. એમ છતાંય કેરોલે પોતાને કુશળ અભિનેત્રી તરીકે પુરવાર કરી.

પછી કેરોલને જીવનમાં હોલિવૂડનાં જાણીતા હીરો રેક્સ હેરીસન સાથે સાચો પ્રેમ પણ થયો. (આ રેક્સ હેરીસન એટલે હિંદી-અંગ્રેજીમાં જેણે ૧૯૭૮માં હોલિવૂડના ગુજરાતી નિર્દેશક કૃષ્ણા શાહની ‘શાલિમાર’

ફિલ્મ કરેલી.) કેરોલનો આ એક એવો પ્રેમસંબંધ હતો, જેમાં એની લાગણી વધુ હતી પણ સામેના પક્ષે ગંભીરતા ઓછી હતી. ભાવુક કેરોલે પોતાની કરિયર ને જીવનના નિર્ણયો એ પ્રેમસંબંધની આસપાસ લીધાં પણ અંતે એ સંબંધ અચાનક જ તૂટી ગયો. પ્રેમ જ્યારે એકતરફી બને, ત્યારે એ બોજ બની જાય છે. કેરોલ એ બોજ નીચે કચડાઇ ગઇ.

૧૯૪૮ના એક આથમતા દિવસે લોસ એંજેલસની ગલીઓમાં રોજ જેવી જ એક સાંજ પડી. એ સાંજે હંમેશની જેમ હોલીવૂડની પાર્ટી ચાલતી રહી હતી. મિત્રો, વાતો, સંગીત, મોજમજા અને શબાબ-શરાબની મહેફિલ , પણ એ પાર્ટીના શોર પછી ધીમે ધીમે કેરોલની આસપાસ અને અંદર એકાંત ઊતરી રહ્યું હતું. એ રાત્રે કેરોલની અંદર કંઈક તૂટી રહ્યું હતું અને બીજે દિવસે સવારે તો એક જીવન અચાનક ખતમ થઈ ગયું. કેરોલ લેન્ડિસ માત્ર ૨૯ વર્ષની હતી. પ્રેમભગ્ન કેરોલે હતાશામાં ખૂબ બધી ઊંઘની ગોળીઓ લઇને આત્મહત્યા કરી. કેરોલના મૃત્યુને લોકો અધૂરી પ્રેમકથાની જેમ વાગોળતા રહ્યા. કેરોલનું મોત અખબારોમાં હેડલાઇન બન્યું . હોલીવૂડમાં જાત જાતની અફવાઓ ઊડી- ફેલાઈ પણ એક વાત ધીમે ધીમે લોકચર્ચામાંથી ગાયબ થઈ ગઈ કે કેરોલ નામની સ્ત્રી કોણ હતી અને જેણે આ જાલિમ જગત અને જંગમાં જાન જોખમે મૂકીને યોગદાન આપેલું.

‘એ સ્ત્રી, જેણે યુદ્ધનાં મેદાનમાં સૈનિકોને હિંમત આપી.’

‘એ સ્ત્રી, જેણે પોતાના દુઃખને છુપાવીને બીજાને હસાવ્યા.’

‘એ સ્ત્રી, જેને દુનિયાએ પૂરે પૂરી ક્યારેય ઓળખી નહીં.’

કેરોલ લેન્ડિસ વિશે ઘણીવાર કહેવામાં આવે છે કે એ બહુ મોટી હીરોઇન બની શકી હોત, પણ કદાચ આ વાત અધૂરી કે ખોટી છે. કેરોલ મહાન અભિનેત્રી હતી જ ને રહેશે પણ, ફક્ત દુનિયાએ કેરોલની મહત્તાને ઓળખી નહીં. યુદ્ધનાં અવાજો સમય જતાં શાંત થઈ જાય છે, ફિલ્મોની ઝાકઝમાળ પણ ધીમે ધીમે ઝાંખી પડી જાય છે . પણ કેટલીક વાર્તાઓ એવી હોય છે, જે ઇતિહાસમાં ગુમનામ થઈને સદાય ગૂંજતી-ગાજતી રહે છે.

કેરોલ લેન્ડિસ-બસ, એવી જ એક વાર્તા છે. ■




**અરવિંદ વેકરિયા**

## સત્યની હોડી હાલક-ડોલક ચોક્કસ થાય છે પણ ડૂબતી નથી...

‘તમારી પાસે કોઈ ઈંગ્લિશ નાટક હોય તો હું એને બેઝ બનાવી તમને અઠવાડિયામાં લખીને આપી શકું’

મુળુભાએ ફોન કરી દડાને મારાં પાલામાં જ નાંખી દીધો.

એમની લાંબી વાત હું નિ-શબ્દ રહી સાંભળી રહ્યો. મારાં મોટા ભાગનાં નાટકો રાજેન્દ્ર શુકલે લખ્યાં હતાં. અમે કોલેજકાળના મિત્રો, જાણે એકબીજા માટે સર્જાયા હતાં. એ લખે અને હું એને તખ્તા ઉપર રમતાં મૂકું. હા, થોડા અનિલ મહેતાનાં રૂપાંતર કરેલાં પણ હતા જેમાં મૂળ મરાઠી લેખકો હતા વસંત સબનીસ, વસંત કાનેટકર અને પુનાના પ્રોફેસર કવિતા નરવણે ના,. ઈંગ્લિશ સાથે મારે જાજી લેવાદેવા નહોતી. એક વાર દિનિયાર કોન્ટ્રેક્ટરને ઘરે ભાયખલા ગયેલો ત્યારે એમણે મને પોતાની લાઈબ્રેરી બતાવેલી, જ્યાં એક આખા ડ્રોઅરમાં ઈંગ્લિશ ડ્રામા-બુક્સ હતી, જે કદાચ ભવિષ્યમાં પોતે કરવાના હતાં. એ વખતે હું રેગ્યુલર નાટકો ડિરેક્ટ કરતો હતો. બીજા ડ્રોઅરમાં રહેલ ઈંગ્લિશ ડ્રામા-બુક્સમાંથી મને સિલેક્ટ કરી જો નાટક મારે કરવું હોય તો બુક લઇ જવા કહેલું. જે ગામ જવું ન હોય એ ગામનું નામ શું લેવું? જયારે ગુજરાતી સિરિયલ સ્વપ્ન કિનારે કરતો હતો ત્યારે મુરબ્બી કાંતિ મડિયાએ પણ મને એક ઈંગ્લિશ કોમેડી-પ્લે આપીને કહેલું કે ‘આ તારી બરનો પ્લે છે, તું કર’. મેં એ વખતે બુક લઇ તો લીધેલી પણ કલાકારો ઘણાં હોવાથી આગળ વિચારી ન શક્યો. શૈલેશ દવેએ પણ એક ‘થ્રીલર’ નાટક આપેલું પણ એ સ્ક્રિપ્ટ સારી હોવા છતાં એમાં સાત સ્ત્રી-પાત્રો હોવાને લઇ વિચાર માંડી વાળેલો. અત્યારે એ ક્યાં પડી હશે કોને ખબર! હવે ઈંગ્લિશબુક માટે ત્રીજો ‘વાર’ મુળુભાએ કર્યો. ચિંતા એ હતી કે મહેન્દ્ર બોહરા નાટક બનાવવાનો વિચાર પડતો ન મૂકી દે- ફિલ્મ લાઈનનો ભરોસો કેટલો, અપવાદ હોઈ શકે.’ હવે શું થશે?’ એમ વિચારીશ તો એ ચિંતા છે.’શું થઈ શકે છે?’ એ ચિંતન છે. ચિંતન કરું ચિંતા નહિ એમ વિચારી મેં મારા મગજને એ દિશામાં દોડાવ્યું.

અકસ્માત નાટક ‘જય કલા કેન્દ્ર’ નામક સંસ્થા, જેમના એક નિર્માત્રી પદમારાણી હતાં. મિસ્ત્રી પાર્કનાં એમનાં ઘરે (બ્રીચકેન્ડી) ઘણું જવાનું થતું. દિનકર જાની પદમાબેનની દીકરી-કલાકારા ડેઇઝી ઈરાનીના ખાસ મિત્ર. હવે તો ડેઇઝી વર્ષોથી સુબીન સુબૈયા સાથે પરણી સિંગાપોર સેટ થઈ ગઈ છે. એના દીકરા જયનાં પણ લગ્ન થઈ ગયા છે. એ વખતે એક ઈંગ્લિશ નાટકની બુક દિનકર જાનીએ મને વાંચવા આપેલી. નામ હતું, વિકટિમ. માત્ર ત્રણ જ પાત્રો. એમની ઇચ્છા મને, સનત વ્યાસ અને ડેઇઝીને લઇ એ નાટક બનાવવાની હતી પણ ડેઇઝી સિંગાપોર ગઈ એટલે નાટક ન બન્યું પણ એ બુક મારી પાસે રહી ગયેલી, જે મેં થોડા દિવસ પહેલાં જ ફરીથી વાંચેલી. હવે બનેલું એવું કે મારી પાસે ઝેરોક્ષ હતી. મૂળ નકલ મેં જનક ટોપરાણીને આપેલી. એ હિન્દી અને ઈંગ્લિશ ડ્રામા પૃથ્વી થિયેટરમાં કરતો. મેં શરત મુકેલી કે તું ગુજરાતીમાં નહિ કરતો, એ હું કરવાનો છું. ત્યારે ક્યાં ખબર હતી એ એ સમય આવશે. મને એણે હસતા-હસતા કહેલું કે હું ગુજરાતી નાટક કરતો જ નથી. એવું કઈ લાગશે તો તને પહેલાં પૂછીશ. આ હું સાચું કહું છું. દાદુ, સત્યની હોડી હાલક-ડોલક ચોક્કસ થાય છે પણ ડૂબતી નથી. મારો વિશ્વાસ રાખજે.

મેં વિશ્વાસ મૂકી બે કામ કર્યા.મેં એ દિવસે મૂળ નકલ જનક ટોપરાણીને આપી અને ઝેરોક્ષ મુળુભાને. મુળુભાએ એ દિવસે વાંચી બીજે દિવસે મને ઘરે બોલાવ્યો. અમારી ચર્ચા ચાલી. મુળુભા કહે, ‘આપણો પ્રેક્ષક ખૂબ હસવાનું માગે છે, ઘણાં પરાણે હસાવવા જોક્સનો ઓવરડોઝ પણ કરે છે. આ સ્ક્રિપ્ટ હું લખું પણ પરાણે હસાવવાનું શક્ય નહિ બને. ક્યાંક વન-લાઈનર મૂકી શકાય પણ એ યોગ્ય લાગશે તો મુકીશ. આ વિકટિમ મસ્ત થ્રીલર છે. પાત્રોની લમણાઝીંક નથી,ત્રણ જ પાત્રો, લખવામાં સમય પણ નહિ લાગે એવું મારું માનવું છે.

મહેન્દ્ર બોહરાને હું વાત જણાવી દઈશ.’

‘તમારું માનવું બરાબર છે, પણ તમે ફિલ્મમાં પાછા બરોડા ઉચાળા ભર્યા તો હું તો લટકી જ પડું ને?’

‘એવું આ વખતે નહિ બને. હું આજથી જ શ્રી ગણેશ કરી દઉં છું.કદાચ એવો કોઈ સમય આવે અને મારે બરોડા જવું પડે તો પણ હું બે-ત્રણ દિવસનો સમય માગી આ નાટક તો પૂરું કરીશ જ. પહેલા તમને સમય આપી નામક્કર ગયો એ મારી ભૂલ. જે ભૂલમાંથી આપણે કઈ શીખતા નથી એ જ આપણા જીવનની સૌથી મોટી ભૂલ હોય છે. ગુજરાતીકરણ અને ભારતીયકરણ કરવામાં આ વખતે વાર નહિ લાગે.હું વિષય બાબત એકદમ ક્લિયર છું. આ વખતે હું પૂરી સ્ક્રિપ્ટ આપીને પછી જ ઉચાળા ભરીશ, બસ!.’

મને શાંતિ થઈ. મેં કહ્યું કે ‘મુળુભા, મને તમારા માટે માન છે અને હું જાણું છું કે તમને મારા માટે પ્રેમ છે. માન એટલે મનથી અપાતો પ્રેમ અને પ્રેમ એટલે દિલથી અપાતું માન’ મુળુભા મરક-મરક હસ્યા.

મેં હાશકારો અનુભવ્યો. ત્રણ કલાકારની વરણી માટે વિચારવા લાગ્યો. હવે મોડું નથી કરવું. જિંદગી રાહ નથી જોતી એટલે જીવવામાં મોડું નથી કરવું એ વિચારની મનમાં ગાંઠ વાળી હું ઘરે જવા નીકળ્યો. ■

**ડબલ રિચાર્જ**

*પતિએ પત્નીને વશમાં કરવા માટે એક તાવીજ લીધું.*

*મહિના પછી....*

*પતિઃ બાબા, આ તાવીજની પત્ની ઉપર તો કોઈ અસર ન થઈ પણ પાડોશણ વશમાં આવી ગઈ..*

*બાબાઃ ચાલો, અસર ન થઈ આડ-અસર તો થઈ.*

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# પડદા પરના ‘અનોખા’ ગાયકો

## હિન્દી ચિત્રપટ ઈતિહાસમાં કેટલાક જાણીતા કલાકારોએ ઘણી ફિલ્મો કરી છે, પણ રૂપેરી પડદા પર ગીત ગાતા ભાગ્યે જ નજરે પડ્યા છે...

*અશોક કુમાર અને બલરાજ સાહની. હિન્દી ફિલ્મ ઈતિહાસના બંને ગંજાવર અભિનેતા. નાયક તરીકે અનેક ફિલ્મોમાં તેમણે ઠાંસો ઉમટાવ્યો. ભજવેલાં પાત્રને પડદા પ પ્રભાવીપણે રજૂ કર્યું. જોકે, આ બંને એક્ટરોએ પડદા પર લિપ સિંક (ગાયકે ગાયેલા ગીત પર હોઠ ફફડાવી પિક્ચરાઈઝેશન કરવું) બહુ ઓછું કર્યું છે. અલબત્ત, હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કેટલાક આંગળીના વેઢે ગણી શકાય એવા કલાકારો છે જેમણે લિપ સિંક કર્યું હોય... જોની વોકર, મેહમૂદ જેવા ખ્યાતનામ કમેડિયનોના રોલ એવા રહેતા જેમાં તેમને ‘ગીત ગાવા’નો મોકો મળી રહેતો. હેલન, મધુમતી, બેલા બોઝ જેવી નૃત્યાંગના પડદા પર ભલે પાંચ - સાત મિનિટ ઝલક દેખાડી ગઈ હોય પણ ફિલ્મનું મહત્ત્વનું ગીત એમના પર પિક્ચરાઇઝ થયું હોય. આજે આપણે સ્ટાર, ડાન્સર કે કમેડિયન નહીં, પણ ચરિત્ર અભિનેતાનો રોલ કરતા કલાકારોના પડદા પરનાં ગીતોની ઝલક જોઈએ.*

### મનમોહન કૃષ્ણ :

**બસ્તી બસ્તી પર્બત પર્બત (રેલવે પ્લેટફોર્મ - ૧૯૫૫)**



મનમોહન કૃષ્ણ એટલે હિન્દી ફિલ્મોના મિસ્ટર જેન્ટલમેન. નખશિખ સદગૃહસ્થ. શાંત પ્રકૃતિના મીઠાબોલા અને વહાલા સજ્જન. આર્થિક પરિસ્થિતિ નબળી પણ મનોબળ એકદમ મજબૂત એવા પિતા, કાકા કે દાદાના રોલમાં જ મોટેભાગે જોવા મળે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ઈતિહાસના અભ્યાસુઓ તેમને રડમસ ચહેરાવાળાં લીલા ચીટણીસના પુરુષ સ્વરૂપ તરીકે પણ ઓળખાવે છે. દયા આવે એવો ચહેરો, ચહેરા પર ગ્લાનિ - હતાશાનું મિશ્રણ અને આજીજી કરવાનો સ્વભાવ એ એમના દીદાર હતા. ફિલ્મોમાં આવાં પાત્રો પર ગીતનું ફિલ્માંકન કરી શકાય એવી સિચુએશન પણ આસાનીથી મળે નહીં. જોકે, અભિનેતા તરીકેની સુનીલ દત્તની પહેલી ફિલ્મ ‘રેલવે પ્લેટફોર્મ’માં મનમોહન કૃષ્ણ એક ભિક્ષુકના રોલમાં ગીત ગાતા જોવા મળે છે. ફિલ્મ ટાઈટલ શરૂ થાય છે ત્યારે આ ગીતનો પ્રારંભ થાય છે અને ટાઈટલ પૂરા થયા પછી પણ ગીત ચાલુ રહી આગળ વધે છે. ફિલ્મમાં આગળ પણ આ ગીત આવે છે. જીવનની ક્ષણભંગુરતાની ફિલસૂફી ધરાવતું ગીત ખાસ્સું લોકપ્રિય થયું હતું. એમ તો યશ ચોપડા દિગ્દર્શિત ‘ધૂલ કા ફૂલ’માં પણ મનમોહન કૃષ્ણ પર ફિલ્માવાયેલું ‘તૂ હિન્દુ બનેગા ના મુસલમાન બનેગા, ઈન્સાન કી ઔલાદ હૈ ઈન્સાન બનેગા’ ગીત પણ મશહૂર થયું હતું.

### ઓમ પ્રકાશ:

**ઈંટ કી દૂક્કી પાન કા ઇક્કા (હાવડા બ્રિજ - ૧૯૫૮)**



મનમોહન કૃષ્ણની સરખામણીએ ઓમ પ્રકાશને વૈવિધ્યપૂર્ણ ભૂમિકાઓ મળી હતી. હીરોના સાથીદાર, જરાય મચક ન આપે એવો લોભિયો શેઠ, ભલોભોળો બનેવી, છળકપટ કરતો ધૂર્ત માણસ - હીરો સિવાયના લગભગ દરેક રોલ એના ફાળે આવ્યા હતા. ગણતરીની ફિલ્મોમાં ઓમ પ્રકાશ પડદા પર કેટલાંક ગીતોમાં નજરે પડ્યા હતા. જે જૂજ સોન્ગ એમના પર પિક્ચરાઈઝ થયા છે એમાં ૧૯૫૦ના દાયકાની શક્તિ સામંતની સસ્પેન્સ થ્રિલર ‘હાવડા બ્રિજ’નું ગીત ઉલ્લેખનીય છે. અહીં એ ટાંગાવાલા તરીકે હાજર છે જેનું કામ સવારી કરી રહેલા મુસાફરોને ચેતવણી આપવાનું છે. કલકત્તાની સડકો પર ઘોડાગાડી હાંકતી વખતે શહેરની મીઠાસ અને સૌંદર્ય પાછળ લપાયેલા જોખમની ચેતવણી આપે છે. એમ તો ૧૯૫૫માં આવેલી ‘બિંદિયા’ ફિલ્મમાં તેમણે ઓ. પી. નય્યરના સ્વરાંકનમાં એક ગીત પણ ગાયું હતું. ભજન શૈલીના ‘હરિ ઓમ કથા આરંભ હોત હૈ’નું ફિલ્માંકન પણ ઓમ પ્રકાશ પર જ કરવામાં આવ્યું છે.

### આગા:

**સનમ તૂ ચલ દિયા રાસ્તા મેરે બિના (માયા - ૧૯૬૧)**



૧૯૫૦ અને ૬૦નો દાયકો હિન્દી ચિત્રપટ સૃષ્ટિના ગોલ્ડન પિરિયડ તરીકે મશહૂર છે. આ સમયમાં ફિલ્મોમાં કમેડિયન પણ ખાસ્સો પ્રભાવ ધરાવતા હતા. આગાની કોમેડીની પોતાની આગવી શૈલી હતી, જેમાં વિશિષ્ટ સંવાદો આગવું આકર્ષણ હતા. અલબત્ત, જોની વોકર કે મેહમૂદ જેવો દબદબો એમનો નહોતો એટલે હીરોના સાથીદારનો રોલ હોય કે છોકરીને પટાવવાની હોય, તો પણ એમના ફાળે ગીત ભાગ્યે જ આવતા. દેવ આનંદ - ઉષા કિરણની ફિલ્મ ‘પતિતા’માં ’અંધે જહાં કે અંધે રાસ્તે’ ભાગ્યે જ મળતા ગીતનું એક ઉદાહરણ છે. જોકે, ‘માયા’ના ગીતમાં આગા તેમની જાણીતી આનંદી અને મનમૌજી વ્યક્તિ તરીકે હાજર છે. મજેદાર વાત એ છે કે ગીતમાં આગા - હેલનની જોડી છે. નૃત્યમાં પારંગત હેલન શરારત અને ચેનચાળા કરવામાં આગાને બરાબરનો સાથ આપે છે. એક ચાલીમાં ફિલ્માવાયેલું ગીત હોવાથી આડોશપાડોશનાં લોકો પણ આગા - હેલનને રસપૂર્વક નિહાળે છે.

### રેહમાનઃ

**જાઉં કહાં બતા અય દિલ (છોટી બહન - ૧૯૫૯)**



બલરાજ સાહની અને અશોક કુમારની જેમ બહુ ઓછા ગીત ગાતા પડદા પર નજરે પડ્યા હોય એમાં રેહમાનનું નામ પણ આવે. અલબત્ત. બે વરિષ્ઠ અભિનેતાની સરખામણીએ રેહમાને લીડ રોલ ઓછા કર્યા છે, પણ ઘણી ફિલ્મોમાં તેમની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ રહી હતી. ગુરુ દત્ત - વહિદા રેહમાનની ‘ચૌદહવી કા ચાંદ’ એનું જાણીતું ઉદાહરણ છે. રાજ કપૂર - નૂતનની ‘છલિયા’માં સુધ્ધાં તેમની ભૂમિકા દમદાર હતી. એ જોતા કેમ ભાગ્યે જ ગીત એમના ફાળે આવ્યા એવો સવાલ સહેજે થાય. રેહમાને જે જૂજ ગીતોમાં લિપ સિન્ક કર્યું છે એમાં ‘છોટી બહન’નું આ ગીત ખૂબ જ જાણીતું છે. દુઃખના ભાવનું ગીત છે અને પડદા પર રેહમાન સાવ જ સાદા પહેર વેશમાં જોવા મળે છે. ઈર્ષાળુ અને લુચ્ચી પત્નીને કારણે વિખરાઈ ગયેલા પરિવારની વ્યથા આ ગીતમાં સુપેરે પ્રગટ થાય છે.

### ઈફ્તેખારઃ

**એક છોટી સી નૌકરી કા તલબગાર હૂં મૈં (નૌકરી - ૧૯૫૪)**



અમિતાભની ‘ડોન’ ફિલ્મના પોલીસ ઈન્સ્પેક્ટર અને એનો ડાયલોગઃ ’ભાગને કી કોશિશ મત કરના. હમને તુમ્હે ચારોં તરફ સે ઘેર લિયા હૈ. ભલાઈ ઈસી મેં હૈ કે તુમ અપને આપ કો કાનૂન કે હવાલે કર દો’ આવા સંવાદ એક્ટર ઈફતેખાર સાથે અતૂટ બંધન ધરાવે છે. હિન્દી ફિલ્મોમાં પોલીસ ઈન્સ્પેક્ટરની વાત નીકળે એટલે પહેલું નામ જગદીશ રાજનું યાદ આવે. ત્યાર બાદ ઈફતેખારનું સ્મરણ થાય. જોકે, ઈફતેખારએ તેમની દીર્ઘ કારકિર્દીમાં પોલીસમેન ઉપરાંત ડોક્ટર, વકીલ, લશ્કરી અધિકારી, ધર્મગુરુ જેવી વિવિધ ભૂમિકાઓ ભજવી છે. સ્પષ્ટ છે કે આમાંના મોટાભાગના પાત્ર રૂપેરી પડદા પર ગીત ગાતા નજરે ન પડે. જોકે, ‘નૌકરી’ ઈફતેખારના પ્રારંભકાળની ફિલ્મ છે જેમાં તેમનો રોલ રોજગારી વિનાના બેકાર યુવાનના રોલમાં છે. ફિલ્મનો હીરો કિશોર કુમાર છે અને ઈફતેખાર પૂરક ગાયક તરીકે જ હાજર છે અને એને પણ પ્લેબેક કિશોરદાએ જ આપ્યું છે. જોકે, નોકરીની અરજી કરતી વખતે એક સંદેશો વિનોદી શૈલીમાં મોકલવામાં ઈફતેખાર સફળ રહ્યા છે. ■

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### શાહરુખને ખસવું પડ્યું... રણવીર માટે!



શાહરુખ ખાન



રણવીર સિંહ

આજે આદિત્ય ધરની મચ અવેઈટેડ ‘ધુરંધર ધ રિવેન્જ’ રિલીઝ થઇ ગઈ છે. આમ તો ગઈકાલે સાંજથી જ એનાં પેડ પ્રિવ્યુ ચાલુ થઇ ગયા હતા (જે પૈસા ખર્ચીને મેં પણ જોયો!) પહેલો ભાગ ઓલરેડી ‘કલ્ટ’ની કક્ષાએ પહોંચી ગયો છે એટલે આ બીજો ભાગ જોવા લોકો ખિસ્સાં ખાલી કરવામાં જરાય આનાકાની નથી કરી રહ્યાં. પહેલા ભાગે જ્યારે ગતિ પકડી ત્યારે તેનાં મોડી રાતનાં અને વહેલી સવારના શો ગોઠવાયાં હતાં. જોકે આ વખતે તો સિનેમા અને મલ્ટિપ્લેક્સ માલિકોને ખબર જ છે કે લોકોમાં આ બીજો ભાગ જોવા માટે કેટલો ક્રેઝ છે એટલે પહેલાં દિવસથી જ મોડી રાત્રી એટલે કે રાતનાં એક કે બે વાગ્યાના શો અને વહેલી સવારે છ વાગ્યાના શો ગોઠવી દેવામાં આવ્યાં છે. ઉપરાંત ફિલ્મની લંબાઈ ચાર કલાકની હોવાથી પણ આમ કરવું જરૂરી બન્યું છે.

આ તો થઇ મૂળ વાત, પણ એક આડવાત એવી બની છે જે કદાચ આ મૂળ વાતને ઢાંકી દે. મુંબઈનાં ઐતિહાસિક મરાઠા મંદિરમાં વર્ષોથી શાહરૂખ ખાનની ‘દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે’નો સવારે સાડા અગિયારનો શો ચાલે છે, પરંતુ ‘ધુરંધર’ના આ બીજા ભાગની ‘રાડ’ એટલી બધી છે કે આ થિયેટરનાં મેનેજમેન્ટે શાહરૂખની ફિલ્મને દોઢ કલાક આગળ ખસેડવી પડી છે. હવે ‘ડીડીએલજે’ મરાઠા મંદિરમાં સવારે દસ વાગ્યે શરૂ થશે, જેથી ચાર કલાક લાંબી ‘ધુરંધર ભાગ ૨’નાં વધુને વધુ શો કરી શકાય...!

આજનો છોકરો (રણવીર) ગઈ કાલના અનુભવી (શાહરુખ)ને ખસેડે એ પણ એક ઐતિહાસિક ઘટના કહી શકાય... હેં ને?!

### ભાઈજાનને પોતાની ફિલ્મનું નામ કેમ બદલવું પડ્યું?



સલમાન ખાન

હમણા એક બપોરે અચાનક સમાચાર આવ્યા કે સલમાન ખાનની નેક્સ્ટ ‘ધ બેટલ ઓફ ગલવાન’નું નામ બદલીને ‘માતૃભૂમિ’ કરી નાખવામાં આવ્યું છે. ઘણાંને આ સમાચાર વાંચી-જાણી-સાંભળીને આશ્ચર્ય થયું હતું, પરંતુ તેનું સાચું કારણ હવે જાણવા મળ્યું છે.

જ્યારે પણ કોઈ ઐતિહાસિક યુદ્ધ કે યુદ્ધ જેવી ઘટના પર ફિલ્મ બને તો તેની સ્ક્રિપ્ટ. વગેરે સરકારનાં અમુક ખાતાંઓમાં દેખાડવી પડતી હોય છે. એટલું જ નહીં, સરકારનાં જે-તે ખાતાં જે કોઈ નિર્દેશ આપે એ મુજબ ફિલ્મ મેકરોએ તેમાં ફેરફાર પણ લાવવાં પડે છે.

સૂત્રોનું માનીએ તો ફિલ્મનું નામ બદલવા પાછળ સરકારનાં જ કોઈ ખાતાંનું સૂચન જવાબદાર છે. સરકારનાં માનવા પ્રમાણેફિલ્મમાં ગલવાનનું નામ જરા વધુ પડતું જ સજેસ્ટીવ છે, એટલેકે એમ ચોખ્ખે ચોખ્ખું ન કહી દેવાય કે આ ફિલ્મનો વિષય શું છે. બીજું, સરકારી ખાતાંએ એવી પણ સૂચના આપી હોવાનું જણવા મળ્યું છે કે વાર્તા ભલે ચીની સૈનિકોનાં દુસ્સાહસ સામે ભારતીય સૈનિકોની વીરતા બાબતની હોય, પણ ચીનને ઉતારી પાડતી કોઈ વાત અથવા તો વધુ પડતું ‘એન્ટી ચીન’ કન્ટેન્ટ પણ ન હોવું જોઈએ.

બસ , આ કારણસર ભાઈજાને ને પોતાની ફિલ્મનું નામ બદલવું પડ્યું છે. જોકે એમને વાંધો ન હોવો જોઈએ, કારણ કે ઓરિજિનલપ્લાન અનુસાર આ ફિલ્મ તો આજે આવવાની હતી, પણ ‘ધુરંધર’ સામે ભાઈજાને પણ બહાદૂરી’થી પીછેહઠ કરવી પડી છે...

### ગોરા સાહેબોનો ધર્મેન્દ્રને અન્યાય!



થોડાં દિવસો પહેલાં વિશ્વવિખ્યાત ઓસ્કર એવોર્ડ્સ યોજાઈ ગયા. કાયમની જેમ મીડિયા અને સોશ્યલ મીડિયામાં તેનાં વિષે ખૂબ ચર્ચા થઇ, પરંતુ ખરેખર કહીએ તો બોલિવૂડ થોડું ગુસ્સામાં પણ છે. કારણ એવું છે કે દર વખતે ઓસ્કર્સમાં ગત એવોર્ડ સમારંભ અને તાજા સમારંભ વચ્ચે જે-જે મોટાં અદાકારોનાં અવસાન થયાં છે એમને શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે, પછી તે કોઈ પણ દેશનાં હોય.

પરંતુ, આ વખતે યોજાયેલાં સમારંભમાં ધર્મેન્દ્રને શ્રદ્ધાંજલિ આપવામાં ન આવી. ચાલો, ધર્મેન્દ્રને આ પ્રકારનો અન્યાય થાય તો હેમા માલિનીને દુઃખ થાય એ સમજી શકાય છે, અને તેમણે જાહેરમાં પોતાનું દુઃખ વ્યક્ત પણ કર્યું, પરંતુ, વરિષ્ઠ અદાકાર શત્રુઘ્ન સિન્હાએ પણ આ બાબતે પોતાનું દુઃખ, અને રોષ વ્યક્ત કર્યો હતો. એવું લાગે છે કે હજી પણ ‘ગોરા સાહેબો’ આપણને અને આપણા ફિલ્મ ઉદ્યોગને રંગભેદની નજરે જ જુએ છે.


કેમ? ઓસ્કર્સનાં એક જવાબદાર અધિકારી રોબ મિલ્સે ધર્મેન્દ્રને અવગણવાનું કારણ આપ્યું તેનાંથી તો એવું જ લાગે છે. મિલ્સને જ્યારે પૂછવામાં આવ્યું કે ભારતીય ફિલ્મ ઈતિહાસનાં મહાન અને સહુથી લોકપ્રિય કલાકાર ધર્મેન્દ્રને સમારંભ દરમ્યાન કેમ શ્રદ્ધાંજલિ ન આપવામાં આવી? તો રોબ મિલ્સે જવાબ આપતાં કહ્યું, એ તો ‘અમુક લોકો’ કાયમ રહી જ જતાં હોય છે,

(એમાં શું ખાટું મોળું થઇ ગયું?)

મિલ્સનાં આવા તોછડા અને ઉડાઉ જવાબથી એમ નથી લાગતું કે આવાં ઓસ્કર્સ પાછળ આપણે ખોટા ગાંડા થઈએ છીએ?

(નોંધ : હેમાજીની નારાજગી અને ‘ખામોશ’ શત્રુજીના ઊહાપાહ પછી ‘ઓસ્કર્સ’ ની વેબસાઈટ પર ધર્મેન્દ્રજી અને મનોજ કુમારને શ્રદ્ધાંજલિ ઉમેરવામાં આવી છે ખરી !) ■

### કટ એન્ડ ઓકે...



*ગેસ સિલિન્ડરની અછત અમારાં ઘરને પણ અસર કરી ગઈ છે. ટ્વિંકલ દોડીને બે ઇન્ડક્શન સ્ટવ લઇ આવી છે!*

*-અક્ષય કુમાર*

## શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# ઈન્ડિયન મ્યુઝિકમાં ડબલ મીનિંગની ડબલ ટ્રબલ

## શું ગ્લેમર અને ગંદકી વચ્ચેની રેખા ભુંસાઈ રહી છે?



ભારતીય સંગીતની દુનિયા આજે એક એવા મોડ પર આવીને ઊભી છે, જ્યાં ગીતોના શબ્દો અને મધુરતા કરતાં શોક વેલ્યૂ એટલે કે લોકોને આંચકો આપીને ધ્યાન ખેંચવાનું ચલણ વધી ગયું છે. એક જમાનામાં આપણાં ગીતો એના અર્થ અને સુંદર સંગીત માટે જાણીતાં હતાં, પણ આજે બધું જ વાઈરલ થવાની હોડમાં અટવાઈ ગયું છે. ભારતીય સિનેમામાં સ્ત્રીઓને માત્ર એક વસ્તુ તરીકે બતાવવી (Objectification) અને ડબલ મીનિંગ એટલે કે દ્વિઅર્થી ગીતોનો વપરાશ હવે સામાન્ય વાત બની ગઈ છે.

માર્ચ ૨૦૨૬ માં આવેલું બાદશાહનું ગીત ‘તતીરી’ જુઓ. એમાં ડાન્સર્સને સ્કૂલ યુનિફોર્મ જેવાં કપડાં પહેરાવીને જે રીતે જે શબ્દો (અહીં લખવા એ મૂર્ખામી છે) સાથે રજૂ કરવામાં આવ્યા, એનાથી ‘ હરિયાણા સ્ટેટ કમિશન ફોર વિમેન’ લાલચોળ થઈ ગયું. આ માત્ર એક ખરાબ ગીત નથી, પણ વ્યૂઝ મેળવવા માટે ગમે તે હદે જવાની માનસિકતા છે. સ્કૂલના વાતાવરણને અશ્લીલ ડાન્સ અને લિરિક્સ સાથે જોડવું એ સામાજિક રીતે પણ ઘણું જોખમી છે. પણ પ્રોડ્યુસર્સને શું? કરોડો વ્યૂઝ મળી જાય એટલે એમનું કામ પૂરું, ભલે પછી મહિલા આયોગ સમન્સ મોકલે.

આવી જ કંઈક હાલત તાજેતરમાં નોરા ફતેહી અને સંજય દત્ત અભિનીત ગીત ‘સરકે ચુનર તેરી સરકે ...’ની થઈ. "KD: The Devil' નામની કન્નડ ફિલ્મનું આ ગીત રિલીઝ થતાની સાથે જ એ લોકોના નિશાના પર આવી ગયું. આ ગીતના શબ્દો (અગેઇન, અહીં લખી શકાય તેમ નથી) એટલા ગંદા હતા કે ખુદ માહિતી અને પ્રસારણ મંત્રાલયે સેન્સર બોર્ડ (CBFC) ને આ બાબતે કડક પગલાં લેવા આદેશ આપવો પડ્યો. અશ્લીલ શબ્દો વાપરીને ગીતકારોએ ગીત લેખનનું સ્તર સાવ નીચું લાવી દીધું છે.

નવાઈની વાત તો એ છે કે આ ગીતના હિન્દી ગીતકાર રકીબ આલમે પોતે હાથ ઊંચા કરી દીધા અને કહ્યું કે એમણે તો ડિરેક્ટરને ના પાડી હતી કે આવા શબ્દો હિન્દીમાં બહુ અભદ્ર લાગશે.

અહીં સૌથી મોટો સવાલ સેન્સર બોર્ડ (CBFC) પર ઊભો થાય છે. આપણું સેન્સર બોર્ડ ફિલ્મ્સમાં તો બહુ મોરલ પોલિસિંગ કરે છે. જો કોઈ હોલિવૂડ ફિલ્મમાં કે દેશની ગંભીર ફિલ્મમાં કોઈ કિસિંગ સીન હોય કે કોઈ નાનો-મોટો પોલિટિકલ ડાયલોગ હોય તો તરત જ કાતર ફેરવી દે છે પણ આ જ બોર્ડ આવાં ગીતોને કેવી રીતે પાસ કરી દે છે?

ફિલ્મનાં ગીત સેન્સરમાંથી પાસ થયા પહેલાં ડિજિટલ પ્લેટફોર્મ્સ પર રિલીઝ ન થવા જોઈએ. એક બાજુ ગંભીર સિનેમા પર સેન્સરની તલવાર લટકે છે અને બીજી બાજુ આવા અશ્લીલ મ્યુઝિક વીડિયો છૂટથી ફરે છે. આ ભેદભાવ જ બતાવે છે કે જ્યાં સુધી મનોરંજનના નામે ગંદકી પિરસાય છે, ત્યાં સુધી કોઈને વાંધો નથી આવતો.

સંગીતમાં અશ્લીલતાનો આ રોગ નવો નથી, પણ હવે એ વધારે ઝેરી બની રહ્યો છે. ૯૦ના દાયકામાં ‘ચોલી કે પીછે ક્યા હૈ’ કે ‘સરકાઈ લિયો ખટિયા’ જેવાં ગીતોએ ભારે વિવાદ જગાવ્યો હતો. હની સિંગનાં ગીતોમાં સ્ત્રીઓને સેક્સ ઓબ્જેક્ટ તરીકે બતાવવાની પરંપરા જૂની છે. તાજેતરમાં ૨૦૨૫ માં એના ગીત Maniac સામે પણ આવી જ ફરિયાદો થઈ હતી.

જ્યારે મોટા કલાકારો આવી સામગ્રીને પ્રોત્સાહન આપે છે, ત્યારે એની અસર છેક નાનાં ગામડાઓ સુધી પહોંચે છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં બિહાર પોલીસે જાહેર વાહનોમાં અશ્લીલ ભોજપુરી ગીતો વગાડવા પર પ્રતિબંધ મૂકવો પડ્યો, કારણ કે આવાં ગીતોથી રસ્તા પર ચાલતી મહિલાઓની સુરક્ષા જોખમાય છે અને છેડતીના કિસ્સાઓ વધે છે.

ભારતીય સિનેમામાં અશ્લીલતાનો આ પ્રવાહ ખરેખર ચિંતાનો વિષય છે. ઉર્વશી રૌતેલાનું તેલુગુ ગીત ‘દબિડી દબિડી’ (Dabidi Dabidi) આનું તાજું અને ચર્ચિત ઉદાહરણ છે. આ ગીતમાં જે પ્રકારની કોરિયોગ્રાફી અને ઉર્વશીના જે એક્સપ્રેશન્સ છે, તે ક્લાસિક મનોરંજન કરતાં વધુ વલ્ગારિટી તરફ ઝૂકે છે. કેમેરા એંગલ્સથી લઈને ડાન્સ સ્ટેપ્સ સુધી બધું જ એવી રીતે ગોઠવવામાં આવે છે કે પ્રેક્ષકોનું ધ્યાન માત્ર શારીરિક દેખાવ પર જ રહે. જ્યારે કોઈ મોટા બજેટની ફિલ્મમાં આવી રીતે સ્ત્રીને માત્ર એક ગ્લેમર ક્વોશન્ટ તરીકે રજૂ કરવામાં આવે છે ત્યારે તે સાબિત કરે છે કે મેકર્સ પાસે વાર્તામાં દમ નથી એટલે તે આવાં ગીતો અને એવી જ કોરિયોગ્રાફીનો સહારો લે છે. હવે સાઉથની ફિલ્મ્સ પણ માત્ર માસ ઓડિયન્સને રીઝવવા માટે ગમે તે હદે નીચે ઊતરી રહી છે.

આજના સમયમાં સંગીતની મધુરતા સાવ ગાયબ થઈ ગઈ છે. હવે ગીત કેટલાં વર્ષ યાદ રહેશે એનાથી કોઈને ફરક નથી પડતો, બસ... એ ગીત પર રીલ્સ કેટલી બનશે અને પોલીસ કેસ થશે કે નહીં, એના પર જ બધું નિર્ભર છે. થોડા સમય પહેલાં આવેલી ‘એનિમલ’ જેવી ફિલ્મ્સએ તો સ્ત્રીઓ પ્રત્યેના ખરાબ વ્યવહારને હીરોઈઝમ તરીકે બતાવવાનું શરૂ કર્યું છે. જ્યારે ફિલ્મ્સ જ આવી બનતી હોય ત્યારે ગીતો પાસેથી શું અપેક્ષા રાખવી?

અંતે તો વાત એ જ છે કે જ્યાં સુધી આપણે પોતે આવાં ગીતોને પ્રોત્સાહન આપીશું ત્યાં સુધી આ બંધ નહીં થાય. સંગીત એ આત્માનો ખોરાક છે, પણ અત્યારનું સંગીત તો માત્ર શરીર પ્રદર્શન અને ગંદા શબ્દો સુધી જ સીમિત રહી ગયું છે. ■

### લાસ્ટ શોટ

*ઉર્વશી રૌતેલાએ એના તાજા ગીતની અશ્લીલ રજૂઆતનો બચાવ કરતા જણાવ્યું હતું કે ‘દબિડી દબિડી’ ગીત માત્ર મનોરંજન માટે છે અને તેને કલાત્મક દ્રષ્ટિકોણથી જોવું જોઈએ.... ! (લો, બોલો !)*

ફિલ્મનામા
નરેશ શાહ

## ધ ગોન ગેમઃ
# રમાઈ ગઈ એક રમત...

### કોરોના મહામારી અને લૉકડાઉનના બેકડ્રોપમાં આકાર લેતી ચાલાક દિમાગની અવનવી કહાણી




માર્ચ, ૨૦૨૦.

યસ, ચીનથી વિસ્તરેલાં કોરોના વાયરસે ભારતમાં પગપેસારાની શરૂઆત કરી દીધી છે. લોકડાઉને આખા ભારતને સ્ટેચ્યૂ મોડ પર મૂકી દીધું છે . દરેક ધડકન ભય તેમજ ખોફમાં ધબકી રહી છે. વાયરસની ચપેટમાં મુંબઈ, દિલ્હી જેવાં મોટાં શહેરો તેજગતિથી આગળ રહ્યાં છે . પોતાના ઘર, વતન, સ્ટેટ કે દેશ છોડીને બહાર ગયેલાં યા રહી ગયેલાં લોકોની 'વાપસી'ની વણજાર ચાલુ થઈ છે. પરિવારજનો પણ બહારથી આવનારા સ્વજન કોરેન્ટાઈન થઈ જાય તેવું ઈચ્છી રહ્યાં છે ત્યારે...

બેંગકોકથી મુંબઈ પોતાના ઘરે પાછો ફરેલો બેન્કર સાહિલ ગુજરાલ કોરોનાની ચપેટમાં આવી ગયો હોય તેમ પોતાના રૂમમાં ભરાઈ ગયો છે. બહાર તેની સેલિબ્રિટી વાઈફ સુહાની ગુજરાલ પરેશાન છે. સાહિલના સુખી સંપન્ન પિતા રાજીવ ગુજરાલ અને માતા તેમજ દીકરી અમારા ગુજરાલ પર સતત ચિંતિત છે. બેશક, બધા ફોન અને વીડિયો કોલથી એકબીજાના સંપર્કમાં છે, પરંતુ સાહિલનું બંધ કમરામાંથી સતત ખાસવું તેમજ બહાર ન આવવાની જીદ સુહાનીને વિશેષ અકળાવી રહી છે. આખરે સાહિલ મને-કમને કોરોનાનો ટેસ્ટ કરાવવા સહમત થાય છે. તે કોરોના ટેસ્ટ કરાવવા નીકળે છે, પણ પાછો ફરતો નથી. પત્ની સુહાની દિલ્હી રહેતાં સાહિલના માતા-પિતાને ખબર આપે છે કે સાહિલ કોરોના પોઝિટીવ હતો અને હોસ્પિટલમાં જ તેનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. જોકે હોસ્પિટલમાં ક્યાંય સાહિલ ગુજરાલના કોરોના પોઝિટીવ થવાની કે એડમિટ થવાની કે અવસાન થયાની નોંધ મળતી નથી એટલે આવું લાગી રહ્યું છે કે સાહિલનું મૃત્યુ કોરોનાથી નથી થયું પણ તેની હત્યા કરવામાં આવી છે અને...

પતિનું ષડ્યંત્ર રચીને હત્યા કરવાના ગુનામાં પત્ની સુહાનીની ધરપકડ થાય છે. 'વૂટ સિલકેટ' પર સ્ટ્રીમ થયેલી 'ધ ગોન ગેમ' વેબ સિરીઝની પ્રથમ સિઝનની કથા છે. કોરોનાની મહામારી ઉપર 'ધ ગોન ગેમ'ને બાદ કરો તો સિનેમા, ટીવી કે વેબ સિરીઝના જમા ખાતામાં ખાસ કશું નોંધનીય બન્યું નથી. 'ધ ગોન ગેમ'ને તેના માટે દશમાંથી આઠ માર્ક તો આપવા પડે , કારણ કે તેમાં કોરોનાની મહામારીને શિફતપૂર્વક વણીને એક રોમાંચક સિરીઝ કંડારવામાં આવી છે અને જુલાઈ-૨૦૨૨માં જ 'ધ ગોન ગેમ'ની બીજી સિઝન પણ આવી છે. એ પણ તમને કોરોનાના માઠાં સમયની યાદ દેવડાવે છે કારણ કે... બીજી સિઝનની વાર્તાની કહાણીનો આરંભ પણ (પહેલી સિઝનના) અંતથી જ થાય છે. સાહિલ (અર્જુન માથુર)ની હત્યાના આરોપમાં પકડાયેલી તેની પત્ની સુહાની (શ્રિયા પિલગાંવકર)ને આઠ મહિના પછી જામીન મળે છે અને બહાર નીકળીને એ મીડિયા સમક્ષ એલાન કરે છે કે, 'હું ત્રણ દિવસમાં સાબિત કરી દઈશ કે સાહિલનું મૃત્યુ નથી થયું પણ એ જીવતો જ છે!'

પુત્રવધૂના આવા સ્ટેટમેન્ટથી અકળાયેલાં સાહિલ ગુજરાલના માતા (રુખસાર), પિતા રાજીવ (સંજય કપૂર) અને પુત્રી અમારા ગુજરાલ (શ્વેતા ત્રિપાઠી શર્મા) તાબડતોબ દિલ્હીથી ઊડીને મુંબઈ આવે છે. અમારાને હજુ ભાભી માટે સોફ્ટ કોર્નર છે અને તેને લાગે છે કે, ભાભી સુહાની નિર્દોષ છે... ગુજરાલ પરિવાર અને સુહાની વચ્ચે એક મીટિંગ થાય છે. જોકે ઉશ્કેરાયેલાં સસરા રાજીવ ગુજરાલ પુત્રવધૂનું ગળું દબાવી દેવાની કોશિશ કરે છે , પણ માતા-પુત્રી તેમને રોકીને ખેંચી જાય છે પણ...

એ પછી સુહાનીનું મર્ડર થઈ જાય છે. શંકાના દાયરામાં ગુજરાલ પરિવાર હોવાથી તેમને 'હોટલ અરેસ્ટ' કરવામાં આવે છે. બીજી તરફ માત્ર આપણને (એટલે દર્શકોને) ખબર છે કે બિહાર પહોંચી ગયેલો સાહિલ બોર્ડર ક્રોસ કરીને નેપાળમાં ઘૂસવાની પેરવી કરી રહ્યો છે. 'ધ ગોન ગેમ' વેબ સિરીઝની બંને સિઝન નાવિન્ય પીરસતું થ્રિલર છે. પ્રથમ સિઝન શરૂ થાય ત્યારે એવું લાગે કે આ કોઈ કોરોના મહામારી પરની ડોક્યુમેન્ટરી હશે પણ માણસનું શૈતાન દિમાગ કેવી રીતે તરકીબ કરીને પરિસ્થિતિનો પોતાના પક્ષમાં ઉપયોગ કરી જાણે છે એ અહેસાસ માટે કોરોના મહામારીનાં દશ્યો દેખાડવા અનિવાર્ય છે. બેન્કર સાહિલ રાજપાલ પણ યુનિવર્સલ મહામારીનો પોતાની છટકબારી માટે ઉપયોગ કરે છે એ વાતને ડિરેકટર અભિષેક સેનગુપ્તા અને નિખિલ ભટ્ટે સરસ રીતે કંડારી છે. રાધિકા આનંદ, નિખિલ ભટ્ટ, આયેશા સૈયદ, મૌતિક ટોલિયાએ વાર્તાને ગૂંથી છે પરંતુ એ સ્પષ્ટ થતું નથી કે નેપાળ ભાગી જવાથી સાહિલ રાજપાલને શો ફાયદો થવાનો હતો.

હા, એટલું ખરું કે કોવિડની મહામારીના બેકડ્રોપ પર બનેલી 'ધ ગોન ગેમ' એક દિલચશ્પ વેબસિરીઝ તો અવશ્ય છે જ. તમને ટિપિકલ ટાહ્યલાં વેડા ગમતાં હોય તો વાત જુદી છે.

અને છેલ્લે, અહીં વાચકોનું ખાસ ધ્યાન દોરવાનું કે આ 'ધ ગોન ગેમ' વેબસિરીઝ કોરોના પેન્ડેમિક અને લાંબાં લોકઆઉટ દરમિયાન જ શૂટ થઈ છે. જ્યારે લોકઆઉટ દરમિયાન અમુક સમય માટે લોકોને ઘર બહાર જવાની મર્યાદિત સમયની છૂટ રહેતી એ વખતનાં બહારનાં અમુક જ દ્રશ્યોના અપવાદ સિવાય લગભગ આખી સિરીઝ માટે એકટર્સ પોતાના ઘરેથી મોબાઇલ કે વેબ કેમ યા ઝૂમથી જ પોતાના શોટ શૂટ કરીને ઇન્ટરનેટથી એડિટિંગ માટે મોકલતાં હતા. કેમેરામેન પહેલેથી વીડિયો ફોનથી લાઈટિંગ, એન્ગલ, બેકગ્રાઉન્ડ ચેક કરી લેતાં. ડિરેક્ટર પણ ઓનલાઇન ડિરેકશન આપીને ઍક્ટર પાસે એક્ટિંગ કરાવતા...! .રિયલ સિચ્યુએશન અને પોતપોતાના ઘરમાં શૂટ થયેલી સિરીઝ જોતાં એ મનહૂસ દિવસોની છટપટાહટ પણ આપણે અનુભવી શકીએ છીએ તે આ 'ધ ગોન ગેમ' સિરીઝની વિશેષતા રહી છે. આમ આ રીતે 'ધ ગોન ગેમ' સિરીઝ અપનેઆપમાં એક બેમિસાલ ઉદાહરણ તરીકે અલગ તરી આવી છે! ■

મનોરંજનનું મેઘધનુષ
ઉમેશ ત્રિવેદી

## આજના સૌથી કામિયાબ ધુરં'ધર'
# આદિત્ય ધર



ફિલ્મ નિર્માતા - દિગ્દર્શક આદિત્ય ધરની 'ધુરંધર-ટુ' આજે (શુક્રવારે) રિલીઝ થઈ છે. આ પહેલાં થોડા મહિના અગાઉ ગત ડિસેમ્બરમાં એની 'ધુરંધર' ફિલ્મે બોક્સ ઓફિસ પર કમાણીના અનેક રેકોર્ડ સર્જ્યા છે અને 'ધુરંધર-ટુ' તો એ બધા રેકોર્ડ તોડીને આગળ વધશે એવી શક્યતા છે, ત્યારે આદિત્ય ધર વિશે એક એવી વાત જાણવા મળી છે કે યુવા વયે એ તો ક્રિકેટર બનવા માગતો હતો! ભારતની 'અંડર-૧૯' ટીમમાં તેને તક ન મળી એટલે નિરાશ થઈને ક્રિકેટર બનવાનું સ્વપ્ન છોડી દીધું. સારું થયું, નહીંતર આપણા દર્શકોને 'ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક' અને 'ધુરંધર ' જોવાં ન મળત...

આદિત્ય 'અંડર-૧૯' ટીમમાં સ્થાન મેળવે એવી શક્યતા હતી. ત્યાં એને સગાવાદ અને રાજકારણનો કડવો અનુભવ થયો અને તેને ટીમમાં સ્થાન ન મળ્યું . ઘરે નિરાશ થઈને બેઠેલા આદિત્યે ત્યારે 'ગર્દિશ' ફિલ્મ જોઈ. જેકી શ્રોફ-અમરીશ પુરી અભિનિત આ ફિલ્મ જોઈને આદિત્યે ત્યારે વિચાર કર્યો કે મારે ફિલ્મ દુનિયામાં આગળ વધવું જોઈએ. આવા વિચાર સાથે એ દિલ્હીથી મુંબઈ આવી ગયો, પણ, બોલિવૂડમાં એમ જલદીથી તક મળવી એટલી જ મુશ્કેલ હોય છે. જોકે હિન્દી ભાષા પર કાબૂ હોવાને કારણે આદિત્યને ફિલ્મોમાં ડાયલોગ (સંવાદ) લખવાની તક મળી, તેનું મહેનતાણું મળ્યું, પણ સંવાદલેખક તરીકે 'ક્રેડિટ' ન મળી.

એ વખતે જાણીતા દિગ્દર્શક પ્રિયદર્શન સાથે મુલાકાત થઈ અને તેમની સાથે સહાયક દિગ્દર્શક તરીકે તે કામ કરવા લાગ્યો.. પ્રિયદર્શન સાથે ત્રણ વર્ષ સુધી તેણે કામ કર્યું. આ દરમિયાન ફિલ્મ સર્જનની બારીકીઓ જાણવા મળી. પ્રિયદર્શનને તેનામાં 'સ્પાર્ક' દેખાયો હતો અને તે આદિત્ય ધરે ૨૦૧૯માં આવેલી તેના દિગ્દર્શન હેઠળની પહેલી ફિલ્મ 'ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક'માં સાબિત કરી બતાવ્યું.

આ પહેલી ફિલ્મે જ આદિત્ય ધરને બોલિવૂડમાં કાબેલ દિગ્દર્શક સાબિત કરી દીધો.... આ ફિલ્મ માટે તેને શ્રેષ્ઠ દિગ્દર્શકનો નેશનલ ફિલ્મ એવોર્ડ પણ મળ્યો હતો.

૧૨ માર્ચ ૧૯૮૩ના નવી દિલ્હીમાં રહેનારા કાશ્મીરી પંડિતના ત્યાં તેનો જન્મ થયો છે. માતા સુનીતા ધર એ દિલ્હી યુનિવર્સિટીમાં ડીન તરીકે રહ્યાં હતાં . આદિત્ય એ જ યુનિવર્સિટીમાંથી સ્નાતક થયો છે. આદિત્ય ધરના મોટા ભાઈ લોકેશ યુટીવી મોશન પિક્સર્ચ અને ત્યાર પછી ફોક્સ સ્ટાર સ્ટુડિયોમાં કામ કરતા હતા. આદિત્ય ધરે ભાઈ લોકેશ સાથે મળીને પોતાની નિર્માણ સંસ્થા બી૬૨ સ્ટુડિયો શરૂ કરી છે.

આદિત્ય ધર ફિલ્મ દિગ્દર્શક, નિર્માતા, પટકથા લેખક અને ગીતકાર પણ છે. એની હજી માત્ર બે જ ફિલ્મ રિલીઝ થઈ છે અને ત્રીજી ફિલ્મ 'ધુરધંર-ટુ' આજે રિલીઝ થઈ રહી છે, પણ આ બે જ ફિલ્મથી આદિત્ય ધરે બોલિવૂડના દિગ્દર્શકોમાં ટોચનું સ્થાન મેળવી લીધું છે.

૨૦૨૧ની ચોથી જૂને આદિત્યે બોલિવૂડની લોકપ્રિય અભિનેત્રી યામી ગૌતમ સાથે લગ્ન કર્યા છે. ૨૦૧૯માં આવેલી ફિલ્મ 'ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક'ના શૂટિંગ દરમિયાન જ આદિત્ય ધર અને યામી ગૌતમનો પ્રેમ પાંગર્યો હતો અને ફિલ્મ રિલીઝ થયાં પછી બે વર્ષે તેમણે લગ્ન કરી લીધા હતા.

'ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક' પછી વિકી કૌશલ સાથે જ 'ઈમમોર્ટલ અશ્વત્થામા નામની ફિલ્મ ત્રણ ભાગમાં બનાવવાની યોજના ઘડાઈ હતી, પણ કોરોના કાળને કારણે એ ફિલ્મની યોજના પડતી મૂકવી પડી. આ દરમિયાન તેણે બી૬૨સ્ટુડિયોના બેનર હેઠળ 'આર્ટિકલ-૩૭૦' અને 'બારામુલા' નામની હોરર-થ્રીલર ફિલ્મનું નિર્માણ કર્યું. આ જ સમયગાળામાં પ્રતીક ગાંધી અને યામી ગૌતમને લઈને 'ધૂમધામ' નામની ફિલ્મ પણ બનાવી જે સીધી જ ઓટીટી પ્લેટફોર્મ 'નેટફ્લિકસ' પર રજૂ થઈ હતી.

પ્રિયદર્શન સાથે સહાયક દિગ્દર્શક તરીકે તેણે 'આક્રોશ' અને 'તેજ' જેવી ફિલ્મો કરી હતી. આ બંને ફિલ્મના સંવાદો તેણે લખ્યા હતા.

૨૦૦૬માં આવેલી 'કાબુલ એકસ્પ્રેસ' ફિલ્મમાંના ગીતકાર તરીકે તેને સફળતા મળી હતી. ત્યાર પછી ૨૦૦૭માં મ્યુઝિક આબ્લમ 'પ્લે ઈટ લાઉડ'માં તેણે ગીતો લખ્યા. ૨૦૦૮માં આવેલી 'હાલ-એ-દિલ', ૨૦૦૯માં આવેલી 'ડેડી કૂલ' અને ૨૦૧૧માં આવેલી 'ફીર'ના ગીતો પણ તેણે લખ્યા હતા.

'ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક' માટે શ્રેષ્ઠ દિગ્દર્શકનો નેશનલ ફિલ્મ એવોર્ડ મેળવ્યા પછી સ્ક્રીન - ફિલ્મફેર - ઝી સિને એવોર્ડ, આઈફા એવોર્ડ સહિતના બધાં જ એવોર્ડ તેણે મેળવ્યા હતા.

'ધુરંધર' ફિલ્મે રૂ. ૧,૩૦૦ કરોડ કરતાં વધુ કમાણી કરી છે અને 'ધુરંધર-ટુ-ધ રિવેન્જ' ફિલ્મે એડવાન્સ બુકિંગમાં જ રેકોર્ડ નોંધાવ્યો છે. એ જોતાં આગામી બે-ત્રણ મહિના આદિત્ય ધર અને રણવીર સિંહ જ છવાયેલા રહેશે એમાં કોઈ જ શંકા નથી.

'ધુરંધર-ટુ-ધ રિવેન્જ' ફિલ્મ ત્રણ કલાક ૫૫ મિનિટની ફિલ્મ છે, જે અત્યારે રજૂ થતી દોઢ કલાક કે પોણા બે કલાકની મલ્ટીપ્લેક્સ ફિલ્મો કરતાં ખૂબ જ લાંબી છે, પણ તેને તેની આ લંબાઈ (લગભગ ચાર કલાકની ફિલ્મ) નડે એવી શક્યતા નહિવત છે. 'ધુરંધર-ટુ' પછી હવે આ સ્પાય-થ્રીલર ફિલ્મનો ત્રીજો ભાગ તૈયાર કરવાની યોજના ઘડાઈ રહી હોવાની અત્યારે ચર્ચા છે. ■


OTTનું હોટસ્પોટ

## ૨૧થી ૨૭ માર્ચ દરમિયાન મલ્ટીસ્ટારર 'બોર્ડર-ટુ'ને દિવ્યા દત્તાની 'ચિરૈયા'નું આકર્ષણ

આવતા અઠવાડિયાથી ક્રિકેટના સૌથી મોટા કાર્નિવલ 'આઈપીએલ'ની શરૂઆત થઈ રહી છે. સોની લીવ, જિયો હોટસ્ટાર જેવી ઓટીટી પર ક્રિકેટ મેનિયા તા. ૨૮ માર્ચથી છવાઈ જશે, તે પહેલાં આપણે આ અઠવાડિયે એટલે કે ૨૧ માર્ચથી ૨૭ માર્ચ દરમિયાન શું ખાસ જોવા મળશે તેનાં પર એક નજર નાખીએ.

**નેટફ્લિક્સઃ** આ ઓટીટી ચેનલ પર આજે એટલે કે શુક્રવાર, તા. ૨૦ માર્ચે સન્ની દેઓલ અભિનીત મલ્ટીસ્ટારર ફિલ્મ 'બોર્ડર-ટુ' જોવા મળશે. આજે શુક્રવારે જ 'ધ રાઈઝ ઓફ ધ રેડ હોટ ચીલી પેપર્સ' પણ રજૂ થશે અને ૨૧ માર્ચે 'બીટીએસઃ ધ કમબેક લાઈવ' નામની પ્રસારણ શરૂ થશે.

**જિયો હોટસ્ટારઃ** દિવ્યા દત્તા અને સંજય મિશ્રા અભિનીત 'ચિરૈયા'નું પ્રસારણ આજે (શુક્રવારે) માણી




શકાશે. ત્યાર બાદ ૨૧ માર્ચે 'વિકેડ' નામની અંગ્રેજી ફિલ્મ અને ૨૪ માર્ચે 'ડેરડેવિલ બોર્ન અગેઈન-સીઝન ટુનું પ્રસારણ શરૂ થશે.

**ઝી ફાઈવઃ** આજે અહીં મલયાલમ ક્રાઈમ થ્રીલર 'કસારગોડ એમ્બેસી'નું પ્રસારણ શરૂ થવાનું છે.

**એમેઝોન પ્રાઈમ વીડિયોઃ** ૨૧ માર્ચે અહીં 'કંપની રીટ્રીટ' નામની સીરિઝનું પ્રસારણ શરૂ થશે.

**સોની લીવઃ** અહીં ૨૧ માર્ચે 'જાઝ સિટી'નું આકર્ષણ છે.

**એમએક્સ પ્લેયરઃ** આ ઓટીટી ચેનલ પર અત્યારે નાના પાટેકર અભિનીત 'સંકલ્પ' ધૂમ મચાવી રહી છે. સાથે જ 'ફર્સ્ટ લવ', 'ડે ડ્રીમર', 'સેક્શન ૩૭૫', 'એવરી વન લવ્સ મી', 'જેન ઝી' અને 'ટ્વિંકલિંગ વોટરમેલન' જેવી સિરીઝ --લોકોને આકર્ષી રહી છે. ■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (૧૫૭)

આ ગીતો કઈ ફિલ્મનાં છે અને 'એ લડકી' કોણ છે એ જાણો છો?

૧) લડકી નહીં હૈં તું લડકી કા ખંબા હૈં બક
૨) ઍક લડકી ભીગી ભાગી સી સોતી રાતો મેં
૩) લડકી બડી અંજાની હૈં સપના હૈં સચ હૈં
૪) ઍક સાવલી સી લડકી બાવલી સી ગુસ્સે
૫) ઍક લડકી કો દેખા તો ઐસા લગા જૈસે
૬) લડકી ક્યુ ના જાને ક્યુ લડકો સી નહીં હોતી
૭) મૈં લડકી પો પો પો તું લડકાં પો પો પો હમ દોનો

### ક્વિઝ (૧૫૮)

આ હીરોઈનોનાં એક જ નામ પર બનેલી અલગ ફિલ્મનું નામ ખબર છો?

૧) રેખા - શ્રી દેવી
૨) ઝીનત અમાન - પ્રિયંકા ચોપરા
૩) નૂતન - મનીષા કોઈરાલા
૪) બિપાસા બાસું - બબીતા
૫) મુમતાઝ - કાજોલ
૬) નગમા- શ્રદ્ધા કપૂર
૭) શર્મિલા ટાગોર - આલિયા ભટ્ટ

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

ટૂંકું ને ટચ
નિધિ ભટ્ટ

## બોલિવૂડનું એક ગીત જેમાં ૮૦ ફિલ્મના નામ આવે છે

આજે આપણે એવી એક ફિલ્મ વિશે વાત કરીશું, જે સુપરહિટ થઈ હતી, જ્યારે તેનાં ગીતો પણ લોકપ્રિય બન્યા હતાં. આ સુપરહિટ ફિલ્મના ગીતની વાત કરીએ કે જેમાંથી એક ગીત અતિ લોકપ્રિય બન્યું હતું, પરંતુ શું તમને જાણીને આશ્ચર્ય થશે કે આ લોકપ્રિય ગીતમાં લગભગ ૮૦ ફિલ્મનાં નામો આવે છે?

બોલિવૂડમાં ઘણી એવી ફિલ્મો છે જે વર્ષો સુધી લોકોને યાદ રહે અને લોકોનાં દિલો પર રાજ પણ કર્યું છે. ભલે રિલીઝ વખતે બોક્સ ઓફિસ પર કઈ ઉકાળી શકી ન હોય પરંતુ બાદમાં સુપરહિટ સાબિત થઇ હોય, પરંતુ આજે અમે તમને એક એવી સુપરહિટ ફિલ્મ વિષે જણાવી રહ્યા છીએ જેનાં ગીતો ખૂબ પ્રખ્યાત થયાં હતાં. એના એક આઇકોનિક ગીત માટે તો ૮૦ ફિલ્મનાં નામો આવતા હતા. તો ચાલો જાણીએ તે ફિલ્મ અને ગીત વિષે.

આપણે વાત કરી રહ્યા છીએ ૧૯૮૧માં આવેલી ફિલ્મ 'એક દુજે કે લિયે'નું હિટ ગીત 'મેરે જીવન સાથી'ની. આજે પણ આ ગીતને લોકો પસંદ કરે છે. આ ગીતમાં કમલ હાસન અને રતિ અગ્નિહોત્રી હતાં.

તમને જાણીને નવાઈ લાગશે કે આ ગીતમાં એક બે નહીં, પરંતુ ૮૦ ફિલ્મના નામ છુપાયેલા છે. એટલું જ નહીં આ આખું ગીત બોલિવૂડ હિટ ફિલ્મોના નામને લઈને બનાવવામાં આવ્યું છે. આ ગીત આનંદ બક્ષીએ લખ્યું હતું.

આ ગીતમાં 'હરે રામા હરે કૃષ્ણા', 'ખુબસુરત', 'આવારા', 'જોની મેરા નામ', 'જિદ્દી પડોસન', 'રામ ઓર શ્યામ', 'સત્યમ શિવમ સુન્દરમ', 'દીવાનામસ્તાના', 'મેરે હમસફર', 'યે રાસ્તે હૈ પ્યાર કે', 'ચાર સૌ બીસ', 'દિલ તો હે', 'બેશરમ', 'જવાની દીવાની', 'લોફર' જેવી ફિલ્મોના નામોનો સમાવેશ છે.

ફિલ્મ કમલ હાસનની સાથે રતિ અગ્નિહોત્રી, માધવી, સુનિલ થાપા, રજા મુરાદ અને અથિલિ લક્ષ્મી મુખ્ય ભૂમિકામાં હતા. ફિલ્મનું મ્યુઝિક લક્ષ્મીકાંત પ્યારેલાલે આપ્યું હતું. ■

દર સપ્તાહે વાંચો વિશેષ વાંચન સામગ્રી
ધર્મતેજ
લાડકી
મેટિની
ઈન્ટરવલ
વીક એન્ડ
તરોતાજા
ઉત્સવ
પુરુષ
દરરોજ કંઈક નવું-દરરોજ કશું અનોખું!

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ૨૦૨૮ની વર્લ્ડ ઈન્ડોર ઍથ્લેટિક્સ ભારતમાં

નવી દિલ્હીઃ ૨૦૩૦માં ભારતમાં કૉમનવેલ્થ ગેમ્સ યોજાય એના બે વર્ષ પહેલાં દેશમાં વિશ્વ સ્તરની મોટી ઍથ્લેટિક્સ ચૅમ્પિયનશિપ્સ યોજાવાની છે અને એનું યજમાનપદ ભારતને મળી ગયું છે.

પ્રતિષ્ઠિત વર્લ્ડ ઇન્ડોર ઍથ્લેટિક્સ ૨૦૨૮ની સાલમાં ભુવનેશ્વરમાં યોજાશે અને એની તૈયારી શરૂ થઈ ચૂકી છે. પોલૅન્ડમાં વર્લ્ડ ઍથ્લેટિક્સ કાઉન્સિલની મીટિંગમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ વખતની વર્લ્ડ ઇન્ડોર ઍથ્લેટિક્સ ચૅમ્પિયનશિપ્સ પોલૅન્ડમાં શરૂ થઈ રહી છે અને એના આરંભ પહેલાં આયોજિત બેઠકમાં ભારતને ૨૦૨૮ની ચૅમ્પિયનશિપનું યજમાનપદ આપવામાં આવ્યું હતું.

આ જાણકારી ભારતના ભૂતપૂર્વ ચૅમ્પિયન રનર અને વર્લ્ડ ઍથ્લેટિક્સના ઉપ-પ્રમુખ આદિલ સુમારીવાલાએ પીટીઆઇને પોલૅન્ડથી પીટીઆઇને આપી હતી. ઍથ્લેટિક્સ ફેડરેશન ઑફ ઇન્ડિયાએ આ વર્ષની શરૂઆતમાં ૨૦૨૮ની વર્લ્ડ ઇન્ડોર ચૅમ્પિયનશિપ્સના આયોજન માટે બિડ મોકલ્યું હતું. વર્લ્ડ ઍથ્લેટિક્સના બે મેમ્બર જાન્યુઆરીમાં ભુવનેશ્વર આવ્યા હતા જ્યાં તેમણે કાલિન્ગા સ્ટેડિયમમાં અદ્યતન સુવિધાઓની સમીક્ષા કરી હતી અને ભારતને યજમાનપદ આપવાનો હવે નિર્ણય લેવાયો છે. ■

# શાંત મગજવાળા અક્ષરને પુજારાએ સ્વભાવમાં ફેરફાર કરવાની સલાહ આપી

નવી દિલ્હીઃ આઇપીએલની ૨૦૨૬ની સીઝનની શરૂઆતને માંડ એક અઠવાડિયું બાકી છે ત્યારે દરેક ટીમે પ્રૅક્ટિસ શરૂ કરી દીધી છે અને એવામાં ભારતના ટેસ્ટ-લેજન્ડ ચેતેશ્વર પુજારાએ દિલ્હી કૅપિટલ્સ (ડીસી)ના કૅપ્ટન અક્ષર પટેલને દોસ્તીના ભાવે એક ચેતવણી આપી છે. પુજારાએ અક્ષરને સ્વભાવમાં થોડો ફેરફાર કરવાની સલાહ આપી છે.

આઇપીએલની ૧૯મી સીઝન ૨૮મી માર્ચે શરૂ થશે જેમાં પ્રથમ મૅચ બેંગ્લૂરુમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી) અને સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ) વચ્ચે રમાશે.

પુજારાએ એક જાણીતી સ્પોર્ટ્સ ચૅનલ પરની વાતચીતમાં કહ્યું, 'અક્ષર ખૂબ શાંત મગજવાળો ખેલાડી છે. તે બહુ સારો પ્લેયર પણ છે અને આઇપીએલ જેવી હાઇ-પ્રેશરવાળી ટૂર્નામેન્ટમાં રમતી વખતે માનસિક દબાણને પોતાના પર હાવિ નથી થવા દેતો. તે ખૂબ પ્રભાવશાળી પણ છે અને





પોતાના ખેલાડીઓને પીઠબળ પૂરું પાડતો હોય છે, પરંતુ તેણે વધુ પડતી નિરાંતવાળો અભિગમ ટાળવો જોઈએ. બધી વાતને બહુ હળવાશથી લેવાથી બાજી હાથમાં સરી જતી હોય છે એટલે તેણે એ સ્થિતિ ટાળવી જોઈએ. ગયા વર્ષે દિલ્હી કૅપિટલ્સની ટીમ એક સમયે બહુ સારી સ્થિતિમાં હતી, પણ એ ટીમે તક ગુમાવી દીધી હતી. અક્ષરે આ સીઝનમાં ખાસ ચેતવું પડશે.'

૨૦૨૫ની સીઝનમાં દિલ્હી કૅપિટલ્સની ટીમ પહેલી આઠમાંથી છ મૅચ જીતી હતી. જોકે ત્યાર પછી અક્ષરની ટીમ ઘણી મૅચો હારી હતી અને પ્લે-ઑફમાં નહોતી પહોંચી શકી. દિલ્હીની ટીમ ક્યારેય ટાઇટલ નથી જીતી શકી. તેઓ માત્ર એક (૨૦૨૦ની સીઝનમાં) ફાઇનલ રમ્યા છે જેમાં મુંબઈ ઇન્ડિયન્સ સામે તેમનો પરાજય થયો હતો. ■

# સચિને મમ્મી અને પત્ની સાથે ઊજવ્યો ગૂડીપડવાનો તહેવાર

મુંબઈઃ ક્રિકેટના ભગવાન તરીકે લોકપ્રિય સચિન તેન્ડુલકરે ગુરુવારે બાંદરા-પશ્ચિમના નિવાસસ્થાને મમ્મી અને પત્ની સાથે ગૂડીપડવાનો તહેવાર ઉજવ્યો હતો. સચિન તેના મમ્મી રજની તેન્ડુલકરને પગે લાગ્યો હતો અને તેની પત્ની અંજલિએ પણ સાસુજીના ચરણસ્પર્શ કર્યા હતા.

રજની તેન્ડુલકરના આશીર્વાદ લેવા માટે સચિન અને અંજલિ તેમની પાસે આવ્યા ત્યારે તેમનો પેટ ડૉગ પણ ઘરમાં લટાર મારી રહ્યો હતો એટલે મોકો જોઈને સચિને ડૉગને પણ આ અવસરમાં સમાવી લીધો હતો. સચિને દૂર જઈ રહેલા આ પેટ ડૉગ માટેના બિસ્કિટ રજની તેન્ડુલકરના પગ નજીક રાખ્યા એટલે ડૉગ એ ખાવા માટે તરત ત્યાં આવી ગયો હતો અને રજની તેન્ડુલકરે તેને વહાલ કરવાની તક ઝડપી લીધી હતી.

સચિન, અંજલિ તેમ જ સમગ્ર પરિવાર પુત્ર અર્જુનના લગ્ન બાદ થાક ઉતારી રહ્યા છે. પાંચમી માર્ચે પરેલની એક જાણીતી હૉટેલમાં અર્જુન અને



સાનિયા ચંદોકના લગ્નનો ભવ્ય સમારોહ યોજાયો હતો જેમાં અનેક સેલિબ્રિટિઝે હાજરી આપી હતી.

અર્જુન તેન્ડુલકર લગ્ન બાદ ગણતરીના દિવસોમાં આઇપીએલ માટેની પ્રૅક્ટિસમાં વ્યસ્ત થઈ ગયો છે. તે સોમવારે પત્ની સાનિયા સાથે લખનઊ પહોંચી ગયો હતો અને અર્જુને બીજા જ દિવસથી લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)ના કૅપ્ટન તેમ જ બીજા ખેલાડીઓ સાથે પ્રૅક્ટિસ શરૂ કરી દીધી હતી. ■

# ભારતીયો અફઘાનિસ્તાન પછી અને ઇંગ્લૅન્ડની પહેલાં આયરલેન્ડ સામે રમશે ટી-૨૦ સિરીઝ

આઇપીએલની ૧૯મી સીઝન ૩૧મી મેએ પૂરી થયા બાદ જૂનમાં ભારતીય ક્રિકેટરો ઘરઆંગણે અફઘાનિસ્તાન સામે એક ટેસ્ટ અને ત્રણ વન-ડે રમશે ત્યાર બાદ ઇંગ્લૅન્ડમાં ટી-૨૦ અને વન-ડે સિરીઝ રમવા જતાં પહેલાં આયરલૅન્ડમાં ટી-૨૦ સિરીઝ રમશે. આયરલૅન્ડની ટીમ એ શ્રેણી નવા કૅપ્ટનના નેતૃત્વમાં રમશે. પૉલ સ્ટર્લિંગે તાજેતરના વર્લ્ડ કપમાં આઇરિશ ટીમના ખરાબ પર્ફોર્મન્સને પગલે ટી-૨૦ ટીમની કૅપ્ટન્સી છોડી દેવાની જાહેરાત કરી દીધી છે. ■

# મેસીએ રોનાલ્ડો કરતાં નાની ઉંમરે અને ૧૦૦ મૅચ ઓછી રમીને ૯૦૦ ગોલની સિદ્ધિ મેળવી

ફોર્ટ લૉડરડેલ (અમેરિકા)ઃ ફિફા વર્લ્ડ કપ ચૅમ્પિયન કૅપ્ટન અને પ્રતિષ્ઠિત બલોં ડિઑર પુરસ્કાર આઠ વખત જીતી ચૂકેલો આર્જેન્ટિનાનો લિયોનેલ મેસી કરીઅરમાં ૯૦૦મા ગોલની સિદ્ધિ હાંસલ કરનાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો પછીનો બીજો ફૂટબોલર બન્યો છે અને નવાઈની વાત એ છે કે મેસીએ (આંતરરાષ્ટ્રીય તથા ક્લબ ફૂટબૉલમાં) કુલ ૯૦૦ ગોલની ઉપલબ્ધિ રોનાલ્ડો કરતાં ઓછી ઉંમરે અને તેનાથી ૧૦૦ ઓછી મૅચમાં મેળવી છે.

બુધવારે રાત્રે કૉન્કેકેફ ચૅમ્પિયન્સ કપમાં નૅશવિલ સામેની મૅચમાં ઇન્ટર માયામીના મેસીએ શરૂઆતમાં જ (સાતમી મિનિટમાં) ગોલ કરીને પોતાના કુલ ગોલની સંખ્યાને ૯૦૦ ઉપર પહોંચાડી હતી. તે અમેરિકાની મેજર લીગ સૉકર (એમએલએસ)





ટૂર્નામેન્ટમાં સતત બીજા વર્ષે મોસ્ટ વૅલ્યૂએબલ પ્લેયર (એમવીપી)નો અવૉર્ડ જીત્યો છે.

મેસીએ બુધવારની મૅચમાં સાતમી મિનિટ શરૂ થઈ ત્યાં તો બૉલને પોતાના કબજામાં લઈ લીધો હતો અને નીચા શૉટમાં નૅશવિલના ડિફેન્ડર્સની દીવાલને ભેદીને બૉલ ગોલપોસ્ટની એક કૉર્નરમાંથી અંદર મોકલી દીધો હતો.

રોનાલ્ડો ૪૧ વર્ષનો છે. આખી કરીઅરમાં તેણે કુલ ૯૬૫ ગોલ કર્યા છે. તેણે ૯૦૦મો ગોલ ૨૦૨૪ની સાલમાં ૩૯ વર્ષની ઉંમરે કર્યો હતો. મેસી ૩૮ વર્ષનો છે અને તેણે રોનાલ્ડો કરતાં નાની ઉંમરે ૯૦૦મા ગોલની સિદ્ધિ મેળવી છે. ■

# અર્જુન તેન્ડુલકરના બે નિર્ણયથી કૅપ્ટન રિષભ પંત ખુશ થયો!

લખનઊઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં અગાઉ મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) વતી બહુ ઓછું રમવાની તક મળ્યા બાદ અર્જુન તેન્ડુલકર લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) ટીમમાં જોડાયો છે જેના કૅપ્ટન રિષભ પંતને જુનિયર તેન્ડુલકરની બે વાત બહુ ગમી છે.

અર્જુન હેવી બૅટથી રમવાનો છે અને બીજું, તે સાનિયા ચંદોક સાથે લગ્ન કર્યા બાદ ગણતરીના દિવસોમાં લખનઊની ટીમ સાથે પ્રૅક્ટિસ કરવા આવી ગયો છે. આ બે વાત કૅપ્ટન પંતને ખૂબ ગમી છે. અર્જુન સોમવાર, ૧૬મી માર્ચે પત્ની સાનિયા સાથે લખનઊ આવી પહોંચ્યો હતો.

## સચિનના બૅટ સામે અર્જુનના બૅટનું વજન કેટલું?

અર્જુનનું બૅટ વજનદાર છે, પરંતુ તેના પિતા સચિન તેન્ડુલકર જેટલું તો હેવી નથી જ.

જોકે પંતને અર્જુનનો આ નિર્ણય ગમ્યો છે. અર્જુને કૅપ્ટન પંતને કહ્યું,



'મારા પપ્પા ૧૩૧૦થી ૧૩૧૫ ગ્રામ વજનના બૅટથી રમતા હતા. હું જે બૅટ વાપરું છું એનું વજન ૧૨૦૦ ગ્રામથી ઓછું નથી હોતું.' અર્જુન લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર છે. તે બોલર-બૅટ્સમૅન છે, પરંતુ લખનઊની ટીમને બૅટિંગમાં પણ તે ઉપયોગી બનવા ઉત્સુક છે. તે બોલિંગ ઉપરાંત બૅટિંગની પણ ઘણી પ્રૅક્ટિસ કરી રહ્યો છે.



### પાંચમી માર્ચના લગ્ન બાદ તરત પ્રૅક્ટિસના મેદાન પર

અર્જુને ગુરુવાર, પાંચમી માર્ચે સાનિયા ચંદોક સાથે લગ્ન કર્યા હતા. મુંબઈની એક જાણીતી હૉટેલમાં આયોજિત લગ્ન સમારોહમાં દેશ-વિદેશની જાણીતી હસ્તીઓએ હાજરી આપી હતી. અર્જુન મરાઠી અને સાનિયા પંજાબી છે. આ બન્ને ભાષી લોકોમાં જે રીતરસમથી લગ્ન થતાં હોય છે એ રીતરસમ અર્જુન-સાનિયાના મંડપમાં મહેમાનોને જોવા મળી હતી. અમિતાભ બચ્ચન, શાહરુખ ખાન, એમએસ ધોની સહિત અનેક સેલિબ્રિટીઝે આ લગ્નમાં હાજરી આપી હતી. અર્જુન લગ્ન બાદ ગણતરીના દિવસોમાં પ્રૅક્ટિસ માટે આવી ગયો છે.

અર્જુનને મુંબઈ ઇન્ડિયન્સ વતી બે આઇપીએલ ટૂર્નામેન્ટમાં કુલ મળીને માત્ર પાંચ મૅચ રમવા મળી હતી. ■

# 'ભારતીય ક્રિકેટનો દબદબો જોવો મારું વર્ષો જૂનું સપનું હતુંઃ' મિતાલી

મુંબઈઃ ભારતીય મહિલા ક્રિકેટ ટીમની દિગ્ગજ ખેલાડી મિતાલી રાજનું માનવું છે કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ભારતનું વધતું પ્રભુત્વ તેના માટે ગર્વની વાત છે. તેણીએ કહ્યું હતું કે લાંબા સમયથી તે ભારતીય ક્રિકેટને વિશ્વ મંચ પર ટોચ પર જોવા માગતી હતી અને હવે તે સ્વપ્ન ધીમે ધીમે સાકાર થઈ રહ્યું છે. તેણીએ તાજેતરનાં વર્ષોમાં પુરુષ, મહિલા અને જુનિયર ટીમોના શાનદાર પ્રદર્શનથી ભારતીય ક્રિકેટ માટે એક મોટી સિદ્ધિ ગણાવી હતી.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારતીય પુરુષ ટીમે ૨૦૨૪ અને ૨૦૨૬ના ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યા, મહિલા ટીમે તેનો પહેલો વન-ડે વર્લ્ડ કપ જીત્યો હતો. જુનિયર સ્તર પર અંડર-૧૯ ટીમે પણ વર્લ્ડ કપ જીત્યો છે. મિતાલીએ બીસીસીઆઈ નમન એવોર્ડ્સ દરમિયાન કહ્યું હતું કે, ''વર્ષોથી હું ઇચ્છતી હતી કે ભારતીય ક્રિકેટનો દબદબો રહે અને હવે તે સમય આવી ગયો છે.'' તેમણે કહ્યું હતું કે, ''છેલ્લાં બે થી ત્રણ વર્ષોમાં ભારતીય ક્રિકેટ મહિલા, પુરુષ અથવા અંડર-૧૯ના છોકરા-છોકરીઓએ શાનદાર પ્રદર્શન કર્યું છે. એક ભૂતપૂર્વ ક્રિકેટર તરીકે મને ભારતીય ક્રિકેટની પ્રગતિ જોઈને ગર્વ થાય છે.''

રવિવારે બીસીસીઆઈ એવોર્ડ સમારોહમાં



મિતાલી, ભૂતપૂર્વ ક્રિકેટરો રાહુલ દ્રવિડ અને રોજર બિન્નીને કર્નલ સી.કે. નાયડુ લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. તેણીએ ભારતીય ક્રિકેટ, ખાસ કરીને મહિલા ક્રિકેટના પરિવર્તન માટે બીસીસીઆઈના ભૂતપૂર્વ સચિવ અને વર્તમાન આઈસીસી પ્રમુખ જય શાહને શ્રેય આપ્યો હતો.

તેણીએ કહ્યું હતું કે, મેં મહિલા ક્રિકેટમાં પરિવર્તન જોયું છે અને હું બીસીસીઆઈ અને જય સરના સમર્થનનો ઉલ્લેખ કરવા માગું છું. ભારતીય મહિલા ક્રિકેટમાં છેલ્લાં ચારથી પાંચ વર્ષમાં જબરદસ્ત પરિવર્તન આવ્યું છે અને તે બધું એક વ્યક્તિના કારણે આવ્યું છે. મિતાલીએ કહ્યું હતું કે, ''વૈશ્વિક સ્તરે તેમનું વિઝન અને તેના પ્રત્યેની પ્રતિબદ્ધતા. તેમણે મહિલા ક્રિકેટના વિકાસ માટે ઘણા પ્રયાસો કર્યા છે.''

બીસીસીઆઈમાં જય શાહના કાર્યકાળમાં મહિલા અને પુરુષ ક્રિકેટરોની ફી સમાન કરાઈ હતી અને પ્રોફેશનલ મહિલા પ્રીમિયર લીગની શરૂઆત કરાઈ હતી. મિતાલીએ એમ પણ કહ્યું કે તેણીએ તેની કારકિર્દી દરમિયાન સચિન તેંડુલકર અને દ્રવિડ પાસેથી ઘણી પ્રેરણા મેળવી છે. મહિલા ક્રિકેટની પોતાની સફર રહી છે, પરંતુ અમે પુરુષ ક્રિકેટરો પાસેથી ઘણી પ્રેરણા મેળવી છે. અમે રાહુલ અને સચિન પાસેથી ઘણું શીખ્યા. મેં તેમની સાથે બેટિંગ વિશે લાંબી વાતચીત કરી અને કેટલાંક મદદરૂપ સૂચનો મેળવ્યાં હતાં.

બીસીસીઆઈના ભૂતપૂર્વ પ્રમુખ અને ૧૯૮૩ના વર્લ્ડ કપ વિજેતા ટીમના સભ્ય બિન્નીએ કહ્યું હતું કે, ''હું ભાગ્યશાળી છું કે મને ભારત માટે રમવાની તક મળી. આટલી મોટી વસ્તી ધરાવતા દેશમાં દરેકને આ તક મળતી નથી. ભારત માટે રમવું એ મારા માટે પ્રાપ્ત કરેલું સૌથી મોટું લક્ષ્ય હતું.'' ■

# ભુવનેશ્વરના યૉર્કરમાં કોહલી ચક્કર ખાઈ ગયો, જાડેજાની બોલિંગમાં વૈભવની ફટકાબાજી

બેંગ્લૂરુ/ગુવાહાટીઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની ૧૯મી સીઝન શરૂ થવાને માંડ અઠવાડિયું બાકી છે ત્યારે વિવિધ શહેરોમાં ચાલતી નેટ પ્રૅક્ટિસમાં ભારતના કેટલાક ખેલાડીઓની બોલિંગમાં અને બૅટિંગમાં કસોટી થઈ રહી છે. ૨૮મી માર્ચે પ્રથમ મૅચ બેંગ્લૂરુમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી) અને સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ) વચ્ચે રમાશે.

ગુરુવારે બે અલગ શહેરમાં યોજાયેલા પ્રૅક્ટિસ સેશનમાં અનુક્રમે પીઢ બૅટ્સમૅન વિરાટ કોહલી અને સૌથી યુવાન ખેલાડી ૧૪ વર્ષનો વૈભવ સૂર્યવંશી છવાઈ ગયા હતા.

બેંગ્લૂરુમાં આરસીબીના ખેલાડીઓના પ્રૅક્ટિસ સેશન દરમ્યાન અનુભવી પેસ બોલર ભુવનેશ્વર કુમાર અને સૌથી અનુભવી બૅટ્સમૅન વિરાટ કોહલી વચ્ચે ચડિયાતા પુરવાર થવાની હરીફાઈ જામી હતી. એમાં એક તબક્કે ભુવીએ એવો યૉર્કર ફેંક્યો કે કોહલી ક્રીઝની બહાર નીકળી ગયો હતો. ભુવીએ સાબિત કર્યું કે તેને ભલે ભારતીય ટીમમાં સ્થાન નથી અપાતું, પણ તે હજી પણ ભલભલા બૅટ્સમૅનને ચક્કર ખવડાવી દેવાની કુશળતા ધરાવે છે. કોહલી તેના બૉલનો સામનો કરવામાં નિષ્ફળ ગયો ત્યાર બાદ બન્ને ખૂબ હસ્યા હતા.

રાજસ્થાન રૉયલ્સની ટીમના નેટ સેશનમાં ગુરુવારે રવીન્દ્ર



જાડેજાએ પોતાની બોલિંગમાં વૈભવ સૂર્યવંશીને સારી બૅટિંગ-પ્રૅક્ટિસ કરાવી હતી. જાડેજાના કેટલાક બૉલમાં વૈભવે સારા શૉટ માર્યા હતા. જોકે એ સેશનના વીડિયોમાં જોવા મળ્યું કે વૈભવે કેટલાક ઊંચા શૉટ માર્યા બાદ એક બૉલમાં કૅચ આપી બેઠો હોય એ રીતે જાડેજાએ સેલિબ્રેશન કર્યું હતું. વૈભવે ૨૦૨૫ની સીઝનમાં ફક્ત ૩૫ બૉલમાં સેન્ચુરી ફટકારીને સૌથી યુવાન તથા ભારતના ઝડપી સેન્ચુરિયનનો રેકૉર્ડ નોંધાવ્યો હતો. ■

# ચહલે આઈપીએલ પહેલાં દારૂનો ત્યાગ કર્યો

નવી દિલ્હીઃ ભારતના એક સમયના ટોચના સ્પિનરમાં ગણાતા અને હાલમાં ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં પંજાબ કિંગ્સ વતી રમતા યુઝવેન્દ્ર ચહલે મોટી જાહેરાત કરી છે જેમાં તેણે આલ્કૉહોલનો ત્યાગ કર્યો છે. હજી પોતે પાંચથી છ વર્ષ સુધી રમશે એવું તાજેતરની જ એક મુલાકાતમાં કહેનાર ચહલે ટીમના ભૂતપૂર્વ સાથી ખેલાડી એબી ડિવિલિયર્સ સાથે યુટ્યૂબ ચૅનલના શૉ પરની વાતચીતમાં કહ્યું છે કે તેણે પંજાબ કિંગ્સ વતી ૧૫૦ ટકા ક્ષમતાથી રમવાની (સર્વશ્રેષ્ઠ પર્ફોર્મ કરવાની) પ્રતિજ્ઞા લીધી હોવાથી દારૂ છોડી રહ્યો છે.

## છ મહિનાથી દારૂને હાથ નથી લગાડ્યો

ચહલે ડિવિલિયર્સને કહ્યું, 'મેં આલ્કૉહોલનું સેવન બંધ કર્યું છે. છ મહિનાથી મેં દારૂને હાથ નથી લગાડ્યો. હું હવે ૩૫ વર્ષનો થઈ ગયો છું એટલે મેં હવે વધુ સક્રિય રહેવાનું નક્કી કર્યું છે. આઇપીએલમાં હું મારી ટીમ માટે ૧૫૦ ટકા ક્ષમતાથી રમીશ. હું સિનિયર ખેલાડી છું અને ઇચ્છું છું કે આઇપીએલમાં અન્ય ખેલાડીઓ મારી પાસેથી કંઈક શીખે. ૨૦૨૫ની આઇપીએલ ફાઇનલમાં અમારી ટીમ (પંજાબ)ને માર્કો યેનસેનની ખોટ વર્તાઈ હતી. એ ફાઇનલમાં પંજાબનો બેંગ્લૂરુ સામે છ રનથી પરાજય થયો હતો. યેનસેને એ આઇપીએલ સીઝનમાં ૧૪ મૅચમાં ૧૬ વિકેટ લીધી હતી, પણ વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલમાં રમવાનું હોવાથી તે પ્લે-ઑફની મૅચોમાં નહોતો રમ્યો.



## ૨૦૨૫માં છેલ્લે બે ફ્રૅક્ચર નડ્યા

ચહલે યેનસેનનો તેમ જ પોતાની ઈજાનો ઉલ્લેખ કરતા કહ્યું, '૨૦૨૫ની આઇપીએલ ફાઇનલમાં જો યેનસેન રમ્યો હોત તો અમે ટાઇટલ જીતી ગયા હોત. તેણે આખી ટૂર્નામેન્ટમાં બોલિંગ ઉપરાંત બૅટિંગ પણ સારી કરી હતી. આ વખતે અમને તે ખાસ કરીને બોલિંગમાં ખૂબ કામ લાગશે. હરીફ ટીમોના ઓપનર્સે તેનાથી ખૂબ ચેતવું પડશે. એ ટૂર્નામેન્ટમાં કોલકાતા સામેની મૅચ પછી મને પાંસળીમાં ફ્રૅક્ચર થયું હતું. પછીથી મારા હાથમાં પણ ફ્રૅક્ચર થયું હતું. આ ઈજાઓને પગલે હું સેમિ ફાઇનલમાં અને ફાઇનલમાં સારા લેગ-સ્પિન નહોતો કરી શક્યો. આ વખતે હું મારા શરીરની અને સ્વાસ્થ્યની ખાસ કાળજી રાખીશ.' ■

# સ્ટાર સ્ટડેડ એમઆઈએ શરૂ કરી નેટ પ્રેક્ટિસ

મુંબઈઃ પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સે સોમવારે ૨૮ માર્ચથી શરૂ થનારી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ની આગામી સિઝન માટે તાલીમ શરૂ કરી છે. અભ્યાસ માટે પહોંચેલા પહેલા જૂથમાં શાર્દુલ ઠાકુર, મયંક માર્કંડેય, અલ્લાહ ગઝનફર, નમન ધીર, રાજા અંગદ બાવા, રોબિન મિંઝ, રઘુ શર્મા, મયંક રાવત, દાનિશ માલેવાર, મોહમ્મદ ઇઝહાર અને અશ્વની કુમારનો સમાવેશ થાય છે.

આગામી દિવસોમાં રોહિત શર્મા, જસપ્રીત બુમરાહ અને કેપ્ટન હાર્દિક પંડ્યા કેમ્પમાં જોડાશે. મુંબઈ ઈન્ડિયન્સના મુખ્ય કોચ મહેલા જયવર્ધનેએ કહ્યું હતું કે, પ્રી-સિઝન કેમ્પનો પહેલો દિવસ હંમેશાં ખાસ હોય છે. ખેલાડીઓ આવે છે, ઊર્જાનો સંચાર થાય છે અને સારું પ્રદર્શન કરવા પર મજબૂત ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. અમારી પાસે એવા ખેલાડીઓ છે જે લાંબા સમયથી મુંબઈ ઈન્ડિયન્સ સાથે છે તેમજ કેટલાક નવા ચહેરાઓ પણ છે.

તેમણે કહ્યું કે અમે ઇચ્છતા હતા કે દરેક વ્યક્તિ પહેલા સત્રથી જ, આપણે કેવી રીતે તાલીમ આપીએ છીએ, કેવી રીતે તૈયારી કરીએ છીએ અને એકબીજા માટે કેવી રીતે હાજર રહીએ છીએ તેનો અનુભવ કરે. પહેલું સત્ર હંમેશાં રોમાંચક હોય છે, પરંતુ તે કંઈક ગંભીરતાની શરૂઆત પણ હોય છે. નોંધનીય છે કે મુંબઈની પહેલી મેચ ૨૯ માર્ચે વાનખેડે સ્ટેડિયમ ખાતે કોલકાતા નાઈટ રાઈડર્સ સામે છે. ■

# ગૌતમ ગંભીરે એઆઇ ડીપફેક અને બનાવટી વીડિયો બદલ ૧૬ પક્ષ વિરુદ્ધ ૨.૫૦ કરોડનો દાવો માંડ્યો

નવી દિલ્હીઃ ભારતીય ટીમનો હેડ-કોચ ગૌતમ ગંભીર આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (એઆઇ) ડીપફેક અને બનાવટી વીડિયોથી પરેશાન છે જેને કારણે તેણે દિલ્હી હાઈ કોર્ટમાં



૧૬ પક્ષ વિરુદ્ધ પિટિશન નોંધાવીને તેમની પાસેથી કુલ ૨.૫૦ કરોડ રૂપિયાનું વળતર મેળવવાનો દાવો કર્યો છે.

ગૌતમ ગંભીરે એવી સંસ્થાઓ પાસેથી વળતર મેળવવાનો દાવો કર્યો છે જેઓ ગંભીરના નામ અને તસવીરોનો ગેરકાયદે ઉપયોગ કરીને પોતાનો સામાન વેચતી રહી છે તેમ જ ખોટી જાણકારી ફેલાવવા એઆઇ વીડિયો તથા ડીપફેકનો પણ ઉપયોગ કરી રહી છે. સોશ્યલ મીડિયા તેમ જ ઇ-કૉમર્સ પ્લૅટફૉર્મ્સ પર પોતાના નામ, ચહેરા અને અવાજનો ઉપયોગ કરીને આ સંસ્થાઓ (પક્ષો)એ બનાવેલા બનાવટી કન્ટેન્ટ હટાવવાની માગણી પણ ગંભીરે કરી છે.

ગંભીરે જે ૧૬ પક્ષ વિરુદ્ધ કેસ નોંધાવ્યો છે એમાં આ સોશ્યલ મીડિયા અકાઉન્ટ હોવાનું મનાય છેઃ જેન્કે ફ્રેમ્સ, ભુપેન્દ્ર પેઇન્ટોલા, લેજન્ડ્સ રિવૉલ્યૂશન, ગુસ્તાખેડિટ્સ, ક્રિકેટ-મીમર્સ૪૫, જેમ્સઑફક્રિકેટ્સ, ક્રિકેઇથ, સની ઉપાધ્યાય, વગેરે. ૨૦૨૫ની શરૂઆતથી ગંભીરની કાનૂની ટીમે ઇન્સ્ટાગ્રામ, એક્સ, યુટ્યૂબ તથા ફેસબુક પર ગંભીર વિશેના બનાવટી કન્ટેન્ટ તથા વીડિયોનું પ્રમાણ વધી ગયું છે. એમાં એઆઇ, ફેસ-સ્વૅપિંગ અને વૉઇસ-ક્લોનિંગ ટેક્નોલૉજીનો ઉપયોગ કરીને અસલી લાગે એવા વીડિયો બનાવવામાં આવ્યા હતા જેમાં ગંભીરને એવા નિવેદનો આપતો બતાવવામાં આવ્યો હતો જે તેણે ક્યારેય આપ્યા જ નહોતા. એમાંના એક બનાવટી વીડિયોમાં ગંભીરને હેડ-કોચના હોદ્દા પરથી રાજીનામું આપતો બતાવવામાં આવ્યો હતો. એ વીડિયો ૨૯ લાખથી વધુ વખત જોવામાં આવ્યો હતો. ■

# શૅરબજારમાં બંકર બસ્ટર બૉમ્બ જેવો જોરદાર ધડાકો: સેન્સેક્સ ૭૪,૨૫૦ની નીચે, નિફ્ટીએ ૨૩૦૦૦ની સપાટી માંડ ટકાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઇરાન અને ઇઝરાયલ વચ્ચેના યુદ્ધની વધતી ભીષણતા વચ્ચે ક્રૂડ ઓઇલના ભાવ ફરી ઉછાળા સાથે ૧૧૦ ડોલરની સપાટી વટાવી જવા સાથે અમેરિકાની ફેડરલ રિઝર્વે હોકિસ સ્ટાન્સ સાથે જાળવી રાખેલા વ્યાજ દરને કારણે કથળેલા સેન્ટિમેન્ટ વચ્ચે ગુરુવારે ભારતીય બેન્ચમાર્ક ઇન્ડેક્સ ત્રણેક ટકાથી વધુ તૂટ્યા હતા, જેમાં સેન્સેક્સ લગભગ ૨,૫૦૦ પોઈન્ટ ગગડી ગયો હતો અને નિફ્ટી ૨૩,૦૦૦ની મુખ્ય સપાટીની નજીક બંધ રહ્યો હતો. આ રીતે પાછલા ત્રણ સળંગ સત્ર દરમિયાન નોંધાયેલો તમામ સુધારો લગભગ ધોવાઇ ગયો હતો.

આ સત્રની ગભરાટભરી વેચવાલીથી બીએસઇ લિસ્ટેડ કંપનીઓના બજાર મૂડીકરણમાં પ્રાથમિક અંદાજે રૂ. ૧૩ લાખ કરોડથી વધુનો ઘટાડો થયો હતો, જેના કારણે કુલ રૂ. ૪૨૬ લાખ કરોડની આસપાસ પહોંચ્યું હતું. સેન્સેક્સ દિવસ દરમિયાન ૨,૭૫૩.૧૮ પોઈન્ટ અથવા ૩.૫૮ ટકા તૂટીને ૭૩,૯૫૦.૯૫ની સપાટીને અથડા બાદ અંતે ૨,૪૯૬.૮૯ પોઈન્ટ અથવા ૩.૨૬ ટકા ઘટીને ૭૪,૨૦૭.૨૪ પર સ્થિર થયો હતો, જે જૂન ૨૦૨૪ પછીનો તેનો સૌથી મોટો એક દિવસીય કડાકો દર્શાવે છે. જ્યારે નિફ્ટી ૭૭૫.૬૫ પોઈન્ટ અથવા ૩.૨૬ ટકા ઘટીને ૨૩,૦૦૨.૧૫ પર બંધ થયો હતો.

નોંધવું રહ્યું કે, પાછલા સપ્તાહે, સેન્સેક્સ ૪,૩૫૪.૯૮ પોઈન્ટ અથવા ૫.૫૨ ટકા ઘટીને ૭૪,૫૬૩.૯૨ની સપાટી પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૫૦ ૧,૨૯૯.૩૫ પોઈન્ટ અથવા ૫.૩૧ ટકા ઘટીને ૨૩,૧૫૧.૧૦ની સપાટી પર બંધ થયો હતો, જે તાજેતરના વર્ષોમાં સૌથી અત્યંત તીવ્ર સાપ્તાહિક ઘટાડામાંનો એક છે. પાછલા સપ્તાહના છેલ્લા ત્રણ જ સત્રમાં સેન્સેક્સમાં લગભગ ૩૭૦૦ પોઇન્ટથી વધુ ધોવાણ થયું હતું.

સેન્સેક્સના તમામ ૩૦ ઘટકો નેગેટીવ ઝોનમાં બંધ થયા હતા, જેમાં ઝોમેટો-પેરેન્ટ ઇટર્નલ અને એચડીએફલસી બેંકના શેર પાંચ ટકાથી વધુ ઘટીને બેન્ચમાર્કને ઝડપથી નુકસાન તરફ દોરી ગયા હતા. બજાજ ફાઇનાન્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, લાર્સન એન્ડ ટુબ્રો, અને અન્ય શેરમાં ચારથી પાંચ ટકા સુધીના મોટા ગાબડાં હતા.

શેરબજારને ડહોળનાર મુખ્ય કારણ ક્રૂડ ઓઇલનો ભાવ ઉછાળો અને પરિસ્થિતિ વધુ વણસવાની સંભાવના હતી. આ ઉપરાંત ફેડરલ રિઝર્વે વ્યક્ત કરેલી ફુગાવો વકરવાની ભીતિ, ઇન્ડેક્સ હેવીવેઇટ એચડીએફસી બેંકના શેરમાં તીવ્ર વેચવાલી, વૈશ્વિક બજારના નબળા સંકેત અને ડોલર સામે રૂપિયામાં વધુ ઘટાડાનો સમાવેશ હતો. યુએસ ફેડરલ રિઝર્વે મધ્ય પૂર્વમાં વધતા ભૂરાજકીય તણાવની અસરો અને આર્થિક ગતિ ધીમી પડવાના સંકેતોનું મૂલ્યાંકન કરીને બુધવારે તેના બેન્ચમાર્ક વ્યાજ દરને ૩.૫ ટકાથી ૩.૭૫ ટકા પર સ્થિર જાહેર કર્યા હતા.

પ્રાઇમરી માર્કેટમાં બાસમતી ચોખાની નિકાસકાર અમીર ચંદ જગદીશ કુમાર (એક્સપોર્ટ્સ) લિમિટેડે તેના આઇપીઓ માટે પ્રતિ શેર રૂ. ૨૦૧-૨૧૨ની પ્રાઇસ બેન્ડ નક્કી કરી છે, જેનાથી કંપનીનું મૂલ્ય રૂ. ૨,૨૦૦ કરોડ આંકવામાં આવ્યું છે. કુલ રૂ. ૪૪૦ કરોડનો આઇપીઓ ૨૪ માર્ચે સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૭ માર્ચે બંધ થશે. આ હરિયાણા સ્થિત કંપની તેના એરોપ્લેન બાસમતી ચોખા બ્રાન્ડ માટે જાણીતી છે, તે ઇશ્યૂમાંથી મળેલી ચોખ્ખી આવકનો ઉપયોગ તેની કાર્યકારી મૂડી જરૂરિયાતો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ભંડોળ પૂરું પાડવા માટે કરવાની યોજના ધરાવે છે.

આ ઉપરાંત સ્પેશિયાલિટી મેડિસિન્સ લિમિટેડ ૨૦ માર્ચે અને પાવરિકા લિમિટેડ ૨૪ માર્ચે, ટિપ્કો એન્જિનિયરિંગ ઈન્ડિયા લિમિટેડ ૨૩ માર્ચે મૂડીબજારમાં પ્રવેશ કરશે. ભારતમાં અગ્રણી રૂફટોપ સોલાર ઇપીસી કંપની, સોલારિયમ ગ્રીન એનર્જી લિમિટેડે અમદાવાદ, ગુજરાત ખાતે એક ગીગાવોટ (૧૦૦૦ મેગાવોટ)ની સ્થાપિત ક્ષમતા સાથે તેની સોલાર મોડ્યુલ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી શરૂ કરવાની જાહેરાત કરી છે. આ સુવિધા લગભગ રૂ. ૯૦ કરોડ (કાર્યકારી મૂડી સિવાય)ના અંદાજિત મૂડીખર્ચ સાથે સંપૂર્ણપણે સ્વચાલિત, નવીનતમ પેઢીના ઉત્પાદન મશીનરી સાથે સ્થાપિત કરવામાં આવી છે. આ પ્લાન્ટ ૭૨૫ ડબલ્યુપી સુધીના મોટા-ફોર્મેટ જી-૧૨ સોલાર મોડ્યુલનું ઉત્પાદન કરવા સક્ષમ છે. આ સુવિધાકાર્યરત થતાં કંપનીની સપ્લાય ચેઇન મજબૂત થશે, થર્ડ પાર્ટી સપ્લાયર્સ પર નિર્ભરતા ઓછી થશે.

મધ્યપૂર્વમાં મિસાઇલોની વરસાદ વધુ તેજ થતી જાય છે અને તેમાં ઇઝરાયલે ઇરાનના અણુ મથકો નજીક અને ગેસ ઇન્સ્ટોલેશનને ડાર્ગેટ બનાવ્યા બાદ ઇરાને અખાતી દેશોના તમામ ઓઇલ સ્ટોરેજ પર હુમલો કરવાની ચેતવણી ઉચ્ચારી હતી. ઇરાને અમુક અખાતી દેશ સહિત ઇઝરાયલ પર પણ ભયાનક મિસાઇલ મારો ચલાવ્યો હોવાના અહેવાલ છે. ઇરાને સીઝફાયરની પણ મનાઇ કરી દીધી હોવાથી પરિસ્થિતિ વધુ વણસી છે અને તેની અસર સમગ્ર વિશ્વની ઇકોનોમી પર પડશે. ઇંધણ સાથે હવે અનાજ અને ખાતરની તેમ જ અખાતી દેસોમાં પાણીની પણ અછત સર્જાવાની દહેશત છે.

ભારત માટે પોઝિટીવ ડેવલપમેન્ટમાં હોર્મુઝ સ્ટ્રેઇટથી બે ઓઇલ કન્ટેનર ભારત આવી પહોંચ્યા છે અને એલપીજીના અન્ય બે જહાજ, શિવાલિક અને નંદાગીરી સ્ટ્રેઇટ ઓફ હોર્મુઝમાંથી હેમખેમ પસાર થઇ ગયા હોવાથી સેન્ટિમેન્ટમાં સુધારો હતો. ઇરાને ભારતના જહાજોને હોર્મુઝ સામુદ્રધુનીમાં પસાર થવાની પરવાનગી આપ્યા બદા હવે અમેરિકા અને ઇઝરાયલ સિવાયના તમામ દેશના કન્ટેન્રને પસાર થવાની પરવાનગી જાહેર કરી છે. જોકે, એ પણ નોંધવું રહ્યું કે ભારતના બાવીસેક જહાજ હજુ ત્યાં અટવાયેલા છે અને ઇરાને હવે ભારતીય જહાજોના સરળ પસાર થવા સામે ભારતે ફેબ્રુઆરીમાં કબજે કરેલા તેના ત્રણ જહાજોને મુક્ત કરવાની માગણી કરી છે.

# એચડીએફસી બૅંકના શૅરમાં તોતિંગ કડાકો: ચૅરમૅને રાજીનામાનું કારણ શું આપ્યું?

મુંબઇ: એચડીએફસી બેંકના નોન એક્ઝિક્યુટિવ ચેરમેન અને સ્વતંત્ર ડિરેક્ટર અતનુ ચક્રવર્તીએ અચાનક બુધવારે તાત્કાલિક અસરથી રાજીનામું આપ્યું હોવાથી આ બેન્કના સેરમાં જોરદાર કડાકો અને તોતિંગ ધોવાણ જોવા મળ્યું હતું. એક તબક્કે આ શેરમાં નવ ટકાથી મટો કડાકો અને માર્કેટ કેપમાં અંદાજે રૂ. ૭૫,૦૦૦ કરોડથી વધુનું ધોવાણ નોંધાયું હતું. જોકે, રિઝર્વ બેન્કે કોર્પોરેટ ગવર્નન્સ સંદર્ભે કશું ચિંતાજનક ના હોવાનું જાહેર કર્યાના અહેવાલ પછી પાછળથી અમુક નુકસાની સરભર થઇ હતી.

ઉલ્લેખનીય છે કે, ભારતીય રિઝર્વ બેંકે ૧૯ માર્ચથી ત્રણ મહિના માટે એચડીએફસી બેંકના વચગાળાના પાર્ટ-ટાઇમ ચેરમેન તરીકે કેકી મિસ્ત્રીની નિમણૂકને મંજૂરી આપી હતી. ચક્રવર્તીએ બેંકના ગવર્નન્સ, નોમિનેશન, રેમ્યુનરેશન કમિટીના ચેરમેનને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, પાછલા બે વર્ષમાં મેં બેંકમાં જે કેટલીક ઘટનાઓ અને પ્રથાઓનું અવલોકન કર્યું છે તે મારા વ્યક્તિગત મૂલ્યો અને નીતિ સાથે સુસંગત નથી. આ મારા રાજીનામાના નિર્ણયનો આધાર છે. તેમણે પત્રમાં ઉમેર્યું હતું કે, હું પુષ્ટિ કરું છું કે ઉપર જણાવેલ કારણો સિવાય મારા રાજીનામા માટે અન્ય કોઈ ભૌતિક કારણો નથી.

તેમના રાજીનામા પછી, બેંકે એક એક્સચેન્જ ફાઇલિંગમાં જણાવ્યું હતું કે, અમે પુષ્ટિ કરીએ છીએ કે ચક્રવર્તીના રાજીનામા માટે ઉપરોક્ત પત્રમાં ઉલ્લેખિત કારણો સિવાય અન્ય કોઈ કારણો નથી. વધુમાં, ચક્રવર્તી અન્ય કોઈ કંપનીમાં ડિરેક્ટર પદ સંભાળતા નથી. ડિરેક્ટર બોર્ડ તેમના કાર્યકાળ દરમિયાનના યોગદાન માટે પ્રશંસા કરે છે અને તેમના ભવિષ્યના પ્રયાસોમાં તેમને સફળતાની શુભેચ્છા પાઠવે છે.

# ફેડરલની ટિપ્પણી અને ઊકળતા ક્રૂડને કારણે કોમેક્સ ગોલ્ડે ૪૭૦૦ ડોલરની સપાટી તોડી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: અમેરિકાની ફેડરલ રિઝર્વે ઉકળતા ક્રૂડ ઓઇલની અર્થતંત્ર પર અસર અને ફુગાવો વધવાની ચિંતા વ્યક્ત કરવા સાથે વ્યાજદર યથાવત રાખ્યા બાદ કોમેક્સ ગોલ્ડે લગભગ ૧૦૦ ડોલરના કડાકા સાથે ૪૭૦૦ ડોલરની સપાટી તોડી નાંખી હતી. કોમેક્સ ગોલ્ડમાં બે દિવસમાં લગભગ ૩૦૦ ડોલરનું ધોવાણ થયું છે. સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં રૂ. ૭૦૦૦ જેવો અને ચંદીના ભાવમાં રૂ. ૨૦,૦૦૦નો જોરદાર કડાકો જોવા મળ્યો હતો.

વિવિધ વિરોધાભાસી પરબિળો અને સમાન્ય તર્કથી વિપરીત સોનાચાંદીની ચમક દિવસે દિવસે વધુ ઝાંખી પડતી જાય છે. ગુરુવારના સત્રમાં બંને કિમતી ધાતુના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. ઝવેરી બજારમાં ૯૯૯ ટચના શુદ્ધ સોનાનો ભાવ રૂ. ૧,૫૪,૮૭૯ના પાછલા બંધ સામે રૂ. ૬૯૯૦ના ઘટાડા સાથે રૂ. ૧,૪૭,૮૮૯ની સપાટીએ અને ૯૯૫ ટચના સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ.૧,૫૪,૨૫૯ના પાછલા બંધ સામે રૂ. ૬૯૫૯ પ્રતિ દસ ગ્રામના ઘટાડા સાથે રૂ. ૧,૪૭,૨૯૭ની સપાટીએ બંધ રહ્યા હતા. એ જ રીતે, હાજર ચાંદી એક કિલો રૂ. ૨,૪૯,૯૦૭ના પાછલા બંધ સામે રૂ. ૨૦,૦૦૩૪ના ઘટાડા સાથે રૂ. ૨,૪૯,૯૦૭ની સપાટીએ સ્થિર થઇ હતી.

ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધની સતત વધી રહેલી ભીષણતાને કારણે વિશ્વબજાર હચમચી ગયું છે. એક નવી ઘટના અંતર્ગત બંને શત્રુપક્ષ હવે ઓઇલ સપ્લાયના મથકોને લક્ષ્યાંક બનાવી રહ્યાં હોવાથી આગામી સમયમાં ગેસ અને તેલની અછતના ભણકારા વચ્ચે ક્રૂડ ઓઈલ અને ગેસના ભાવ આસમાને પહોંચી રહ્યા છે.

બીજી તરફ શેરબજાર અને બુલિયન માર્કેટમાં ભયાનક કડાકા બોલાઇ રહ્યા છે. બંને કિંમતી ધાતુઓમાં દરરોજ ઘટાડો જોવા મળી રહ્યો છે. ફેડ તરફથી વ્યાજદરમાં કોઈ પ્રકારનો કાપ ન મૂકવામાં આવતા અને યુદ્ધની અસર ગુરુવારે ભારતીય શેરબજારની સાથે સોનાચાંદીમાં જોરદાર ધોવાણ જોવા મળ્યું હતું. ફોરેક્સ માર્કેટમાં ડોલર મજબૂત થવાને કારણે રૂપિયો પણ રોજ નવું વિક્રમી તળિયું બતાવી રહ્યો છે.

ફેડરલ રિઝર્વ દ્વારા લાંબા સમય સુધી ઊંચા દરોના સંકેત આપ્યા બાદ ઓનલાઇન પ્લોટફોર્મ પર સોના અને ચાંદીના ભાવ નબળા પડ્યા હતા. યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા દરોને ૩.૫ ટકાથી ૩.૭૫ ટકા પર યથાવત રાખ્યા બાદ અને હોકિશ સ્ટાન્સ અપનાવ્યા બાદ નજીકના ગાળામાં દર ઘટાડાની આશાઓ ધૂંધળી થઈ ગઈ હોવાથી વાયદા બજારમાં સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો થયો હતો. આ ઘટાડો વૈશ્વિક સંકેતોના દબાણ અને મજબૂત ડોલરના અંદાજને પ્રતિબિંબિત કરે છે.

જોકે, આંતરરાષ્ટ્રીય બજારોમાં, ભાવમાં સુધારો જોવા મળ્યો હતો, જેમાં તાજેતરના ઘટાડા પછી સ્પોટ ગોલ્ડ અને ચાંદીમાં સુધારો થયો હતો. વિશ્લેષકો ડોલર ઇન્ડેક્સમાં વધઘટ, ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો અને ચાલુ ભૂરાજકીય તણાવને કારણે અસ્થિરતા ચાલુ રહેવાની અપેક્ષા સાથે રોકાણકારોને સાવચેતી રાખવાની અને નવી પોઝિશન લેતા પહેલા સ્થિરતાની રાહ જોવાનું સૂચન કરે છે.

સામાન્ય રીતે, યુદ્ધો દરમિયાન સોનું વધે છે કારણ કે રોકાણકારો સેફ હેવન એસેટ તરફ દોડે છે. જો કે, આ વખતે ડોલર મજબૂત રહ્યો છે, જેના કારણે આયાતકાર દેશો માટે સોનું મોંઘુ બન્યું છે અને માગમાં ઘટાડો થયો છે. પહેલી વાર, ભારતીય ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડ કરતાં ગોલ્ડ ઇટીએફમાં વધુ રોકાણ કરી રહ્યો છે.

મધ્યપૂર્વમાં વધતા ભૂરાજકીય તણાવને કારણે ભારતમાં ઝવેરાતના ભાવ અને ગ્રાહક ખરીદીના વલણોને નકારાત્મક અસર કરી શકે છે. મધ્યપૂર્વ, ખાસ કરીને દુબઈ, બુલિયન વેપાર માટે એક મુખ્ય વૈશ્વિક કેન્દ્ર અને ભારત સહિત એશિયન બજારોમાં સોના માટે તે એક મુખ્ય પ્રવેશદ્વાર છે. આ ક્ષેત્રમાં કોઈપણ ઊથલપાથલ વૈશ્વિક બુલિયન પ્રવાહિતા અને સપ્લાઇ ચેઇનને વિક્ષેપિત કરવા સાથે પ્રાઇસ ડિસ્કવરીને પ્રભાવિત કરી શકે છે.

જોકે ભાવમાં સંભવિત વધઘટ છતાં, ભારતીય ઝવેરાત ઉદ્યોગ અપેક્ષા રાખે છે કે માગ સ્થિર રહેશે, જેને ચાલુ લગ્નની મોસમ અને સંગઠિત છૂટક વેપારની વધતી હાજરી દ્વારા ટેકો મળશે. જ્યારે ભાવ વધે છે ત્યારે ગ્રાહકો વધુને વધુ હળવા સોનાના ઝવેરાત અને હીરા જડિત ડિઝાઇન પસંદ કરી રહ્યા છે. ભારત હીરાના વેપારમાં વૈશ્વિક સ્તરે અગ્રેસર રહ્યું છે, જે વિશ્વના નેવું ટકાથી વધુ હીરાનું જથ્થાની દ્રષ્ટિએ પ્રોસેસિંગ કરે છે. અમેરિકા, યુરોપ, મધ્ય પૂર્વ અને એશિયાના બજારોમાં સુરત અને મુંબઈ પોલિશ્ડ હીરા સપ્લાય કરતા મુખ્ય કેન્દ્રો તરીકે સેવા આપે છે.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૮૯૬.૪૮ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૫,૯૭૩ સોદામાં ૪,૭૧૭ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૫૩,૬૫,૧૪૦ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા.

# ઓએમસી શેર ધોવાયા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: ક્રૂડ ઓઇલના ભાવ પ્રતિ બેરલ ૧૧૪ ડોલર સુધી પહોંચતા ઓઇલ માર્કેટિંગ કંપનીઓના શેરમાં કડાકા જોવા મળ્યા હતા. પશ્ચિમ એશિયામાં વધતા તણાવને કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં ભારે ઉછાળો આવતા ગુરુવારે ઓઇલ માર્કેટિંગ કંપનીઓના શેરમાં તીવ્ર ઘટાડો થયો હતો.

બજાર વિશ્લેષકોના મતે, ક્રૂડ ઓઇલના સતત ઊછળતાં ભાવને કારણે ઓઇલ માર્કેટિંગ કંપનીઓના રિફાઇનિંગ અને માર્કેટિંગ માર્જિન પર દબાણ આવવાની શક્યતાને કારણે ખાસ કરીને સરકારી માલિકીની ઓએમસી કંપનીના શેરોમાં વેચવાલી જોવા મળી હતી. હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના શેર બીએસઈ પર ૭.૦૧ ટકા ઘટીને રૂ. ૩૨૪.૮૦ પર સ્થિર થયા. દિવસ દરમિયાન, તે ૭.૮૭ ટકા ઘટીને રૂ. ૩૨૧.૮૦ ના ૫૨ અઠવાડિયાના નીચલા સ્તરે પહોંચી ગયો હતો.

# ઇફકોને નેનો એનપીકે લિક્વિડ અને નેનો એનપીકે ગ્રેન્યુલર માટે સરકારની મંજૂરી

નવી દિલ્હી: ખાતર બનાવતી મુખ્ય કંપની ઇફકોએ બુધવારે જણાવ્યું હતું કે તેને બે નવા ઉત્પાદનો, નેનો એનપીકે લિક્વિડ અને નેનો એનપીકે ગ્રેનૂયુલરનું ઉત્પાદન અને વેચાણ કરવા માટે સરકારની મંજૂરી મળી છે, જે રાસાયણિક પોષક તત્વોનો ઉપયોગ ઘટાડવામાં મદદ કરશે. ઇફકો દેશની સૌથી મોટી ખાતર કંપનીઓમાંની એક છે. ઇફકોએ પહેલાથી જ બજારમાં નેનો લિક્વિડ યુરિયા અને નેનો લિક્વિડ ડીએવાય (ડાય-એમોનિયમ ફોસ્ફેટ) લોન્ચ કરી દીધી છે. એક નિવેદનમાં, ઇફકોએ જણાવ્યું હતું કે તેણે સ્વદેશી રીતે નેનો એનપીકે લિક્વિડ (૮-૮-૧૦) અને નેનો એનપીકે ગ્રેન્યુલર (૨૦-૧૦-૧૦) વિકસાવી છે.

આ બંને ઉત્પાદનોને હવે ભારતના તાજેતરના ગેઝેટમાં સૂચિત કર્યા મુજબ ખાતર નિયંત્રણ આદેશ હેઠળ યોગ્ય રીતે મંજૂરી આપવામાં આવી છે,સ્ત્રસ્ત્ર નિવેદનમાં કહેવામાં આવ્યું છે. નેનો એનપીકે લિક્વિડ પાંદડાવાળા પોષણ માટે રચાયેલ છે, જ્યારે નેનો એનપીકે સોલિડ (૨૦-૧૦-૧૦) એક નવીન નેનો ફોર્મ્યૂુલેશન છે જે માટીના ઉપયોગ અને મૂળ ખોરાક બંનેને પૂરી પાડે છે.આ બંને ઉત્પાદનો સાથે મળીને પાકની ટોચની જરૂરિયાતો સાથે ચોક્કસ અને લક્ષિત પોષક તત્વો પહોંચાડવા સક્ષમ બનાવે છે. આ સફળતા ભારતીય ખેડૂતોની સેવામાં એક મહત્વપૂર્ણ પગલું છે, જે પોષક તત્વોના ઉપયોગની કાર્યક્ષમતામાં વધારો, જમીનનું સ્વાસ્થ્ય સુધારવું અને પાક ઉત્પાદકતામાં વધારો સુનિશ્ચિત કરે છે,સ્ત્રસ્ત્ર નિવેદનમાં જણાવાયું છે.

આ ઉત્પાદનો પરંપરાગત રાસાયણિક ખાતરોની જરૂરિયાતમાં નોંધપાત્ર ઘટાડો કરશે અને પાકની ઉત્પાદકતા અને ગુણવત્તામાં સુધારો કરવા ઉપરાંત ઇનપુટ ખર્ચમાં ઘટાડો કરશે.

# આઇપ્રુ હાઇબ્રિડ ફંડનું ચોખ્ખું ઇક્વિટી એક્સપોઝર ૭૬ ટકા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: શેરબજાર અત્યારે ભારે વોલેટીલિટીમાંથી પસાર થઇ રહ્યું છે, ત્યારે લાંબા ગાળાના રોકાણ માટે રોકાણકારો ફરી હાઇબ્રિડ ફંડો તરફ નજર માંડી રહ્યા છે. બજારમાં વધઘટ મજબૂત કે નબળા હોઈ શકે છે, પરંતુ લાંબા ગાળે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવાથી નોંધપાત્ર વળતર મળી શકે છે. આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ ઇક્વિટી એન્ડ ડેટ ફંડમાં લમસમ અને એસઆઇપીમાં સારા રિટર્ન નોંધાયા છે. આ એક ઓપન એન્ડેડ આક્રમક હાઇબ્રિડ સ્કીમ છે જે મુખ્યત્વે ઇક્વિટી અને ફિક્સ્ડ ઇન્કમ સિક્યોરિટીઝમાં રોકાણ કરે છે.

૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધીમાં, યોજનાનું ચોખ્ખું ઇક્વિટી એક્સપોઝર લગભગ ૭૬ ટકા હતું. બાકીના રોકાણો ઉચ્ચ-ગુણવત્તાવાળા નિશ્ચિત આવક સાધનોમાં રોકાણ કરવામાં આવ્યા હતા. ઇક્વિટીમાં, પોર્ટફોલિયો મુખ્યત્વે લાર્જ કેપ કંપનીઓને ફાળવવામાં આવે છે, જેમાં લાંબા ગાળાની વૃદ્ધિની સંભાવના વધારવા માટે મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પસંદગીયુક્ત રોકાણો કરવામાં આવે છે. આ ત્રીજી નવેમ્બર, ૧૯૯૯માં શરૂ થયેલું ફંડ સામાન્ય રીતે ઇક્વિટીમાં ૬૫થી ૮૦ ટકા અને ફિક્સ્ડ ઇન્કમ સાધનોમાં ૨૦થી ૩૫ ટકા રોકાણ કરે છે. આ વિભાજન રોકાણકારોને ઇક્વિટી બજારના વિકાસમાં ભાગ લેવાની મંજૂરી આપે છે જ્યારે ડેટ સિક્યોરિટીઝ દ્વારા પૂરી પાડવામાં આવતી સ્થિરતા અને આવકનો પણ લાભ મેળવે છે.

હાઇબ્રિડ માળખું ફંડને તેના વિકાસલક્ષી રોકાણ ઉદ્દેશ્યને જાળવી રાખીને બજારની પરિસ્થિતિઓના આધારે ફાળવણીને ગતિશીલ રીતે ગોઠવવાની મંજૂરી આપે છે. આ ફંડમાં ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધીમાં થયેલું એક લાખ રૂપિયાનું રોકાણ ૧૫.૧૧ ટકાના સીએજીઆર સાથે લગભગ રૂ. ૪૦.૭૦ લાખ થયું છે.

# ગૅસ પુરવઠો ખોરવાઇ જતા ફાર્મા કંપનીના કામકાજ પર અસર

મુંબઇ: રિએક્ટર્સ તથા સ્ટીમ જનરેશન માટે ઉપયોગમાં લેવાતા પ્રોપેન ગેસની ભારે અછતને પરિણામે દેશના ગુજરાત, મહારાષ્ટ્ર સહિત વિવિધ રાજ્યોમાં કેટલાક ફાર્મા ઉત્પાદન એકમોમાં ઉત્પાદનો ખોરવાઈ ગયાના અહેવાલો આવી રહ્યા છે. પેરાસિટામોલ, વિટામીન્સ સહિતની કેટલીક આવશ્યક દવાના ઉત્પાદન પર અસર પડી હોવાનું ઉદ્યોગના સુત્રો જણાવી રહ્યા છે. બોઈલરની કામગીરી પર ગંભીર અસર પડી છે અને આને કારણે આવનારા સમાહોમાં દવાની અછત વર્તાવાની શકયતા નકારાતી નથી. ભારત મોટી સંખ્યાના એક્ટિવ ફાર્માસ્યૂટિકલ ઈન્ગ્રીડીઅન્ટસ (એપીઆઈ) એકમો ધરાવે છે જ્યાં વ્યાપક પ્રકારની દવાઓનું ઉત્પાદન થાય છે. આગામી આઠથી દસ દિવસમાં ૨૦૦ જેટલા ઉત્પાદન એકમો બંધ પડી જવાની સ્થિતિમાં છે જેને કારણે મહત્વની દવાના પૂરવઠા પર અસર પડી શકે છે. એપીઆઈ ઉત્પાદનમાં સંકળાયેલી કામગીરી જેમાં સતત ઊર્જાની આવશ્યકતા રહે છે અને બોઈલર ચલાવવા પડતા હોય છે તેની માટે પ્રોપેન ઈંધણનો મુખ્ય સ્રોત છે અને ફાર્મા ઉદ્યોગ તેના પર વધુ આધાર રાખે છે, એમ સુત્રોએ વધુમાં જણાવ્યું હતું. હાલના યુદ્ધને કારણે એલએનજી આયાત માર્ગ અટકી પડયો છે.

# ક્રૂડ ઓથોરિટી દ્વારા લાઇસન્સિંગ નિયમોમાં ફેરફાર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (એફએસએસએઆઇ) લાઇસન્સિંગને લગતા નિયમોમાં મહત્ત્વના ફેરફાર કર્યા છે. ગ્રોમાએ પાઠવેલી માહિતી અનુસાર એફએસએસએઆઇ વિભાગ દ્વારા લાઇસન્સની પ્રક્રિયામાં કરેલા ફેરફાર મુજબ ફૂડ ઓથોરિટીએ રજીસ્ટ્રેશન, લાઇસન્સ અને સેન્ટ્રલ લાઇસન્સ માટે ટર્નઓવર આધારિત સુધારેલી મર્યાદાઓ અમલમાં મૂકી છે.

આ નવી મર્યાદાઓ તાત્કાલિક અસરથી લાગુ થશે. નવા ફેરફાર અનુસાર રજીસ્ટ્રેશન માટે જૂની ટર્નઓવરની મર્યાદા ૧૨ લાખથી વધારીને ૧.૫ કરોડ સુધીની કરવામાં આવી છે. લાઇસન્સ માટે ૧૨ લાખથી વધુ અને ૨૦ કરોડ સુધીની હતી, તેમાં સુધારો કરી ૧.૫ કરોડથી વધુ અને ૫૦ કરોડ સુધીની કરવામાં આવી છે.

સેન્ટ્રલ લાઇસન્સ માટે ૨૦ કરોડથી વધુની હતી, તેમાં સુધારો કરી ૫૦ કરોડથી વધુની કરવામાં આવી છે. હવે સંબંધિત રજીસ્ટ્રેશન અથવા લાઇસન્સ સમયસર રીન્યુ કરાવવા અને, અથવા રિટર્ન ભરવા ફરજિયાત છે.

અન્યથા લાઇસન્સ આપમેળે કેન્સલ અથવા સસ્પેન્ડ થઇ જશે. જે ૧૮૦ દિવસની મર્યાદિત મુદતમાં લેઇટ ફી સાથે પેનલ્ટી ભરી રીન્યુ કરાવી શકાશે.

વ્યવસાય બંધ થયા બાદ ૩૦ દિવસમાં લાઇસન્સ સરેન્ડર કરવું આવશ્યક છે. (જે અંગે અગાઉ રીન્યુઅલ માટેની ભરેલી ફી રિફંડ મળશે નહિ.) રજીસ્ટ્રેશન માટેની ટર્ન ઓવરની મર્યાદા ચેક કરવા માટે થર્ડપાર્ટી ઓડિટ થઇ શકે છે. જેમાં ટર્ન ઓવરની મર્યાદા વધારે જણાતાં યોગ્ય કાર્યવાહી થઇ શકે છે.

# ક્રૂડ ૧૨૦ ડૉલર સુધી વધશે તો ભારતની તેલ વેપાર ખાધ ૨૨૦ બિલિયન ડૉલર સુધી વધી શકે

મુંબઇ: વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો અને પુરવઠામાં વિક્ષેપથી ભારતના ઉર્જા આયાત બિલમાં વધારો થવાનો ભય છે. પશ્ચિમ એશિયાઈ સંઘર્ષ તેના ત્રીજા અઠવાડિયામાં પ્રવેશ્યો છે, અને આ તણાવ ટૂંક સમયમાં ઓછો થવાના કોઈ સંકેત દેખાતા નથી.ભારત સાઉદી અરેબિયા, ઇરાક, સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) અને કતાર જેવા મુખ્ય ગલ્ફ સપ્લાયર્સ પાસેથી મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઇલ, લિક્વિફાઇડ નેચરલ ગેસ (એલએનજી) અને લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી) ખરીદે છે.

અમેરિકા અને ઇઝરાયલી હુમલાઓના જવાબમાં ઇરાને હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરી દીધું છે, જેના કારણે આ દેશોમાંથી ભારતને એલએનજી અને એલપીજી સપ્લાય ખોરવાઈ ગયો છે. ભારત તેના ૪૦ ટકા ક્રૂડ ઓઇલ, ૯૦ ટકા એલપીજી અને ૫૦ ટકા એલએનજી હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા આયાત કરે છે.

હોર્મુઝ સ્ટ્રેટ ઇરાન અને ઓમાન વચ્ચે આવેલું છે. તેથી, આ ક્ષેત્રમાં તણાવ દેશના તેલ પુરવઠાને નોંધપાત્ર રીતે જોખમમાં મૂકે છે અને આ મહત્વપૂર્ણ ઉર્જા પુરવઠાને વિક્ષેપિત કરી શકે છે. વધુમાં, વધતી ઉર્જા કિંમતો દેશના આયાત બિલમાં વધુ વધારો કરે છે.

આનું કારણ એ છે કે ભારત તેની ક્રૂડ ઓઇલની જરૂરિયાતોના લગભગ ૯૦ ટકા, તેની એલપીજી માંગના ૬૦ ટકા અને તેની લગભગ અડધા એલએનજી જરૂરિયાતો માટે વિદેશી પુરવઠા પર આધાર રાખે છે. એસએન્ડપી ગ્લોબલ એનર્જીએ જણાવ્યું હતું કે, એશિયન બજારમાં દબાણના સંકેતો દેખાઈ રહ્યા છે. ૨૦૨૫માં, એશિયામાં પ્રોસેસ થતા ક્રૂડ ઓઇલનો અડધો ભાગ મધ્ય પૂર્વ ગલ્ફ પ્રદેશમાંથી આવ્યો હતો. પરંતુ આ અસર ફેલાઈ રહી છે. હોર્મુઝ સ્ટ્રેટ જેટલો લાંબો સમય બંધ રહેશે, પુરવઠા, ઇન્વેન્ટરી અને કિંમતો પર એટલી જ ખરાબ અસર થશે. આ અસર ફક્ત એશિયા પૂરતી મર્યાદિત રહેશે નહીં. નિષ્ણાતોના મતે, જો નાણાકીય વર્ષ ૨૦૨૭માં સરેરાશ વૈશ્વિક ક્રૂડ ઓઇલનો ભાવ પ્રતિ બેરલ ૧૧૦થી ૧૧૫ ડોલર સુધી પણ રહેશે, તો ભારતનું ચોખ્ખું તેલ આયાત બિલ વાર્ષિક ૫૬-૬૪ બિલિયન ડોલર વધી શકે છે. હાલ પણ ભાવ ૧૦૦ ડોલરથી ઉપર છે.

અર્થશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે, ક્રૂડ ઓઇલના ભાવમાં દરેક ૧૦ ડોલર પ્રતિ બેરલનો વધારો ચોખ્ખી તેલ આયાતમાં ૧૪ થી ૧૬ બિલિયનનો વધારો કરે છે. જો નાણાકીય વર્ષ ૨૦૨૭માં તેલના ભાવ સરેરાશ ૧૧૦-૧૧૫ ડોલરપ્રતિ બેરલનો વધારો કરે છે, તો ચોખ્ખી તેલ આયાત આશરે ૫૬-૬૪ બિલિયન ડોલરનો વધારો થશે.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાઈડ્રોલિક એન્જિનિયર ડિપાર્ટમેન્ટ)
જાહેર અપીલ

તમામ જોડાણ ધારકો,

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) નાગરિકોને નિયમિત પાણી પુરવઠો પૂરો પાડે છે. તમામ પાણીના જોડાણ ધારકોને ૩૧ માર્ચ ૨૦૨૬ પહેલાં નજીકના સેન્ટ્રલ ફેસિલિટી સેન્ટર (CFC) ખાતે અથવા NEFT, ઓનલાઈન, મોબાઈલ એપ વગેરે દ્વારા અથવા MCGM AQUA વેબસાઈટ (Path- portal.mcgm.gov.in <Citizen> <Login> <Water Department>) દ્વારા બાકી રહેલા પાણીના બિલ્સ ચૂકવવા માટે મજબૂતપણે અપીલ કરવામાં આવે છે.

તમામ પાણીના જોડાણ ધારકોએ નોંધ લેવી જોઈએ કે, જો બાકી રહેલા પાણીના બિલ / બિલ્સ નિર્ધારિત સમયમર્યાદામાં ચૂકવવામાં નહીં આવે તો મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૮૮૮ની કલમ ૨૭૯ (૧) (a) હેઠળ પાણીનું જોડાણ કાપી નાખવામાં આવશે.

જે પાણીના જોડાણ ધારકોને તેમના પાણીના બિલ્સ મળ્યા નથી તેઓએ કૃપા કરીને MCGM AQUA વેબસાઈટ પરથી ડાઉનલોડ કરવું જોઈએ અથવા તેમના વોર્ડના આસીસ્ટન્ટ એન્જિનિયર (વોટર વર્ક્સ) વિભાગમાંથી મેળવી લેવા.

સહી/-
PRO/3344/ADV./2025-26 હાઈડ્રોલિક એન્જિનિયર

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(SWM ડીપાર્ટમેન્ટ, K/સાઉથ વોર્ડ)
નં. AE/SWM/૧૦૭૧/K/S તા. ૧૭/૦૩/૨૦૨૬
હિતની અભિવ્યક્તિ

વિષય: K/સાઉથ વોર્ડમાં ‘‘મોટર લોડર યોજના’’નું કામ

K/સાઉથ વોર્ડનો ઘન કચરા વ્યવસ્થાપન વિભાગ, નોંધાયેલા સેલ્ફ-હેલ્પ ગ્રુપ્સ તેમજ રસ ધરાવતા સ્થાનિક રજીસ્ટર્ડ કો-ઓપરેટીવ્ઝ, સર્વિસ કો-ઓપરેટીવ્ઝ સંસ્થા, બેરોજગાર સર્વિસ કો-ઓપરેટીવ્ઝ સંસ્થા, ઈન્ડસ્ટ્રીયલ પ્રોડ્યુસર્સ કો-ઓપરેટીવ્ઝ સંસ્થા બચત ગટ વગેરે જેઓ કે/સાઉથ વોર્ડની હકૂમતમાં ૧૭/૦૩/૨૦૨૪ના પહેલાં નોંધાયેલા હોવા જોઈશે તેઓ પાસેથી ‘‘મોટર લોડર યોજના’’ દ્વારા રોડ સાફસફાઈ કામ માટે હિતની અભિવ્યક્તિ (EOI) મંગાવે છે. સંસ્થાઓ દ્વારા મજૂરો જોગવાઈ કરવાના હુકમમાં/અરજીઓ લોટરી દ્વારા કામ ફાળવવા માટે લાયકાતની યાદી બનાવવા અરજીઓ મંગાવાઈ રહેલ છે.

| અ.નં. | સ્કીમનું નામ | સદર કામ માટે પસંદ કરવામાં આવનાર સંસ્થાની સંખ્યા |
|---|---|---|
| ૧ | મોટર લોડર યોજના | ૩૧ |

રસ ધરાવતા અરજીકર્તાએ ૧૮/૦૩/૨૦૨૬થી ૨૭/૦૩/૨૦૨૬ દરમ્યાન સ. ૧૦.૩૦ થી સાંજે ૦૫.૩૦ ક. સુધી કોઈપણ CFC કેન્દ્રો ખાતે રોકડામાં રૂા. ૩૬૩૦/- + ૧૮% GSTની ચૂકવણી કર્યા પછી આસીસ્ટન્ટ એન્જીનિયર (SWM) K/સાઉથ વોર્ડની ઓફિસમાંથી અરજીપત્ર મેળવી લેવું. લાયકાતની યાદીમાંથી લાયક સંસ્થાને નિયમો અને શરતો મુજબ આસીસ્ટન્ટ કમિશનર દ્વારા કામ ફાળવવામાં આવશે.

રસ ધરાવતી સંસ્થા વધુ વિગતો, અરજીપત્ર અને સોગંદનામાના નમૂના માટે K/સાઉથ વોર્ડ ઓફિસનો સંપર્ક કરે અથવા મ્યુનિસિપલ કોરપોરેશનનું વેબપેજ http://portal.mcgm.gov.in ઉપર મુલાકાત લે. સંસ્થાએ ૨૮/૦૩/૨૦૨૬ના બ. ૧.૩૦ ક. સુધીમાં એટલે કે પાકતી તારીખના પહેલાં આસી. એન્જી. (SWM) K/સાઉથ વોર્ડ ઓફિસમાં અરજીઓ સુપ્રત કરવી જોઈશે. દર્શાવેલ પાકતી તારીખ અને સમય પછી અરજીઓ મળશે તો વિચારણા કરાશે નહિ.

સહી/-
PRO/3337/ADV./2025-26 આસી. એન્જીનિયર (SWM) K/સાઉથ

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

# મુંબઈ, થાણે અને ડોમ્બિવલીમાં શોભાયાત્રાઓ સાથે ગૂડીપડવાની ભવ્ય ઉજવણી



**નવા વર્ષની શુભેચ્છાઃ** મુંબઈના ગિરગાંવ ખાતે ગૂડીપડવાની શોભાયાત્રામાં ભાગ લઈને હજારો લોકો હિન્દુ નવા વર્ષની ઉજવણી માટે એકઠા થયા. (અમય ખરાડે)

મુંબઈઃ હિન્દુ નવવર્ષ ગુડીપડવાની મુંબઈ, થાણે અને ડોમ્બિવલીમાં ભવ્ય ઉજવણી થઇ જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. ઢોલ, ફ્લોટ્સ અને પરંપરાગત પોશાક સાથે ઉત્સાહપૂર્ણ શોભાયાત્રાઓ નીકળી હતી અને મહિલાઓએ રેલીઓનું નેતૃત્વ કર્યું હતું. એકનાથ શિંદે અને બીજા નેતાઓએ મરાઠી નવા વર્ષનું કદ અને સાંસ્કૃતિક ગૌરવ ઉજાગર કરતા કાર્યક્રમોમાં હાજરી આપી હતી. ગૂડીપડવાની ઉજવણી નિમિત્તે ભવ્ય શોભાયાત્રાઓ નીકળી ત્યારે મહારાષ્ટ્ર રંગ, લય અને સાંસ્કૃતિક ગૌરવ સાથે જીવંત બન્યું હતું.

ગિરગામમાં, રસ્તા વચ્ચે એક મોટી રંગોળી કાઢવામાં આવી હતી. ઢોલના તાલ સમગ્ર વિસ્તારમાં ગૂંજી ઊઠતા

(જુઓ પાનું ૪) ▸▸

## એકનાથ શિંદે, અમૃતા રાવની થાણેમાં ઉજવણી

થાણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને બોલિવૂડ અભિનેત્રી અમૃતા રાવ ગુરુવારે થાણેમાં ગુડી પડવાની ઉજવણીમાં જોડાયાં હતાં. આ નિમિત્તે લોકોએ શહેરને રંગબેરંગી 'ગૂડી' અને પરંપરાગત રંગોળીઓથી સજાવ્યું હતું. શ્રી કૌપિનેશ્વર સાંસ્કૃતિક ન્યાસ (સ્થાનિક મંદિર ટ્રસ્ટ) દ્વારા આયોજિત એક ભવ્ય શોભાયાત્રામાં ૫૦ થી વધુ રંગબેરંગી ફ્લોટ્સ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા, અને આ વર્ષે પ્રથમ વખત તેમાં ટ્રાન્સજેન્ડર સમુદાયના સભ્યોએ પણ

(જુઓ પાનું ૪) ▸▸

## ફડણવીસે ગૂડીપડવાની શુભેચ્છા પાઠવી

નાગપુરઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે ગૂડી પડવા અને હિન્દુ નવા વર્ષના અવસર પર લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી, અને રાજ્યને આગળ ધપાવવા તથા દરેક વ્યક્તિના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાની પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

મુખ્ય પ્રધાને તેમના વતન નાગપુરમાં આ પ્રસંગે આયોજિત 'શોભાયાત્રા'માં પણ ભાગ લીધો હતો.

હિન્દુ નવા વર્ષ માટેના તેમના સંકલ્પ વિશે પૂછવામાં આવતા,

(જુઓ પાનું ૪) ▸▸

# કોંકણમાંથી આખરે દાઉદનું નામ ભૂંસાયું

## ચારેય જમીનનું લિલામ થઇ ગયું

મુંબઈઃ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહિમની વારસાગત જમીનોનું આખરે વેચાણ સફળ રહ્યું હતું અને આ જમીનોને ખરીદદાર મળી ગયો છે. કેન્દ્ર સરકાર દ્વારા પાંચમી માર્ચ, ૨૦૨૬ના રોજ યોજાયેલી લિલામીમાં મુંબઈની વ્યક્તિએ સૌથી વધુ બોલી લગાવી હતી અને તેણે ચારેય ખેતીલાયક જમીનનો અધિકાર મેળવ્યો હતો.

આ લિલામી 'સ્મગલર્સ એન્ડ ફોરેન એક્સચેન્જ મેનિપ્યુલેટર્સ (મિલકત જપ્તી) એક્ટ' હેઠળ પાર પડી હતી. આ કાયદા હેઠળ જપ્ત કરવામાં આવેલી મિલકતો વેચવાની પ્રક્રિયા ઘણાં વર્ષથી પેન્ડિંગ હતી. આખરે આ પ્રક્રિયાને વેગ મળ્યો છે. આ ચારેય જમીન રત્નાગિરિ જિલ્લાના ખેડ તાલુકામાંના મુંબાકે ગામમાં છે, જે દાઉદ ઇબ્રાહિમના પિતાનું ગામ માનવામાં આવે છે. અધિકારીના જણાવ્યા અનુસાર આમાંની અમુક અગાઉ તેની માતા અમીનાબીના નામે નોંધાયેલી હતી.

લિલામીના સૌથી વધુ બોલી લગાવનારી વ્યક્તિ મુંબઈની હોવાનું કહેવામાં આવે છે. જોકે તેની ઓળખ હજી જાહેર કરવામાં આવી નથી. નિયમો અનુસાર બોલી વગાવરનાર સંબંધિત વ્યક્તિએ એપ્રિલ, ૨૦૨૬ની શરૂઆતમાં પૂરી રકમ જમા કરાવવી જરૂરી છે. બાદમાં સંબંધિત સત્તાવાળાઓની અંતિમ મંજૂરી મળ્યા પછી મિલકતોનું ટ્રાન્સફર પૂર્ણ કરવામાં આવશે.ચારેય જમીન પૈકી સર્વે નંબર-૪૪૨ (ભાગ ૧૩-બી)ની જમીન સૌથી વધુ ચર્ચામાં રહી હતી. તેની અનામત કિંમત આશરે ૯.૪૧ લાખ રૂપિયા હતી. જોકે લિલામીમાં આ જમીનને ૧૦ લાખ રૂપિયાથી વધુની બોલી મળી હતી. આ પ્લોટ માટે બોલી લગાવનાર બે જણમાં એક મુંબઈનો અને બીજો રત્નાગિરિનો હતો. ■



**અંતિમ તબક્કોઃ** મહારાષ્ટ્ર રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (મહારેલ)એ જાહેરાત કરી છે કે અત્યાધુનિક ભાયખલા કેબલ-સ્ટેઇડ રોડ ઓવરબ્રિજઆરઓબી બાંધકામના અંતિમ તબક્કામાં પ્રવેશી રહ્યો છે અને ચોમાસાની શરૂઆત પહેલાં જાહેર જનતા માટે ખુલ્લો મૂકવામાં આવશે. આ નવું માળખું ભાયખલાના પૂર્વ અને પશ્ચિમ બાજુઓ વચ્ચે એક મહત્ત્વપૂર્ણ, હવામાન-સ્થિતિસ્થાપક જોડાણ પૂરું પાડશે, જે વરસાદની ઋતુ દરમિયાન મુંબઈગરાઓ માટે સરળ મુસાફરી સુનિશ્ચિત કરશે. સદી જૂના ભાયખલા આરઓબીની બાજુમાં બાંધવામાં આવી રહેલો રૂ. ૨૮૭ કરોડનો પ્રોજેક્ટ, હાલના બે-લેન કોરિડોરને ચાર-લેન પુલમાં અપગ્રેડ કરે છે, જે ૯૧૬ મીટર સુધી ફેલાયેલો છે અને ૫૦-મીટર ઊંચો થાંભલો છે. એકવાર કાર્યરત થયા પછી જૂના પુલને વ્યાપક મજબૂત બનાવવામાં આવશે, જ્યારે પૂર્વીય એક્સપ્રેસ હાઇવે પર ટ્રાફિક પ્રવાહ અવિરત ચાલુ રહેશે. (અમય ખરાડે)

# મહારાષ્ટ્રમાં ભરઉનાળામાં કમોસમી વરસાદનો કેરઃ ખેડૂતોને ભારે નુકસાન

## હજી બે દિવસ વાવાઝોડા સાથે તોફાની વરસાદની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં માર્ચના પહેલા પખવાડિયામાં ઉનાળાની આકરી ગરમી બાદ હવે કમોસમી વરસાદ પડી રહ્યો છે. આ અઠવાડિયાની શરૂઆત સાથે જ રાજ્યમાં વાતાવરણમાં પલટો આવ્યો હતો. મંગળવાર અને બુધવાર બાદ ગુરુવારે સતત ત્રીજા દિવસે મધ્ય મહારાષ્ટ્ર સહિત વિદર્ભના અનેક જિલ્લામાં વીજળીના ગડગડાટ સાથે કમોસમી વરસાદ પડયો હતો, તેને પગલે ખેડૂતોને ભારે નુકસાન થયું હતું. હવામાન ખાતાએ હજી બે દિવસ રાજ્યમાં કમોસમી વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.માર્ચ મહિનાની શરૂઆતમાં કાળઝાળ ગરમી પડતા

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર સતત બીજા દિવસે અકસ્માત

## આઈઆઈટીના ત્રણ વિદ્યાર્થીનાં મોત ▸ ખંડાલામાં સૂર્યોદય નિહાળીને પાછા ફરનારા વિદ્યાર્થીઓની કાર ટ્રક સાથે ઘસાઈને ઊંધી વળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર સતત બીજા દિવસે ગમખ્વાર અકસ્માત થયો હતો. ખંડાલામાં સૂર્યોદય નિહાળીને પાછા ફરી રહેલા આઈઆઈટી બૉમ્બેના ત્રણ વિદ્યાર્થીને કાળ ભરખી ગયો હતો. ઓવરટેકના પ્રયાસમાં ટ્રક સાથે ઘસાયા બાદ વિદ્યાર્થીઓની કાર ત્રણથી ચાર વાર પલટી ખાઈને ઊંધી વળી ગઈ હોવાનું પોલીસનું માનવું છે.

પનવેલ તાલુકા પોલીસના જણાવ્યા મુજબ અકસ્માતમાં મૃત્યુ પામેલા વિદ્યાર્થીઓની ઓળખ નાશિકના ઓમકુમાર

(જુઓ પાનું ૪) ▸▸

# ૧૯ સાઈનાઈડ બૉમ્બથી બીકેસીની પાસપોર્ટ ઑફિસ ઉડાવી દેવાની ધમકી

મુંબઈઃ બીકેસીની પાસપોર્ટ ઑફિસ અને સ્વચ્છતાગૃહોને ૧૯ સાઈનાઈડ બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી ઈ-મેઈલ મારફત આપવામાં આવતાં તંત્ર સાબદું થઈ ગયું હતું. પાસપોર્ટ ઑફિસ અને આસપાસના પરિસરમાં સઘન તપાસ બાદ કોઈ શંકાસ્પદ વસ્તુ હાથ ન લાગતાં અધિકારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.મળતી માહિતી મુજબ બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) ખાતેની પાસપોર્ટ ઑફિસને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં ગભરાટ ફેલાયો હતો. ધમકીભર્યા મેઈલ બુધવારની સવારે ત્રણ ઈ-મેઈલ આઈડી પર આવ્યા હતા.

પાસપોર્ટ ઑફિસ અને સ્વચ્છતાગૃહોમાં ૧૯ સાઈનાઈડ બૉમ્બ પ્લાન્ટ કરવામાં આવ્યા હોઈ બપોરે દોઢ વાગ્યે બ્લાસ્ટ થશે, એવી ધમકી મેઈલમાં આપવામાં આવી હતી. મેઈલ મળતાં જ

(જુઓ પાનું ૪) ▸▸

લેહ લદાખ | હિમાચલ
જીભી-કસોલ
સ્પીતી વેલી | ઉતરાખંડ
કેરાલા | ચારધામ
શ્રી સમ્મેત શિખરજી
કોંકણ-તારકરલી | ગોવા
કાશ્મીર | કોસ્ટલ કર્ણાટક
HAZEL
Treks N Tours
Khar (W), Since 2003
PANKAJ CHHEDA
9869559938
@hazeltreksntours

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# ગેટવે ઑફ ઈન્ડિયા ખાતે આધુનિક જેટીની યોજના

મુંબઈ : મહારાષ્ટ્ર સરકાર ગેટવે ઓફ ઈન્ડિયા ખાતે પ્રવાસીઓની ભારે ભીડને ધ્યાનમાં રાખીને એક આધુનિક જેટી વિકસાવવાની યોજના બનાવી રહી છે, એમ બંદર વિકાસ પ્રધાન નિતેશ રાણેએ જણાવ્યું હતું .

રાણેએ બુધવારે વિધાનસભામાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર સમક્ષ દક્ષિણ મુંબઈના પ્રતિષ્ઠિત વોટરફ્રન્ટ પર જેટી નંબર ૫ સંબંધિત પરવાનગીઓ, ટૅરિફ માળખા અને સલામતી સંબંધિત મુદ્દાઓ લાવવામાં આવ્યા છે. તેઓ સભ્ય અશોક પાટીલ દ્વારા ઉઠાવવામાં આવેલી નોટિસનો જવાબ આપી રહ્યા હતા. ધારાસભ્યો વરુણ

(જુઓ પાનું ૪) ▸▸

# ગોરેગામ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટમાં ટ્વિન ટનલ માટે ટીબીએમ મશીન જમીન નીચે ઉતારવાની પ્રક્રિયા શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગોરેગામ-મુલુંડ લિંક રોડ (જીએમએલઆર)) પ્રોજેક્ટ હેઠળ ટ્વિન ટનલ બાંધવામાં આવવાની હોઈ તેના કામમાં ઝડપ લાવવામાં આવી છે, જે અંતર્ગત લોન્ચિંગ શાફ્ટ પર ટનલ બોરિંગ મશીન (ટીબીએમ) ભાગોને જોડવાનું કામ ચાલી રહ્યું છે. જોકે કામ ટેક્નિકલી અત્યંત જટિલ હોવાથી ટીબીએમના છૂટા ભાગોને જોડવાનો સમયગાળો નક્કી કરીને બેક-અપ સિસ્ટમ અને પૂરતી માનવશક્તિ સાથે આયોજન કરવાનો નિર્દેશ અધિકારીઓને આપવામાં આવ્યો છે.

બુધવારે સાંજે પાલિકાના બ્રિજ વિભાગના અધિકારીઓ સાથે પાલિકાના એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે ઈન્સ્પેકશન કર્યું હતું અને સાઈટ પર એન્જિનિયરોને અમુક સૂચનો કર્યા હતા. ટીબીએમને જમીનમાં નીચે ઉતારવામાં આવવાનું છે, તે માટે બનાવવામાં આવેલો લોન્ચ શાફ્ટ આશરે ૨૦૦ મીટર લંબાઈ, ૫૦ મીટર પહોળાઈ અને ૩૦ મીટર ઊંડાઈ ધરાવે છે. ટીબીએમને શાફ્ટમાં નીચે ઉતારવા માટે જરૂરી તમામ ખોદકામ હવે પૂર્ણ થઈ ગયું છે. વધુમાં બેઝ પર મજબૂત કૉંક્રીટ કેડલ પણ બનાવવામાં આવ્યું છે, જે ટીબીએમને સુરક્ષિત રીતે સ્થિર કરવા અને ટનલની

(જુઓ પાનું ૪) ▸▸

# અશોક ખરાત વિરુદ્ધના ત્રણેય ગુનાની સંયુક્ત તપાસ એસઆઈટીને સોંપાઈ

મુંબઈઃ સ્વઘોષિત ન્યૂમરોલૉજિસ્ટ અને રાજકીય વર્તુળમાં સક્રિય એવા કૅપ્ટન અશોક ખરાત વિરુદ્ધના ત્રણેય કેસની સંયુક્ત તપાસ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ને સોંપવામાં આવી છે. દુષ્કર્મ અને જાતીય શોષણ સહિત પાંચ કરોડ રૂપિયાની ખંડણી માગવાના કેસમાં સપડાયેલા ખરાત પાસેથી જપ્ત કરાયેલી પેન ડ્રાઈવમાંથી વાંધાજનક ૫૮ વીડિયો મળી આવ્યા હતા, જેને પગલે મહિલા આઈપીએસ અધિકારી તેજસ્વિની સાતપુતે આ આખા મામલાની તપાસ કરશે.

રાજ્યના ગૃહ વિભાગે લીધેલા નિર્ણય અનુસાર અશોક ખરાત વિરુદ્ધ નોંધવામાં આવેલા ત્રણેય કેસની તપાસ એસઆઈટી કરશે. મહારાષ્ટ્ર પોલીસ મુખ્યાલયે આ પ્રકરણની ગંભીર નોંધ લઈ ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા હતા.

ખરાત વિરુદ્ધ નાશિક શહેરના સરકારવાડા પોલીસ સ્ટેશનમાં ૩૫ વર્ષની મહિલાનું જાતીય શોષણ અને દુષ્કર્મનો ગુનો નોંધવામાં આવ્યો હતો. એ સિવાય નાશિક ગ્રામીણના વાવી પોલીસ સ્ટેશનમાં ખરાત વિરુદ્ધ અશ્લીલ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી પાંચ કરોડ રૂપિયાની ખંડણી માગવાનો ગુનો તો અહિલ્યાનગરના શિર્ડી પોલીસ સ્ટેશનમાં એક પીડિતાના અશ્લીલ ફોટો વાયરલ કરવા પ્રકરણે ગુનો નોંધાયો હતો. આ ત્રણેય ગુનામાં ગંભીર

(જુઓ પાનું ૪) ▸▸

# ગ્રાહક કેસોમાં મહારાષ્ટ્ર ટોચ પર, નિકાલમાં પાછળઃ રિપોર્ટ

મુંબઈ : ૨૦૨૦ થી ૨૦૨૪ દરમિયાન દેશમાં સૌથી વધુ ગ્રાહક કેસ મહારાષ્ટ્રમાં દાખલ થયા હતા, પરંતુ તેનો નિકાલ દર મોટા અને મધ્યમ કદના રાજ્યોમાં સૌથી ઓછો હતો, એમ ગ્રાહક અદાલતો પરના એક અહેવાલમાં જણાવાયું છે.

પાંચ વર્ષમાં, રાજ્ય કમિશનમાં ૯૧,૪૪૯ કેસ દાખલ કરવામાં આવ્યા હતા, જેમાં ચાર સર્કિટ, બે પ્રાદેશિક બેન્ચ અને ૪૦ જિલ્લા કમિશનનો સમાવેશ થાય છે. ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટ દ્વારા તૈયાર કરાયેલા કન્ઝ્યુમર જસ્ટિસ રિપોર્ટ અનુસાર, આમાંથી

(જુઓ પાનું ૪) ▸▸

# બુલેટ ટ્રેન સ્ટેશનો પર 'સ્ટેશન પ્લાઝા' બનાવવામાં આવશે

મુંબઈઃ અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનનું નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ સ્ટેશનો જેવા પૂર્ણ થાય કે તરત જ લોકો અન્ય શહેરી પરિવહન વિકલ્પો સુધી સરળતાથી પહોંચી શકે તે સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. બુલેટ ટ્રેન સ્ટેશનોથી કનેક્ટિવિટી વધારવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. આ તમામ સ્ટેશનોને એવી રીતે ડિઝાઇન કરવામાં આવી રહ્યા છે કે જેથી તેઓ શહેરના વર્તમાન પરિવહન નેટવર્ક સાથે સરળતાથી જોડાઈ શકે. આ પહેલ હેઠળ, બુલેટ ટ્રેન સ્ટેશનો પર ''સ્ટેશન પ્લાઝા'' બનાવવામાં આવશે. ૫૦૮ કિલોમીટર લાંબા મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોરનું

(જુઓ પાનું ૪) ▸▸

# પશ્ચિમ રેલવેમાં ગૂડીપડવાથી ૧૫ ડબ્બાની લોકલ ટ્રેન વધી


મુંબઈ : મુંબઈના ઉપનગરીય મુસાફરોને આખરે તેમની દૈનિક મુસાફરીમાં થોડી રાહત મળી શકે છે. પશ્ચિમ રેલવેએ ૧૯ માર્ચ, ૨૦૨૬ થી, ઘણી ૧૨ ડબ્બાની લોકલ ટ્રેન સેવાઓને ૧૫ ડબ્બામાં અપગ્રેડ કરવાની જાહેરાત કરી છે. આ પહેલ શહેરની લોકલ

(જુઓ પાનું ૪) ▸▸

# આરએસએસે સોશ્યલ મીડિયા પર સક્રિય થવાની જરૂરઃ ભાગવત

નાગપુર : સોશ્યલ મીડિયાનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે સારા કાર્યો માટે આવા પ્લેટફોર્મ પર ''સક્રિયતા'' વધારવાની જરૂર છે, તેમ આરએસએસના પ્રમુખ મોહન ભાગવતે જણાવ્યું હતું 'જ્યારે સોશિયલ મીડિયાનો લોકો દ્વારા વ્યાપકપણે

(જુઓ પાનું ૪) ▸▸

CHINA
where history meets future

BEIJING - SHANGHAI - ZHANGJIAJIE - CHONGQING - CHENGDU
14 DAYS
DEP DATES | 24th APR | 08th MAY | 22nd MAY | 05th JUN | 19th JUN
Package Inclusions
» Helicopter Ride, The Great Wall, Avatar Mountains, Kuixing Tower Square, Glass Bridge, Face-Changing Show, Maglev Train, Charming Xiangxi Show, Shanghai Tower, Heaven's Gate, Acrobatic Show, Panda Breeding Centre, અને Hongyadong Cave Complex નો અદભુત અનુભવ.
» વર્લ્ડ ક્લાસ એરલાઈન દ્વારા પ્રવાસ.
» આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
» ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મનેજર ની સેવા.
» વીઝા અને એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
9920490227 07506679945, 09324064281 (022) 26103073, 74

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**